णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स
आयओ गुरुबहुमाणो

# The સર્જરી of the પેરન્ટીંગ

ફક્ત તે યંગસ્ટર્સ માટે
જેઓ તેમના સંતાનને ગુમાવવા નથી માંગતા


= પ્રવચનમ્ =

પ્રિયમ્

= અવતરણમ્ =

રિતેશ સરવૈયા



अहो ! श्रुतम्

શા બાબુલાલ સરેમલજી બેડાવાળા
સિદ્ધાચલ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫
મોબાઈલ – 94265 85904 / E-mail : ahoshrut.bs@gmail.com

સંવત ૨૦૭૫

પૂજ્ય ગુરૂ ભગવંત દ્વારા પાંચ રવિવારીય વ્યાખ્યાન

# The Surgery Of The Parenting

## I N D E X


| No. | Chapter | Page No. |
|---|---|---|
| 1. | Tongue Operation | 1 |
| 2. | Ear Operation | 22 |
| 3. | Eye Operation | 42 |
| 4. | Brain Operation | 63 |
| 5. | Heart Operation | 89 |

## સાચા મા-બાપ કઈ રીતે બનવું ?

# THE SURGERY OF PARENTING

DATE

## TONGUE OPERATION

પરમપુજ્ય મુનિરાજ શ્રી જીનપ્રેમ વિજયજી મહારાજ સાહેબ

છગનની પત્નીએ છગનને પુછ્યું કે EYE SPECIALIST હોય છે, EAR SPECIALIST હોય છે, HEART SPECIALIST હોય છે, NOSE SPECIALIST હોય છે, BONE SPECIALIST હોય છે, તો TONGUE (ટંગ-જીભ) SPECIALIST કેમ નથી હોતા ?, ડોક્ટર આટલા બધા હોય છે, જુદા જુદા અવયવોના હોય છે તો જીભના ડોક્ટર કેમ નથી હોતા ?, અને છગને શાંતિથી જવાબ આપ્યો કે જીભ છે ને એ સબળી થાય એવી છે જ નહિ, જે TONGUE SPECIALIST થવા જાય તો એ જયજરા નથી. માટે જ કોઈ TONGUE SPECIALIST હોતા નથી. ઈરાનમાં એક બહુ મોટા તત્વજ્ઞ થઈ ગયા જેમનું નામ હતું લુકમાન અને આ લુકમાનને કોઈએ પુછ્યું કે શરીરનું શ્રેષ્ઠ અંગ કયું ?, અને લુકમાને જવાબ આપ્યો કે જીભ, બીજો સવાલ પુછ્યો શરીરનું ખરાબમાં ખરાબ અંગ કયું, અને લુકમાને જવાબ આપ્યો જીભ, પેલાને આશ્ચર્ય થયું એણે પુછ્યું કે કઈ રીતે ?, તેણે જવાબ આપ્યો કે મડદાને જીભ ઉભા કરી શકે છે અને જીવતાને ઊભે ઊભા ચીરી શકે છે જીભ. દુનિયાના મોટા ભાગના લોકોને જીભની અંદર કંઈને કંઈ ખોડ ખાપણ હોય છે. દુનિયાના મોટા ભાગના લોકોને જીભની SURGERY ની જરૂર હોય છે, જે જરૂર આખી જીંદગી પુરી થતી નથી, એ ખામી એમને નડતી રહે છે, એમના સંતાનોને નડતી રહે છે. આપણે સંસારમાં જો સાચા માતાપિતા થવું હોય તો તમારી જીભ કેવી હોવી જોઈએ, એનામાં કેવી SURGERY ની જરૂર છે, એની વાત આજે તમને કરવી છે. જીભમાં આપણે કોઈ કાપકૂપ કરવી નથી જીભને માત્ર ચાર INJECTION આપીને SURGERY નો પ્રયાસ કરવો છે. પહેલું INJECTION છે SUGAR INJECTION.

ગામ છે ગામમાં એક ઝાડ છે, ઝાડની ડાળ છે તેના પર કાગડો અને કોયલ બંને બેઠા છે, કાગડો પોતાનું હૈયું ઠાલવે છે અને કોયલને વાત કરે છે કે આ ગામ સારું નથી, કોઈને મારી કદર નથી,

અહીંયાના લોકો કદરદાન નથી માટે હું આ ગામ છોડીને જાઉં છું ક્યાંય પણ ગામમાં ગયો હોઉં, હજુ તો કોઈને ઘરે જાય ત્યાં તો બધા મને ભ્રમ કરે, હું કંટાળી ગયો છું, મારે આ ગામમાં રહેવું જ નથી, કોયલે કહ્યું તમારી ઈચ્છા છે તો તમે જઈ શકો છો, વાંધો નથી પણ તમે એટલું કામ કરજો તમારો કંઠ છે ને અહીંયા જ મુકીને જજો. આ કંઠ જો લઈ ગયા તો જે પણ ગામ માં જશો ત્યાં આવી જ દશા થશે. કોયલ કોઈનું કાંઈ લેતી પણ નથી અને દેતી પણ નથી, કાગડો કોઈનું કાંઈ ચોરી પણ નથી લેતો, કાગડો પણ લોકો માટે નકામો હોય છે અને કોયલ પણ લોકો માટે નકામી હોય છે, એનો એક જ ગુણ છે કે તે મીઠું બોલે છે, વાત સમજાઈ (?), અને મીઠું બોલવાને કારણે કોયલ બધાનો પ્રેમ જીતી લે છે અને કર્કશ બોલવાને કારણે કાગડો બધાના હૃદય માંથી સ્થાન ગુમાવી દે છે. તમારા સંતાન માટે તમે ઘસાઈ મરો, તમે નીચોવાઈ જાવ, તમે તમારી જીંદગી ઘસી નાખો, અને છતાં પણ જો તમારી જીભ મીઠી નથી, તો તમારા સંતાનો નો તમારી માટે અભિપ્રાય હશે કે મારા મમ્મી પપ્પા બહુ ખરાબ છે. તમે ઘરે કામ કરી રહ્યા છો ને છોકરો સ્કુલે થી આવે છે, બહુ નાની નાની વસ્તુ હોય છે, તમે તેમની માટે જેટલું કરો તેની COMPARE માં બહુ જ નાની, જે કશું જ નથી એવી વસ્તુ, એ સ્કુલે થી આવ્યો છે 6-8 કલાક ત્યાં ભણીને બોર થઈને, સારા નરસા પ્રસંગ લઈને એ આવ્યો છે, તમે જોયું કે એ આવ્યો છે અને તમે તમારું કામ કરતા રહ્યા, અને છોકરો સમજ્યુ ગયો કે પપ્પા ને કોઈ INTEREST નથી, મમ્મી ને કોઈ INTEREST નથી, છોકરાને જે સુઝયું એ કામે લાગી ગયો, આ તમે હકીકત માં શું કરતા હોય છો (?), તમે એને NEGLECT કરી શકો છો, એની સામે પ્રેમથી જોઈ ને કહી શકો છો, બેટા, આવી ગયો, તમે જ્યારે NEGLECT કરો છો ત્યારે મા-બાપ પણા થી અભણ્યા પણા ની યાત્રા કરતા હો છો. તમે જ્યારે તેમને પ્રેમથી આવકારો છો

ત્યારે તમે મા-બાપ પણા થી સારા-માબાપ પણાની યાત્રા કરતા હો છો. SUGAR INJECTION તમારી જીભમાં મીઠાશ લાવે છે. તમે દીકરાની ટ્યુશન ફી કેટલી ભરી ક્લાસ ફી કેટલી ભરી, તમે દીકરાના શોખની કેટલી કેટલી વસ્તુ લઈ આવ્યા તેનું લીસ્ટ તમારી પાસે છે, તમે એને મીઠા શબ્દો કીધા, ક્યારે કહેવાનું ચૂકી ગયા, આવું કોઈ લીસ્ટ તમારી પાસે છે ?, તમે એને ગધેડો કહો ત્યારે ભૂલી જાવ છો કે તમે AUTOMATIC ગધેડાના બાપ બનતા હો છો. તમારો દીકરો છે તમે તેને ડફોળ કહી શકો, અક્કલનો ઓથમીર કહી શકો, તમે તેને ખરાબ શબ્દો કહી શકો ત્યારે તમે હકીકતમાં શું કરો છો ?, નંબર 1 - તમે તેને આવા હલકા શબ્દો બોલતા શીખવાડો છો. નંબર 2 - તમે સાબિત કરવા માંગો છો કે તમે એને ધીક્કારો છો નંબર 3 - તમે તેનું પ્રોગ્રામીંગ કરો છો કે એ ડફોળ જ છે, એને ધીરે-ધીરે મનમાં વાત બેસી જાય કે હું ડફોળ જ છું, હું કાંઈ કરી શકું - શીખી શકું તેવો હું જ નહી. નંબર 4 - તમે એને તમારી સામે થવા માટે ઉશ્કેરો છો.

દીકરા માટે સ્કુલ એટલી સ્કુલ નથી જેટલું ઘર એની માટે સ્કુલ છે. દીકરા માટે ટીચર એટલા ટીચર નથી જેટલા તમે ટીચર છો. તમે બોલો તો પણ એને શીખવો છો ન બોલો તો પણ એને શીખવો છો, બોલો છો ત્યારે તમારી જવાબદારી અનેક ગણી વધી જાય છે. તુલસીદાસજીએ બહુ મજાની વાત કહી છે, તુલસી મીઠે વચન સે સુખ ઉપજે ચહુ ઓર. તમારા વચનજો મીઠા છે, તમારી વાણી જો મીઠી છે તો કાંઈ અલગ જ શોભ સામે વાળી વ્યક્તિ ને ઉપજશે. એહી વશીકરણ મંત્ર હૈ, એક વશીકરણ મંત્ર છે તજીએ વચન કઠોર. કઠોર વચનનો ત્યાગ કરો. જ્યારે તમે કઠોર વચન બોલો છો ત્યારે તમે સામી વ્યક્તિ ને ગુમાવો છો. મા-બાપ તમે બની ગયા હો છો, ART OF PARENTING તમારી પાસે હોતું નથી. અમારા દાદા ગુરૂદેવ પ્રેમસુરીશ્વરજી મહારાજ 400 સાધુઓના ગુરૂમાતા હતા, 400 સાધુઓ દિલથી તેમને ચાહતા, તમારો દીકરો 15 વર્ષ ઉપર જાય ને એટલે વાત પતી ગઈ હોય છે. જેમની દીકરા ને 15 વર્ષ થયા

ઉંમર ૩૦-૩૫ વરસની થઈ, જેમની દીક્ષાને ૩૦ વરસ થયા, ૪૦ થયા, ૪૫ થયા, ૫૦ થયા. સાધ્વીજી ના ગણનાયક યશોદેવસૂરી મહારાજ જેવા હોય, ઈચ્છા નથી છુટા પડવાની સંઘની વિનંતી છે ચોમાસા માટે મોકલવા પડયા છે, ચોમાસું પૂરૂ થાય એટલે તરત RETURN આવે, આવે અને વંદન કરે, વંદન ચાલુ હોય ને ગળગળા થાય અને ત્યાં ને ત્યાં રડી પડે. ચાર મહિના ગુરૂ થી જે જુદા રહેવાનું થયું ને તે સહી ન શક્યા હોય અને તેની વેદના જે અંદર ભરાયેલી હોય તે બધી બહાર નીકળી જાય. હું તમને કહું છું, જેને તમે જન્મ આપ્યો, જેને તમે સાચવ્યા, જેને તમે ઉછેર્યા, એ પણ તમારા થતા નથી, એ તમારા નથી થતા તો કેમ નથી થતા એ સવાલ તમારે તમારી જાત ને પુછવો જોઈએ. પ્રેમસુરીદાદા પોતાના શિષ્યો ને કહેતા, એ નિસ્પૃહ મહા-પુરુષ હતા. પોતે મહેનત કરે, પ્રતિબોધ કરે, સંસારમાંથી કાઢે પણ પોતાના શિષ્ય ના બનાવે, એમનો પોતાનો કોઈ સ્વાર્થ ન હતો, પોતાના શિષ્ય ના શિષ્ય બનાવે, પોતાના શિષ્ય ના શિષ્ય ના શિષ્ય બનાવે, પોતાના કેટલા તો ૪૦૦ થી માંથી ફક્ત ૧૭, એ પણ બહુ ફોર્સ થી અમારે તમારા જ શિષ્ય થવું છે માટે અથવા ગુરૂમહારાજે કહ્યું કે તું તારા પણ શિષ્ય કર માટે બાકી પોતાના શિષ્ય કર્યા નથી, શિષ્ય ના શિષ્ય વગેરે કરી આપ્યા. અને પછી તેમને GUIDENCE આપે કે તમારા જે શિષ્યો વગેરે છે, એને કઈ રીતે હેંડલ કરવા. પ્રેમસુરી દાદા સમજાવતા કે આશ્રિતો ને વાત્સલ્ય ખૂબજ આપવું. એક બાજુ દુનિયા ભરના ART OF PARENTING ના SEMINAR અને BOOKS છે, પાંચ-પાંચ હજાર, દસ દસ હજાર બધી ને તમે જાવ તો એ તમારૂં કાંઈ ઉકળે નહી, અને બીજુ બાજુ માત્ર પ્રેમસુરી દાદાનું જીવન છે. તમારા ઘરમાં ફક્ત પાંચ જણ હોય તો પણ વાસણ ખખડે, અવાજ થાય, ઉધડી થાય. પ્રેમસુરીદાદા ૫૦-૫૦ મહાત્મા ઓ સાથે

ચોમાસું કરતા, ચોમાસું પુરું થાય ત્યારે ભાકુ વાળા ઘરમાં ભજરના પડે
કે અહીંયા ૪ મહિના ૫૦ સાધુઓ રહ્યા હતા એક સાથે તો પણ આટલો
માત્ર પણ અવાજ અહિંયા ના થયો. મવાલની એદર ચોમાસું હતું,
વરસાદ રાજસ્થાનમાં ઓછો પડે અને અમુક કોમ એ ગે માની લીધું કે
વરસાદ આપણે ત્યાં આ લોકોને કારણે જ પડતો નથી એ બધા ભેગા
થયા, ઉપાશ્રયમાં હુમલો લઈને આવવાના હતા, મારામારી કાપાકાપી
કરવાના હતા. એ લોકો એ વિચાર્યું કે ગામના ઠાકોર છે ને એ ઠાકોરને
જરા મળી લઈએ, વાત કરીને જઈએ, એ પાછળથી કાંઈ ઉંધુંનીચું
થાય તો આપણી FAVOUR કરે. ઠાકોરની પાસે ગયા અને ઠાકોરે
કહી દીધું કે તમે એ ત્યાં નજર પણ કરી છે તો તમારી ખેર નથી. એ
કોમવાળાઓ એ કહ્યું આ તો જૈનો ના બાવા છે તમારે શું લાગે વળગે,
આટલો વરસાદ રોકી દે છે, આપણે આટલું હેરાન થઈએ છીએ, ને
ઠાકોરે કહ્યું, કે તમારા મઠમાં બે બાવા ભેગા થાય તો ઝઘડ્યા
વગર છુટા પડતા નથી, આ ૫૦ સાધુઓ બે મહિનાથી અહીં છે
કદી તમને અવાજ આપ્યો છે, કંઈ પણ તમે એમને કર્યું છે તો
તમારી ખેર નથી. પ્રેમસૂરીદાદા શાંત હતા એ એમની પોતાની વાત
હતી, એમના ૫૦ શિષ્યો ભલે સગા ભાઈ હોય તેનાથીપણ
વિશેષ પ્રેમથી રહેતા, એ પ્રેમસૂરીદાદાની ART OF PARENTING
હતી. પ્રેમસૂરીદાદા પોતાના આશ્રિતોને કહેતા, આશ્રિતોને ખુબ
જ વાત્સલ્ય આપો, વાત્સલ્યથી એ વશ થઈ જશે, કારણકે વાત્સલ્ય
એ વશીકરણ છે. વાત્સલ્યથી વશ થયેલા આશ્રિતો પછી તમે
જેમ ઈચ્છશો તેમ જ પ્રવર્તશે. તમે વાત્સલ્ય નહી આપો બહુ
નજરે રાખશો, બહુ ટોકટોક કરશો તો એનું પરિણામ સારૂં નહિ
આવે. ગમે તેવા શબ્દો બોલી શકાય છે, એ તો નાનો છે
વિરોધ નહી કરી શકે એને ગાળો આપી શકાય છે, એ શી લેશે,
સહી લેશે, એનુ પરિણામ તમારે ભોગવવું પડશે. આપણે ત્યાં
ગુજરાતીમાં એક ગ્રંથ છે એનું નામ છે હિતશિક્ષા છત્રીસી. જૈન
નહિ, કોઈ પણ માણસ હોય તેણે આ ગ્રંથ ભણવો જોઈએ.
પિર વિજયજી મહારાજની આ કૃતિ છે ગુજરાતીમાં આધ્યાત્મિક
આકૃતિ એમાં સુવન સુત્રો આપેલા છે બહુ સારીસારી શિક્ષાઓ

આપેલી છે જેની વગર તમે સુખેથી જીવન ના જીવી શકો એવી
ઘણી ઘણી સારી વાત એમાં કહેલી છે. ૧૨ વરસની બાળક છે
અને દેવની | ભગવાનની પ્રતિમા છે એ બંને ને સરખા સમજે.
બાળકની ઉંમર એક વરસની છે ત્યારથી તેની ઉંમર બાર
વરસની થાય ત્યાં સુધી એને એવી રીતે સાચવવી કે તે દેવની
પ્રતિમા છે. ભક્તિ કરે સુખ લીલા પામે, કષ્ટ દીધે દુઃખ લીજે રે.
એની મજબૂરી છે એની નબળાઈ છે કે તેનો શારીરિક
માનસિક વિકાસ ઓછો છે, એનો અર્થ એ નથી કે તમે
તેના ઉપર તૂટી પડો, એની સાથે ગમે તે રીતે BEHAVE
કરો. એની મજબુરીનો ફાયદો ઉઠાવો એ વાત જુદી છે અને
તેનું ઘડતર કરો તે વાત જુદી છે. તમારે મજબુરીનો લાભ
ઉઠાવો છે ત્યાં તમે ગુનો કરી રહ્યા છો, હિંસા કરી રહ્યા છો,
તમે એક પ્રકારની હત્યા કરી રહ્યા છો, ત્યાં તમે એને
કચડી રહ્યા છો, જ્યાં એના હૃદયમાં વેરની ગાંઠ બંધાય
છે કે મારા મમ્મી પપ્પા મારા પર ગુસ્સો જ કરતા હોય છે.
મને મારતા હોય છે, મારા મમ્મી પપ્પા ખરાબ છે.
ભક્તિ કરે સુખ લીલા પામે, કષ્ટ દીધે દુઃખ લીજે જી. મીઠા
શબ્દો જે તમે બોલતા હશો તો તેને ટેવ પડશે મીઠા
શબ્દો બોલવાની, તમે એને વાત્સલ્ય થી જોતા હશો તો
એના મનમાં એક વાત ફીટ બેસી જશે કે મારા મમ્મી પપ્પા
બહુ સારા છે, અને આ વાત ફીટ બેસી ગઈ પછી તમારે
જે શીખવાડવું હોય તેના દરવાજા ખુલી જશે. તમે પહેલા
દરવાજા બંધ કરી દેતા હો છો અને પછી કહો છો કે આ
માનતો જ નથી, આના સારા માટે કહીએ તો પણ
માનતો જ નથી, આના પર કાંઈ અસર જ નથી. ઘણી
વાર અમને એમ થાય કે અમારી પાસે લઈ આવ્યા છો,
અમારી હાજરીમાં એની ફરિયાદ કરો, લોકોની હાજરી
માં એની ફરિયાદ કરો એટલે લોકો શું વિચારશે, તમારા
માટે એના હૃદયમાં સદ્ભાવ વધશે કે ઘટશે ?, અને
એના હૃદયમાં જે સદ્ભાવ ઘટી ગયો ત્યાં તમને કહ્યું

સારું RESULT મળશે ?, તમારા છોકરાને જેટલી TREATMENT ની જરૂર છે એની કરતા વધારે જરૂર તમારી ભુલને TREATMENT ની છે, જ્યાં સુધી તમારી ભુલ નીચી છે, જ્યાં સુધી તમારી ભુલ કડવી છે, ત્યાં સુધી તમે તમારા છોકરાને ભુલી જાવ. પહેલું INJECTION SUGAR INJECTION બીજુ INJECTION SPICE INJECTION :- દર વખતે માત્ર સાકર જ આપ્યા કરો તો ડાયાબીટીસ થઈ જાય. માત્ર સાકર પણ ખોટી છે ને માત્ર મરચા પણ ખોટા છે. બહુધા તમે મીઠા બન્યા રહો, બહુધા સાકર આપો, અને ક્યારેક જરૂર પડે ત્યારે મરચુ આપો તો તમારા મરચા ની પણ અસર પડશે. મહાભારત ની અંદર બહુ મજાની વાત કરી. સતત તેજ હોય તે પણ કલ્યાણકારક નથી, અને સતત તમે ઠંડા રહો અને જતું કરો તે પણ કલ્યાણકારક નથી. અવસરે તેને સાકર આપો, અવસરે તેને મરચું આપો.

SPICE INJECTION :- રામાયણની ઘટના છે. લંકા ઉપર વિજય મેળવાઈ ગયો છે, લંકાથી અયોધ્યા તરફ વિમાન ઉડી રહ્યું છે અને તે સમયે હનુમાનજી, શ્રી રામને કહે છે હે ભગવન્ અહીંયા નીચે જે પહાડીઓ દેખાઈ રહી છે ને ત્યાં એક ગુફા છે, અને ત્યાં મારા માતાજી અંજના એ તપ કરી રહ્યા છે, આપ કૃપા કરી આપના દર્શન થાય આપના પગલા થાય તેઓ પાવન થાય આપ ત્યાં પધારો અને શ્રી રામ કહે છે ભલે, વિમાન નીચે ઉતરે છે, અને બધા ગુફાના દ્વાર પાસે આવે છે. હનુમાનજી દોડતા દોડતા અંદર જાય છે. મા-મા-મા- જલ્દી બહાર આવ જો કોણ આવ્યું છે, અને અંજનાજી બહાર આવે છે, હનુમાનજી કહે છે જુઓ જુઓ ભગવાન રામ આવ્યા છે, અને અંજનાજી કહે છે કે ભલે. હનુમાનજી ને કાંઈ સમજાતુ નથી, હનુમાનજી DISTURB થઈ જાય છે, હનુમાનજી વિચારે છે શું થઈ ગયું આ, હું આટલો ફોર્સ કરીને લઈ આવ્યો, અને આવો ઠંડો પ્રતિસાદ. એમાં આ લક્ષ્મણજી છે, રામજી ના નાનાભાઈ છે, અંજનાજી નીચું જોઈને કહે છે હશે. હનુમાનજી કહે છે એવો આ સુગ્રીવજી છે, આ ભામંડલજી છે, અને અંજનાજી નીચે મોઢું રાખી ને હશે હશે કરે છે, હવે હનુમાનજી

થી રહેવાતું નથી ને કહે છે કે ભગવાન આવ્યા હું એટલો બધો
ફોર્સ કરીને લાવ્યો, તમારા દ્વારે આવ્યા, આંગણે આવ્યા,
મેં વિમાન નીચે ઉતરાવ્યું ને તમને કંઈ આનંદ નથી,
ભગવાનની કોઈ કિંમત નથી. અંજનાજી છે ત્યારે કશું બોલતા
નથી, હનુમાનજી જુએ છે કે માની આંખ માંથી અશ્રુ સરી
પડ્યા છે. હનુમાનજી કહે છે મા શું થયું ?, અંજનાજી કહે છે
મને તો એમની કિંમત છે પણ તને નથી. રાવણ સીતાજીને
ઉપાડી ગયો તો ભગવાને જે છે એના માટે લંકા સુધી લાંબા
થવું પડે, યુદ્ધ કરવું પડે, ત્યાં એટલી બધી જહેમત કરવી પડે
પરિશ્રમ કરવો પડે, જો ભગવાનને આટલું બધું કરવું પડે તો
તું શું કામનો, તારી કિંમત શું, તું શા માટે ?, તારામાં એટલી
શક્તિ નથી કે તું એકલો જઈ બધાને હરાવીને સીતાજીને
લઈ આવે. હનુમાનજી મોઢું નીચું કરી દે છે, અંજનાજી ખુબ
ભાવઆવેશમાં આવે છે અને અંજનાજી કહે છે હનુમાન તને
ખબર નથી કે તારો હજુ જન્મ થયો હતો, તારા મામાના વિમાન
અમે પસાર થઈ રહ્યા હતા. વિમાનમાં રત્નનું મલર હતું.
એનું રત્ન જે છે એ તને દડા જેવું લાગ્યું, એ લેવા માટે તું
કુદ્યો, તું જેવો કુદ્યો અમે તને સંભાળી ના શક્યા,
વિમાન માંથી તું નીચે પડ્યો, નીચે જે છે એક નાનો
શિલામય પર્વત હતો, અને તે પર્વત પર તું પડ્યો તેના
ટુકડે-ટુકડા ઉડી ગયા હનુમાન, ઐસો દુધ મૈને તેરેકો
પીલાયો, ઔર તુને તો મેરી કુખ લજાઈ. તે શરમજનક
કૃત્ય કર્યું માટે જે છે મને એવો ઉલ્લાસ નથી મને એવો
ભાવ નથી. હનુમાનજી પોતે ત્યાં કાળ પડે છે એને પોતાની
ભુલ સમજાય છે આને કહેવાય SPICE INJECTION.
આપણી સંસ્કૃતિમાં આવા SPICE INJECTION મુકેલા
છે. પંડિત છોકરો હોય ને માં કહે કે આના કરતા મારે કુખે
પત્થર પાક્યો હોત તો વધારે સારું અને છોકરો સુધરી જાય.
પતિત થયેલા અરુણિક મુનિ ને તેમના માતા એ કહ્યું કે
આના કરતા તું મરી જાય તો વધારે સારું, અને પતિત

પયેલા અરણિક મુનિનું ઉત્થાન થઈ ગયું. ૨૩-૨૪ વરસનો દિકરો
દિવાળી ની સાફ-સફાઈ કરવા માળીએ ચડયો છે, સાફસુફી કરી
રહ્યો છે, બધી રીતે પુરો છોકરો, ચંહેલો છોકરો, ખરાબ છોકરો,
માળીયા માં સાફસફાઈ કરતા તેના હાથમાં એક ફોટો આવે છે,
મારે તમને SPICE INJECTION ની વાત કરવી છે, એક ફોટો
હાથમાં આવે છે પીળો થતી રહીગય છે. ધારીધારી ને તે જુવે છે
અને હીબકા ભરીભરી ને રડવા લાગે છે. ક્યાંય સુધી તે ઉપર રડે
છે અને કાંઈ કરી શક્તો નથી, ધીમે રહીને નીચે ઉતરે છે મમ્મી
ની પાસે જાય છે, થોડા વરસો પહેલા બનેલી સત્ય ઘટના અને
મમ્મી ના હાથમાં એ ફોટો આપીને છોકરો પુછે છે મમ્મી આ શું
છે ? મમ્મી પણ એ ફોટાને જુવે છે અને હવે ~~આ~~ રડવાની
વારી મમ્મી ની હતી, અને મમ્મી પણ જે છે ત્યાં રડી પડે છે.
થોડી ક્ષણો એમજ વીતી જાય છે, અને મમ્મી કહે છે બેટા આ
તારો જ ફોટો છે, તું ૩ વરસનો હતો ત્યારનો ફોટો છે અને
બેટા આ ફોટામાં જે સાધુ વેષ દેખાય છે ને એ મેં મારા હાથે
તને પહેરાવ્યો હતો. બેટા તને ખબર નથી તું નાનો હતો ને
ત્યારથી મેં સપનું જોયું હતું કે તું દીક્ષા લઈશ, બેટા હું તને
સાચા શ્રમણવેશમાં જોવા માંગતી હતી, માટે એક દિવસ મેં તને
સાધુ ના કપડા પહેરાવ્યા હતા, ઓઘો આપ્યો હતો, બેટા તને ખબર
નથી વર્ષો સુધી આ ફોટો જોઈને મેં સપના જોયા છે કે એક દિવસ
મારો દિકરો સાચો સાધુ બનશે, એક દિવસ મારો દિકરો જિન
શાસન નો અણગાર બનશે, એક દિવસ એવો આવશે જ્યારે હું
મારા દિકરાને સ્ટેજ પર ઓઘો લઈને નાચતો જોઈશ, એક દિવસ
એવો આવશે કે હું ઉપાશ્રયમાં આચાર્ય ભગવંતને વંદન કરીને
જતી હોઈશ ત્યારે ત્રાંસી આંખે જોઈ લઈશ કે ઉપાશ્રયના એક
ખુણામાં મારા દિકરા મહારાજ જ્ઞાન|સંયમની ધુણી ધખાવીને
બેઠા હશે, દિકરા તને ખબર નથી વરસો સુધી આ સપના મેં
જોયા છે. દિકરા તને ખબર નથી વરસો સુધી મેં આ મનોરથો
કર્યા છે, અને દિકરા તને ખબર નથી કે તારી આ જીંદગી તારી આ
કુટેવો, તારા આ વ્યસનો એ મારા બધા જ સપનાઓ પર પાણી ફેરી

વળ્યું, દિકરા આ ફીટો પગ માળીયે ચડી ગયો અને મારા બધા સપનાઓ
પગ માળીયે ચડી ગયા. SPICE INJECTION - ચોવીસ વરસની
ઉંમર સુધી માં જેને કઈ કઈ ને થાકી હતી એની જે અસર નથી થઈ
હતી, તે એક નાની ઘટના અને દિકરા ને હાડોહાડ લાગી આવ્યું, ને
દિકરો ત્યાં ને ત્યાં મા ના પગમાં પડી જાય છે, મા મને માફ કરી દે,
હવે પછી હું સારો બનવાનો પ્રયાસ કરીશ, એ દિકરો જે છે દિક્ષા
તો ના લઈ શક્યો, પણ એ ખરાબ માંથી સારો બની ગયો. હું તમને
કહેવા માંગુ છું તમે એમ ઇચ્છો છો કે તમારો દિકરો ડાહ્યો થાય, મને
તમારી ખબર છે એ વિનય અને વિવેક વાળો થાય, તમારું માને,
ગુસ્સો ના કરે, જીદ ના કરે, એનું BEHAVIOUR સારું થાય,
અહીંયા સુધીની તમારી ઇચ્છા છે પણ એ દિકરો જે છે એ દિક્ષા લે
એવું તમે નથી ઇચ્છતા, કારણકે એમાં તમને એનો વિયોગ થઈ જાય.
મને તમારી બધી ખબર છે, તમે આવશો તો કહેશો સાહેબ એને
કહો ને કે જીદ ના કરે, ડાહ્યો થઈ જાય, સાહેબ તોફાન બહુ કરે છે.
ભગવાન ની પૂજા નથી કરતો, પાઠશાળા નથી જતો અને એજ છોકરો
જરાક આગળ વધ્યો, હું તમને પુછું છું તમને નથી ગમતું શા માટે?
તમે તમારા દિકરાને ડાહ્યો બનાવવા ઇચ્છો છો, એ દિક્ષા લે એ
નથી ઇચ્છતા કારણકે તેનો વિયોગ થઈ જાય, હું તમે બહુ પ્રેમથી
કહેવા માંગું છું કે દિકરાઓ તો તમારા હાથ માંથી ગયેલા જ છે.
દિકરો તમારો રહેવાનો નથી, દિકરો તમારી સાથે રહેવાનો નથી,
દિકરો તમને સાચવે ને આ વાત આ કાળમાં તમે અપેક્ષા રાખશો
કે, મારો દિકરો મને સારી રીતે રાખે એની સારી એવી અપેક્ષા
રાખવી, તે આ કાળમાં સારી રીતે દુઃખી થવાનો સારો ઉપાય છે.
તમે ભૂલી જાવ, તમે માનતા હો કે તમારો છે, તમારો સાથે રહેશે,
એ તમે દુઃખી થવાનો, તમને દુઃખી કરવાનો. તમે AMBITION
મોટું રાખ્યું હશે તો છોકરો ક્યાંક વચ્ચે પણ પહોંચશે, તમે દીક્ષા
નું TARGET રાખ્યું હશે તો સજ્જન બની શકશે, શ્રાવક બની
શકશે, એ તમને સાચવી શકશે. હમણે એક દિક્ષા થાય છે કે
નથી થતી, હું તમને કહું છું તમારું AMBITION જ વચ્ચે
હશે કે એ ડાહ્યો થઈ જાય એ જીદ છોડી દે તો પછી તમે તમારા

છોકરાને ભુલી જાવ. બધી રીતે તમારી સામે પડવાનો છે, સામે બોલવાનો છે, તમને હેરાન કરવાનો છે, તમને આંસુ પડાવવાનો છે, તમારાથી જુદો થવાનો છે, તમને અર્થ આપશે કે નહિ આપે તે સવાલ છે, તમારું કેટલું હશે તેમાંથી કેટલું હડપ કરવા પર તેની નજર હશે, જો તમે એને આજે સંસ્કાર આપવામાં CONCENTRATE કર્યું નહોતો ! SPICE INJECTION કાયમ તમે મરચા જ આપતા હોતો મરચાની પણ કોઈ અસર નહીં થાય. તમે એને પ્રેમ આપ્યો હશે, તમે એને વાત્સલ્ય આપ્યું હશે, અવસરે એને ઠપકો કીધો તો, બહુ જ સરસ મજાની વાત એક કવિએ કરી છે બેસમે એને પણ થોડામાં કહી, આંખ છેવટ આંખ છે, દર્પણ નથી. એનું પણ હૃદય છે, એનું પણ મન છે, એને પણ SENSE છે, એને પણ EMOTIONS છે, અવસરે બરાબર છે કે એ વખતે SPICE INJECTION આપ્યું હશે તો તેની અસર 100% (૨૬) થશે. પહેલા નંબરનું INJECTION SUGAR INJECTION બીજા નંબરનું INJECTION SPICE INJECTION, ત્રીજા નંબરનું INJECTION છે SPIRIT INJECTION :- બોલો તો એવું બોલો કે તમારા છોકરાને મજા પડી જાય. બોલો તો એવું બોલો કે એનો ઉલ્લાસ સંસ્કારની દિશામાં આગળ વધે, શું બોલવું શું ના બોલવું આનો તમને વિવેક નથી. ક્યારે તમે બોલવાનો વિવેક ગુમાવો છો ત્યારે તમે તમારા સંતાનને ગુમાવો છો. ઘણા બધા છોકરાઓ ગાળો બોલતા ઘરમાંથી શિખતા હોય છે. ઘણા છોકરાઓ અપશબ્દો બોલતા ઘરમાંથી શિખતા હોય છે. ઘણા છોકરાઓ મારપીટ કરતા ઘરમાંથી શિખતા હોય છે. મને અમુક સંસ્કરણ કરતી સંસ્થાઓએ ફરિયાદ કરી કે અમે અહીંયા જે મહેનત કરીએ છીએ ને, એ છોકરો ઘરે જાય એટલે બધી મહેનત ઉપર પાણી ફરી વળે છે. તમારા શબ્દો એની સાત્વિકતા વધારી શકે એવા પણ બની શકે છે. તમારા શબ્દો એની સાત્વિકતા ઘટાડી શકે એવા પણ બની શકે છે. પાલનપુરની અંદર આપણું મહાજન હતું અને મહાજનને કંઈક પ્રયોજન પડ્યું, નવાબને ત્યાં મહાજન ગયું, મહાજન નવાબ સાથે વાત કરી રહ્યું છે, નવાબનો દિકરો જમવા બેઠો છે, અને દિકરાએ જે છે નોકરને બુમ પાડી મરચી લાવો, નવાબે એક જોરદારની થપ્પડ દિકરાને ચોડી

દીધી, આ મહાજન જેવું છે એની હાજરીમાં તું માછલી માંગે છે તને
શરમ નથી આવતી, નવાબે આ પહેલાથી વિચારવા ની જરૂર હતી,
હું તમને કહું છું કે તમે તમારા છોકરાઓની હાજરી માં થોડા
ALERT થઈ જાવ છો, અને છોકરા નથી તો ગમે તેમ વર્તો છો,
જો છોકરાઓનું ઘડતર કરવું હોય તો છોકરાઓની ગેરહાજરીમાં
સારી રીતે વર્તતા શીખો. જો તમે ગેરહાજરીમાં કરો છો તે પહેલું
ઓટું હાજરીમાં પણ આવી જવાનું છે, ગેરહાજરી માં જો તમે ગમે
તેવા શબ્દો બોલો છો ગમે તેવું BEHAVE કરો છો તો છોકરાની
હાજરીમાં પણ એવું થઈ જ જવાનું છે. SPIRIT INJECTION
દીકરાને શબ્દો એવા કહેવા જેથી તેના જન્માંતરીય દોષો નાશ
પામે. દીકરાને વાત એવી કરવી કે એના સંસ્કારોનું ઉદ્દીપન થાય
એનો આત્મા જે છે ઈ જાગે, એનો આત્મા સાત્વિકતા ની દિશા
માં આગળ અને આગળ કુચ કરે, જે મા-બાપ જ એવા શબ્દો
કહે જેનાથી દિકરાની સાત્વિકતા ઓછી થાય એના સંસ્કાર ઓછા
થાય, એ મા-બાપ નથી પણ મા-બાપ ના નામે દુશ્મન છે.
આપણે ત્યાં એક મા થઈ ગઈ એનું નામ હતું મંદાલસા, અને
મંદાલસા પુત્રને પારણા માં ઝુલાવી રહી છે અને એને ઝુલાવતા
ઝુલાવતા હાલરડું ગાઈ રહી છે. આજે પણ સંસ્કૃત ની અંદર તે
હાલરડું છે શુદ્ધોસિ, બુદ્ધોસિ, નિરંજનોસિ, સંસાર માયા
પરિવર્જિતોસિ. હે બેટા! તું શુદ્ધ છે, તું બુદ્ધ છે, હે બેટા
તું નિરંજન છે, હે બેટા તું સંસારની માયા થી વર્જિત છે, હે બેટા
તું શુદ્ધ આત્મા છે, તું પરમાત્મા છે, બેટા તું પરમેશ્વર છે.
તું છે જ એ સંસારના દોષો થી ખરડાયેલી નથી, તું શુદ્ધ
સ્વરૂપી છે, આવી વાત જે છે એને માતા હાલરડું ગાતા ગાતા
સંભળાવતી હતી. હું તમને કહું છું એ મંદાલસા બાળકને
પોઢાડતી ન હતી, જગાડતી હતી. સાચી મા એ છે જે દિકરાને
કદી પોઢાડતી નથી, સાચી મા હંમેશા એને જગાડતી હોય છે,
તમારા દિકરાને આ ભવચક્ર ની અંદર ઘણી બધી માતાઓ
મળી ગઈ અને બધી માતાઓએ એક જ કામ કર્યું હતું એને
સુવાડવાનું, સંસાર ના રંગરાગની અંદર સુવાડવાનું કામ એ

અનેતીમાતાઓએ કર્યું, અને એજ દીકરો છે જે એ ભવપુરીજીને
નરકની અંદર જતો રહ્યો હતો. તમારા દિકરાને સ્વર્ગમાં મોકલવો કે
નરકમાં મોકલવો એ તમારે નક્કી કરવાનું છે. શુદ્ધોસિ, બુદ્ધોસિ,
નિરંજનોસિ, સંસારમાયા પરિવર્જીતોસિ, જ્ઞાનીઓને તમે પુછો કે જેમાના
પોઢડે છે એ માતા કોણ છે ?, જ્ઞાનીઓ કહેશે કે એ માતા જ નથી
એ ડાકણ છે. જે ડાકણ હોય એજ દિકરાને સુવાડે. એક સાચી મા
તો દિકરાને જગાડવાનું જ કામ કરે. SPIRIT INJECTION
સવાલ તમને કરું, જીવનના ૨૫-૫૦ વરસ તમારા ગયા, સંસાર તમે
જોયો, સંસારને તમે ઓળખ્યો, ક્યારે તમારા દિકરાને શાંતિથી
બેસાડીને કહ્યું ખરું કે બેટા હું તો સંસારમાં પડ્યો, મેં ભુલ કરી,
હું દુઃખી થયો, બેટા તું ભુલે ચુકે સંસારમાં પડતો નહિ, બેટા સંસાર
માં પડવા જેવું નથી. હું તમને પુછું છું કદી તમે કહ્યું એ આપણે
જ આપણા દિકરાનું હિતના ઈચ્છીઓ તો બીજું કોણ ઈચ્છે ?, તમારા
દિકરામાં કેટલું જીવન છે, રૂચિ છે, લાયકાત છે, યોગ્યતા છે, ક્ષમતા છે,
સામર્થ્ય છે, કેપેસિટિ છે એ માનશો કે નહિ માને એ બધું જે બીજ,
ત્રીજ, ચોથા, પાંચમ, છઠ્ઠા, સાતમા, આઠમા નંબરની વાત છે, તારે એને
કહ્યું ?, આખી જીંદગી જેણે ભીખ માંગી છે એ ભિખારી પણ એમજ
ઈચ્છે કે મારો દિકરો ભિખ ના જ માંગે. તમે દિક્ષા ના લીધી એટલે
તમારા દિકરા એ પણ દિક્ષા ના જ લેવી આ જરૂરી છે ?, સંસારને
ઓળખ્યા પછી, સંસારને જોયા પછી પણ આપણે આપણા દિકરાને
એ સંસારના કુવામાં ધક્કો મારવાનો પ્રયાસ કરીએ છીએ તો આપણે
એના મા-બાપ કે આપણે એના દુશ્મન ?, જિંદગી માં તમે ક્યારે પણ
દિકરાને નહીં કહ્યું કે બેટા હું આટલું ભણ્યો હું M.COM થયો, હું
CA થયો, પણ બેટા એની કોઈ જ મતલબ નથી, બેટા મારા બાવીસ
વરસ આમાં હોમાઈ ગયા છે અને મેં ~~[illegible]~~ વરસોનું પાણી કર્યું, મારી
જીંદગી એમાં મેં અડધી ગુમાવી દીધી, અડધી હવે એમ કે PRACTICE
કરવામાં ગુમાવી રહ્યો છું બેટા અહીંયા કશું જ નથી, આપણે આખી જિંદગી
નહી કહીએ, આપણે પરણ્યા આપણે દુઃખી થયા, આપણે જે ભોજન
માટે, વિષય સુખ માટે, વિજાતીય પાત્ર માટે જે કાંઈ વિચાર્યું હતું તેનો
પર્દાફાશ થઈ ચુક્યો, બધું જ થવા છતાં આપણે આપણા દિકરાને

એ જ ઇચ્છું છું કે એ પણ પરણે એ પણ સંસાર માંડે અને એ પણ દુઃખી થાય, SPIRIT INJECTION - મા-બાપ તરીકે તમારી ફરજ એટલી જ છે કે તમારા દિકરાનું હિત, મા-બાપ તરીકે તમારી ફરજ એટલી જ છે કે તમારી કુખે જે પુત્ર આવ્યો, તમારા ઘરમાં જે તમારો આશ્રિત છે એ મરીને દુર્ગતિમાં ના જ જવો જોઈએ, નરકમાં ના જ જવો જોઈએ, નિગોદમાં ના જ જવો જોઈએ, એનો આ ભવ પણ બગડવો ના જોઈએ, જે હૈયા-હોળી જે સંકલેશો, રાગ-દ્વેષ, કષાયો, યુદ્ધ, પ્રપંચ, માયા, આ બધામાં તમે ફસાયા, તમે બરડાયા, એમાંથી એક પણ ડાઘ તમારા દિકરાને ના જ લાગવો જોઈએ, તમારી દિકરીને ના જ લાગવો જોઈએ. આ સિવાયની તમારી કોઈ જ ફરજ નહિ !, SPIRIT INJECTION - વરસો પહેલાની વાત લગભગ ૩-૪ સદી પહેલાની વાત, સ્ત્રી છે પોતે જૈન ગુરૂ માને છે બીજા ધર્મની વાત, વંદન કરવા જાય છે, જુવે છે ગુરુદેવના મોઢા પર ચિંતાનો ભાવ છે. એ પુછે છે કે આપને શાની ચિંતા છે, આપ જણાવો. ગુરૂ કાંઈ બોલતા નથી ને સ્ત્રી આગ્રહ કરે છે કે આપ મારા ગુરુ છો, આપ ચિંતામાં હો આવું તો ના ચાલે, આપ કહો એ કરવા તૈયાર આપની ચિંતા દુર કરવી છે મારે, અને ગુરૂ એ કહ્યું કે જે અત્યારે મોગલ શાસન ભારતની અંદર કાળોકેર વર્તાવી રહ્યું છે. કોઇ એની સામે થઈ શકતું નથી, બહુ જ ખરાબ સમય ચાલી રહ્યો છે અને ઔરંગઝેબને દુર કરવો બહુ જ જરૂરી છે, કેટલા મંદિરો છે એણે તોડી નાખ્યા છે, કેટલા બ્રાહ્મણોના ગળા કાપી નાખ્યા છે, કેટલાની જનોઈઓની એણે હોળી કરી દીધી છે, એને અટકાવવો બહુ જ જરૂરી છે. અને સ્ત્રીએ કહ્યું ગુરૂદેવ આપ કહો એ કરવા તૈયાર અને ગુરૂએ કહ્યું જે અત્યારે છે ને તું ગર્ભવતી છે તું એમ કર તું રામાયણનું રોજ પારાયણ શરૂ કર, રોજ તારે પારાયણ કરે જવાનું, કરે જવાનું, કરે જવાનું અને જે સંતાન થાય તેને પણ રોજ રામાયણ સંભળાવે રાખવાનું, સંભળાવે રાખવાનું, પુ ભેસ ! રામાયણનું પારાયણ તેણે શરૂ કરી દીધુ. બારે

તમને SPIRIT INJECTION ની વાત કરવી છે. તમારા માં જો SPIRIT નહી હોય તો સંતાનમાં SPIRIT આપવાનું જ નથી. રામાયણનું પારાયણ ચાલુ છે, ૨ મહિના, ચાર મહિના, પાંચ મહિના, ૬ મહિના, ૭, ૮, ૯, દિકરા નો જન્મ થાય છે, નવજાત બાળક એને રોજે રોજ રામાયણ સંભળાવે. છોકરો ધીરે ધીરે મોટો થાય છે ૨ વરસ, ૪ વરસ, પાંચ વરસ, ૬ વરસ, સાત વરસ, અને એક દિવસ મા એને રામાયણ સંભળાવી રહી છે કે બેટા દશરથ રાજા ના રાજકુમારો રામ અને લક્ષ્મણ બંને જંગલમાં ફરી રહ્યા હતા, એમ મા પછી શું થયું ?, પછી તો તેમણે જોયું કે ત્યાં તો ઋષિ નો આશ્રમ હતો, એમ મા પછી શું થયું, પછી તો તેઓ આશ્રમમાં ગયા, ઋષિઓને મળ્યા, પ્રણામ કર્યા, પછી તેમણે જોયું કે ત્યાં મોટી હાડકાની ઢગલી હતી, એમ મા પછી શું થયું ?, પછી એમણે ઋષિઓને પુછયું આ આશ્રમ છે તો પછી આ હાડકાઓની ઢગલી ક્યાંથી, પછી ઋષિ મુનિઓ કહ્યું કે અહીંયા દાનવો નો ખુબ જ ઉપદ્રવ છે, અમે યજ્ઞ કરતા હોઈએ છીએ ત્યારે અમારા ઋષિઓને ઉપાડી ને આકાશમાં લઈ જાય છે, એમના લોહી માંસ એ છે ચુસી લે છે અને હાડકાઓ નો આ બધો ઢગલો થયો છે, તો એ છે અમે તો યજ્ઞ માટે પ્રયાસ કરી રહ્યા છીએ, એમ મા પછી શું થયું ?, પછી રામે કહ્યું આવું તો ના જ ચાલે અને પછી તો રામે ધનુષ લીધું, દાનવો નો સંહાર કર્યો અને ઋષિમુનિઓને એકદમ નિશ્ચિંત કર્યા. નવ મહિના અને સાત વરસથી બાળક આ રામાયણ ને સાંભળી રહ્યો છે ને આજે બાળક ઉભો થઈ જાય છે ને મા ને કહે છે મારે પણ રામ થવું છે, મારે પણ દાનવો નો સંહાર કરવો છે, મારે પણ ઋષિ મુનિઓ ની રક્ષા કરવી છે, માં હું કઈ રીતે રામ થઈ શકું ?, આજે છે એવો કોઈ દાનવ, આજે કોઈ એવો દાનવ છે જેનો સંહાર કરીને હું રામ થઈ શકું ?, અને એ સ્ત્રી કહે છે હા બેટા આજે પણ એવો દાનવ છે જેનું નામ છે ઔરંગઝેબ એણે આપણા હિંદુત્વના ફુરચે ફુરચા ઉડાવી દીધા છે. એ ઉપદ્રવ કરે છે આપણા મંદિરો ને નડે છે, એ આપણા ઋષિમુનિઓ ને નડે છે, આપણા બ્રાહ્મણો ને નડે છે, બાળકે કહ્યું મા મને આશિર્વાદ આપ હું રામ બનીશ, હું એ દાનવ નો સંહાર કરીશ, આજે એ બાળક ને આખું ભારત ઓળખે છે.

એ ગુરૂ નું નામ હતું કોંડિસ સ્વામી, એ સ્ત્રીનું નામ હતું જીજામાતા,
અને બાળકનું નામ હતું શિવાજી મહારાજ. SPIRIT INJECT-
ION- એમ કહેવાય છે કે જો શિવાજી મહારાજ ના થયા હોત તો
તો આખા મહારાષ્ટ્ર માં બધા મુસ્લિમ બની ગયા હોત, અને
એ શિવાજી મહારાજ જે છે એના મૂળમાં કોણ હતા, તો તેના
મૂળમાં એક મા હતી, તેના મૂળમાં એક ગુરૂ હતો, અને હજુ
આગળ વધીએ તો એના મૂળમાં SPIRIT INJECTION
હતું. રામાયણ અને મહાભારત ના પાઠો હવે જતા જાય છે.
LAZY MARY GET UP, JACK & JILL ને આવા બધા
અર્થ વગરના, જેનો કોઈ MEANING નથી, જેનો કોઈ USE
નથી, જેનો કોઈ BENIFIT નથી, જેનું કોઈ RESULT
નથી એના માટે તમે તમારા લાખો રૂપિયા નું પાણી કરો છો.
દીકરાને ટ્યુશન ક્લાસમાં મુકી દીધો અને ભણાવવા બેસાડી
દીધો, અને બરાબર જે છે એ બધું જ SET UP કરી આપ્યું,
તમે સમજ્યો કે બસ ભણાવાનું તો હજુ બાકી જ છે. જ્યાં
સુધી તમે એને સંસ્કાર આપશો નહિ અથવા જ્યાં સુધી તમે
એને કોઈ સંસ્કાર દાતા ની આંગળી પકડાવશો નહિ ત્યાં
સુધી તમારું માતૃત્વ અને પિતૃત્વ અધુરૂં રહેશે, જ્યાં સુધી
તમે તમારી ફરજ બજાવી નહિ શકો ત્યાં સુધી તમારા દિકરા
ને SPIRIT INJECTION મળશે નહિ, સાત્વિક બનશે
નહિ, તામસિક બનશે અને એવા કામ કરશે જેનાથી
તમારે તમારું માથું નીચે કરવું પડશે, અને ભવિષ્યમાં લોહી
ના આંસુ એ રડવું પડશે, અને ભવિષ્યમાં જો તમારે એવા
ના જોવા હોય તો તેના માટે તમારે આજથી કામે લાગી
જવું બહુ જરૂરી છે. તમે ALREADY LATE છો! પહેલું
INJECTION SUGAR INJECTION, બીજું
INJECTION SPICE INJECTION, ત્રીજું
INJECTION SPIRIT INJECTION અને ચોથું
INJECTION SILENCE INJECTION
બધી સાચી વાત કહી શકાતી નથી, બધા અસત્યો ને

પછીથી કહેવું એ વધારે અસત્ય હોઈ શકે છે. ક્યારેક તમારે તમારા દિકરાને સમજાવવાની જરૂર નથી હોતી, ક્યારેક તમારે ચૂપ રહેવાની જરૂર હોય છે. જ્યારે તમારી વાત એને કટકટ જ લાગે છે, ટોકટોક લાગે છે, એ કંટાળે છે, એના હૃદયમાં તમારી માટે અસદ્ભાવ વધી રહ્યો છે એ સમયે હકીકતમાં તમે એને હિતશિક્ષા નથી આપી રહ્યા હોતા, અહિતશિક્ષા આપી રહ્યા હોવ છો! SILENCE INJECTION - જે સમયે મૌન લેતા શીખો, જે સમયે આંખ આડા કાન કરતા શીખો, જે સમયે જમી જતા શીખો, જે સમયે ગળી જતા શીખો, જે સમયે જતું કરતા શીખો, તો જ તમે તમારા માતાપિતા પણાને, વડીલ પણાને સફળ કરી શકશો. જે સમયે તમે ચૂપ ના રહી શક્યા, પછી આખી જિંદગી તમે એને ગમ્મે તેટલું કહો એનો કોઈ જ અર્થ રહેશે નહિ. પ્રજ્ઞાપના નામનું આગમ છે એની અંદર બહુ મજાની વાત કરી છે. अविणीयं आणवंतो किलिस्सइ भासइ मुसं तह य।
જે અવિનીતને આજ્ઞા કરે છે, જેનામાં વિનય નથી, જે સાંભળવા ઈચ્છતો નથી, જે માનવા ઈચ્છતો નથી, એને કહેવું કે આમ કર એ પોતાની હેરાન ગતિ છે. આ એક જાતનો મૃષાવાદ છે કે તમે એને કીધું આમ કર અને તેણે ના કર્યું, આને પણ શાસ્ત્રમાં એક પ્રકારનું જુઠ્ઠાણું કહ્યું. घंटालोहं णाउं को कडकरणे पवट्टिज्जा!॥
જે ઘંટ થાય એવું લોખંડ છે, તે લોખંડમાંથી ચટાઈ બનાવવા જવી તે જેમ એક પ્રકારની મુંઝામણ છે, એમ જ્યારે છોકરો માનવાનો જ નથી, સમજવાનો જ નથી ત્યારે એને સમજાવવા જવું એ પણ એક પ્રકારની મુંઝામણ છે. SILENCE INJECTION - નાની નાની વાત હોય એમાં LET GO કરો. મોટી વાત હોય તેમાં LET GOD કરો, ભગવાન ઉપર છોડી દો. બની શકે કે જે સમયે તમે છોડી દો એનું RESULT સારું આવે. CHESS માં તમે ક્યારેક બે STEP RETURN થવું તે જરૂરી હોય છે, અને જેને RETURN જવું જ નથી આગળ આગળ જ જવું છે, તે પોતે હારી જાય એવું પણ બની શકે છે. અમારી પાસે આવો ત્યારે ખાસ ધ્યાન રાખો, દિકરા માટે બે શબ્દો સારા બોલો, એની ફરિયાદ હોય તો ખાનગીમાં કરી જજો. બહુ BASIC વસ્તુ છે અમને નથી સમજાતું કે તમને કેમ નથી

DATE

સમજતું. તમારો દિકરો એનો સંપૂર્ણ વિકાસ શેના પર
DEPENDENT છે એ તમને ખબર છે ? અમારા શિષ્યો હોય
તેનો સંપૂર્ણ વિકાસ શેના ઉપર DEPENDENT હોય ?, એને
અમારા માટે જેટલો સદ્ભાવ હોય એટલો એનો વિકાસ
થાય. અનાદિ કાળના દોષો છે એની સામે લડવાનું છે. સામા
પ્રવાહે તરવાનું છે, અનાદિ કાળમાં જે કર્યું છે તે નથી કરવાનું
તેનો વસ્તુ નથી, અને એને કહીને કરતા ભય એ પણ POSSIBLE
નથી, એને સદ્ભાવ નહી હોય તો પણ POSSIBLE નથી.
અમારે એ અમારું ગુરુત્વ નીભાવવું છે અને એ અમારે શિષ્ય
નું ઘડતર કરવું છે તો એની ૧૦ ભૂલ છે એ દસે-દસ
ભૂલ બતાવવા લાગશું, એપણ અમારી રીતે બતાવવા લાગશું
તો એ નહિ સુધરી શકે. અવસર જોઈને સમય જોઈને કેવી
ભાષા, કેવા શબ્દો બોલવા ન બોલવા, આ બધું વિચાર કરી
ને શિષ્ય ને કહેવું આવું અમને શાસ્ત્રકાર ભગવંતો એ
શિખવાડ્યું છે. ઉપદેશમાલામાં એક SYSTEM બતાડી કે
ગુરુ એ શિષ્ય ને કઈ રીતે કહેવું, અને ત્યાં એ SYSTEM નું
વર્ણન કર્યું છે - पल्हायंतो व मणं सीसं चोएइ आयरिओ।
ગુરુ મણે શિષ્ય ની ટોકતા ના હોય એની ભુલ ના બતાવતા
હોય, પણ એને વ્હાલ કરતા હોય એને આનંદિત કરતા હોય,
એ રીતે ગુરુ એ શિષ્ય નું અનુશાસન કરવું જોઈએ. શિષ્ય
ના હૃદયમાં જેટલો સદ્ભાવ એટલી એની વિકાસની શક્યતા.
દીકરાના હૃદયમાં તમારા પ્રત્યે જેટલો સદ્ભાવ એટલી
દીકરાના વિકાસની શક્યતા. એની ૨-૪ ભુલો નહી સુધરે
તો બહુ વાંધો નહિ આવે, આજ નહી તો કાલે સુધરશે. આજે
એના હૃદયમાં તમારા પ્રત્યે રહેલો સદ્ભાવ જતો ના રહે
એની ચિંતા તમે પહેલા નંબર માં કરજો. SUGAR
INJECTION - પ્રાયઃ કરીને MAJORITY જેટલું બોલો
એટલું મીઠું બોલો. SPICE INJECTION - અવસરે
તીખાશ લાવો. SPIRIT INJECTION - એને રોજેરોજ
સાત્વિક પ્રેરણા મળતી રહે એવા પ્રયાસ તમારા તરફથી થવા જ

ઔઈજે. નંબર ૪ ~~[illegible]~~ SILENCE INJECTION - ચૂપ રહેતા શીખો. જેને ચૂપ રહેતા નથી આવડતું તેને બોલતા પણ નથી આવડતું. જેને બોલતા આવડે છે તેને ચૂપ રહેતા આવડે છે. અવસરે ચૂપ રહેશો તો દીકરા નું અનુશાસન વધારે સારી રીતે કરી શકશો. તમારા બધા જ પ્રયાસ કરવા છતા છેવટે ના જ માને એ ના જ સમજે તો ભવિતવ્યતા ઉપર તમે છોડો છો અને તમે જે છે એ તમારો શાંતિ ના ગુમાવો તમે રાગદ્વેષ ના કરો, છેવટે દીકરો આ ભવ પૂરો થયે એના રસ્તે પડવાનો જ છે, તમે તમારા રસ્તે પડવાના છો, અનુસંગત મા-બાપ તરીકે ની જવાબદારી નિભાવવી તમારે હોય, વધુમાં એક વાત કરું આ બધી વાત અમે ગમ્મે તેટલી કરીએ તમારી છેલ્લી ફરિયાદ આવી ને ઊભી રહે છે કે સાહેબ હવે સિલેબસ એવા થઈ ગયા, સાહેબ CBSC BOARD માં આટલું HOMEWORK આટલી EXAMS, એને માર્ક્સ ભેગા કરવાના, આટલા TUTIONS, આટલા CLASS, ENGLISH MEDIUM, HOMEWORK, બહુ પ્રેમથી તમને કહેવા માંગુ છું, તમે વૈકેશનો ભોગવ્યા છે અમે વૈકેશનો ભોગવ્યા છે, હવેની GENERATION ના હાથમાં વૈકેશન જેવું કોઈ રહ્યું નથી. તમારા દીકરાનું ભવિષ્ય જો તમારે બગાડવું ના હોય, તમે ઈચ્છતા હોવ કે તમારો દીકરો જે છે જે એના ભવોભવ ને બગાડે નહીં, આ ભવને બગાડે નહિ, એના માટે એક રસ્તો, પાઠશાળા માં જવા માટે એને અનુકૂળતા રહી નથી, શિબિર ની હું વાત કરું, અનુકૂળતા નથી રહી, તમને કહું કે એને ~~[illegible]~~ એક વાર્તા કહેવા બેસો તો તમને ટાઈમ નથી એને ટાઈમ નથી. અને છતાં તમારે એનો વિકાસ કરવો છે અને ઘરડે ઘડપણે એ તમને સાચવે એવું ઈચ્છો છો, એ યુવનમાં એ મોટા પાપો ના કરે એવું તમે ઈચ્છો છો, એ એક સારો માણસ બને એવું તમે ઈચ્છો છો, અમુક આવડો ની ભાવના છે, કે દરેક ઘરની અંદર જે સંતાન હોય એની ૧૦ થી ૧૫ વરસની ઉંમરની વચ્ચે એક વરસ સ્કુલનું DROP કરે. $6^{th}$ આવી $7^{th}$ માં જવાની હોય તો $7^{th}$ DROP કરે, અને NEXT YEAR એ સીધો $8^{th}$ માં જાય, એ જે $7^{th}$ નું YEAR બચ્યું એ એના માટે SPIRIT INJECTION બની જાય, સાત્વિક રીતે જે રીતે 6 કલાક જાય છે સ્કુલમાં ભણવા એવી જ રીતે 6 કલાક ની સાત્વિક સ્કુલ એના માટે તૈયાર થાય

એ સ્કુલનું આખું માળખું હોય, SPECIAL એના ૬-૭-૮
પિરિયડ્સ હોય, જુદા-જુદા SUBJECTS હોય, તમારો દીકરો
એક વરસની અંદર એની જિંદગી ભરનું ભાથુ મેળવી લે, તમે
વિચાર કરો, તમારે ભણવું હોય, દિકરા ભણવા માટે નથી, તપો-
વન જેવી સંસ્થામાં તમે ભણવા જઈ શકતા નથી, પાઠશાળામાં
જે છે તમારા બધાના દિકરા પહોંચી શકતા નથી, શિબિર
ATTEND કરી શકતા નથી, તમે સત્વ ફોરવો એક વરસનો
અમારે કાઢવું જ છે કશું બગાડવું નથી. તમે જે છે એ લોકો
ને બરાબર વાત કરો તમારે સીધું જે છે એની ઉંમર જોઈને
ઉંમરના આધારે એને આગળા વરસની અંદર લઈ લે, એનું
વરસ જે છે 6th માં એની સાથે જે છોકરા ભણતા હતા એ
જ એની સાથે 8th માં બેઠા હોય. તેઓ 7th નું ભણ્યા
હોય અને તમારો દિકરો એની આખી LIFE નું ભણી
ગયો હોય, આ વસ્તુ POSSIBLE છે, એના માટે તમે ખાસ
SERIOUSLY વિચાર કરો. આ FEBRUARY મહિનો
ચાલી રહ્યો છે, આગળા વરસની FEES એ તમે ના ભરો,
તમારા દિકરા માટે તમે વિચારો, દસ થી પંદર વરસના જે
પણ બાળકો હોય એની આ વાત છે, અને એ બાળકો જે છે
એક વરસની અંદર અહીંયા પાઠશાળામાં આપણે આઠ
આઠ વરસ જે ભણાવી શકતા નથી, દર વરસે શિબિરમાં
જાય તો પણ એને જે ના મળી શકે, બીજુ-ત્રીજુ રીતે તમે
TRY કરોને જે RESULT ના આવી શકે, એ RESULT
એક વરસ CONSTENT, રોજ જે છે ૬ કલાક Spiritual
EDUCATION આપવામાં આવે, એ સારો માણસ બને,
એ શ્રાવક બને, માતાપિતાનો ભક્ત બને અને દુષણો થી
બચે, વ્યસનો થી બચે, પતન થી બચે, તમારી છાતી ગજગજ
ફુલે, તમને યુવન ભર એ સાચવે એના માટે, મારી દ્રષ્ટિએ
આ તમારા માટે છેલ્લો CHANCE કહેવાય, એની માટે
ખાસ વિચારજો. છેલ્લી વાત થોડો આપણો ટાઈમ એવો
હતો થોડુક જે છે એ બહારનું તો ઠીક છે, પણ અંદર

DATE

અમુક એવા લોકો હોય છે જે માત્ર રવિવારે આવતા હોય, રોજના તો જે હોય છે તેમને તો ખ્યાલ હોય છે, ખાસ હું તમને કહું આપણી SERIES આગળ ચાલું છે. NEXT SUNDAY સવા નવ થી સવા દસ, SURGERY OF PARENTING SERIES માં NEXT SESSION રહેશે BRAIN OPERATION, આજે TONGUE OPERATION હતું, BRAIN OPERATION ની પણ જરૂર છે, ખાસ તમને એક REQUEST છે બહાર એક બોર્ડ છે અત્યારે જ્યારે ત્યારે પણ વાંચતા જજો અને બીજુ વાર આવો ત્યારે પણ આ બોર્ડ વાંચજો, જેટલી તમારી STEADYNESS હશે, જેટલું તમારું CONCENTRATION સારુ હશે, તેટલું મારું પણ CONCENTRATION સારુ રહેશે. હું તમને BETTER આપી શકીશ.

* * * * * *

classmate

સાચા મા-બાપ કઈ રીતે બનવું ?

રવિવાર 22

DATE 03 02 2019

THE SURGERY OF PARENTING

EAR OPERATION

પરમ પૂજ્ય મુનિરાજ શ્રી જિનપ્રેમ વિજયજી મહારાજ સાહેબ

THE SURGERY OF PARENTING આજે SECOND SESSION આજે તમારૂં EAR OPERATION કરવું છે. છગન અને મગન બે વાત કરતા હતા, છગને મગનને કહ્યું કે અમુક પ્રકારનું સંગીત હોય એ તે બહેરા પણા માં ઉપકાર હોય તમને બહેરાપણું હોય ને અમુક પ્રકારનું સંગીત તમે સાંભળો તો તમને સારું રહે, તમારૂં બહેરાપણું દુર થાય, મગને પોતાનું જ્ઞાન પીરસ્યું કે અમુક પ્રકારનું સંગીત હોય એ એમાં બહેરા પણું ઉપકારક હોય, સંગીત એવું હોય એ કે એ તમે બહેરા હોતો તમને શાંતિ રહે. ક્યારેક સાંભળવું એ તકલીફ હોય છે, ક્યારે ન સાંભળવું એ તકલીફ હોય છે અને બંને તકલીફ અને બન્ને ધારાની મારે તમને વાત કરવી છે. ત્રણ STEP માં આજે EAR OPERATION કરવું છે. એમાં પહેલો STEP છે બહું સાંભળવું મોટા ભાગના ઘરોની તકલીફ, મોટા ભાગના પરિવારોની તકલીફ, મોટા ભાગના મા-બાપ ની તકલીફ એ છે કે તેઓ પોતાના દિકરા ને સાંભળી શકતા નથી. STEP NUMBER 1 - બહુ સાંભળવું, દિકરો બોલે છે ત્યારે એને સાંભળો, દિકરો ચૂપ છે ત્યારે પણ એને સાંભળો દિકરો જ્યારે નથી બોલતો ત્યારે તેનું મન બોલતુ હોય છે તેને પણ તમે સાંભળો. એ ચાલે છે એની ચાલને સાંભળો, એ જમી રહ્યો છે એના ભોજનને સાંભળો, એ કાંઈ ડીમાંડ કરી રહ્યો છે એના રીઝને સાંભળો, એ સુઈ ગયો છે એની ઉંઘ ને સાંભળો, એ ક્યાંક બેસી ગયો છે મોઢું પડી ગયું છે એની નિરાશાને સાંભળો ! મોટા ભાગના મા-બાપ દિકરાને આખી જિંદગી સાંભળતા જ નથી. એક પરિવાર હતો તેના બધા સભ્યો બહેરા હતા, ઘરે વહુ છે તલ વીણવા બેઠી છે બહાર થી સાસુ આવે છે, વહુ ઉપર ગરમ થાય છે કે અત્યારે તુ આ તલ લઈને બેઠી, તો મારો દિકરો દુકાને થી આવશે

તો શું ધૂળ જમશે ?, એટલે વહુ એ તરત પોતાનો બચાવ કર્યો કે ભગવાન ના સોગંદ મેં આમાંથી એક પણ તલ ખાધું નથી, તમને ખબર નથી તો મારા પર આરોપ કેમ કરો છો ?, મેં એકેય તલ ખાધું નથી, એટલે સાસુ એ કહ્યું અત્યારમાં આ રીતે તલ લઈને બેસાના હશે, રસોઈ કરશે કોણ ? અને ત્યાં તો દુકાને થી માણસ આવ્યો, એને જોઈ ને સાસુ તરત વહુ ઉપર તાડુકયા કે એ આ માણસ આવ્યો છે દુકાનેથી અને એ અહીંયા ટીફીન લેવા આવ્યો લાગે છે, હવે એ શું લઈ જશે ખબર નથી પડતી અત્યારમાં તલ લઈને બેસાનું હશે ?, અને ઓલો માણસ છે એ પણ જરા મુંઝાય છે કે હવે આમાં કરવું શું ?, અને વહુ પણ જોઈ રહી છે અને માણસે કહ્યું કે શેઠ જે છે એમણે કહ્યું છે કે લગન નું આમંત્રણ આવ્યું હોવાથી ઘરમા જમવા આવશે નહિ. એટલે સાસુ કે છે કે એ એ પુછે કે ટિફિન કેમ તૈયાર નથી કર્યું. ટિફિન કયાં ગયું ?, ક્યાં ગયું ?, અને વહુ કહે છે કે જુઓ તમે આ તલનું વજન કરીલો. મેં એક પણ તલ ખાધો હો હશે ને તો મારા પપ્પા તલનો ટેમ્પો મોકલી આપશે, તમે સમજ્યા વગર આવી રીતે તાડુકો નહિ, એ ઓલો માણસ છે એ હવે મુંઝાય છે. પરિસ્થિતિ સમજુ થાય છે, ACTION કરીને કહે છે, શેઠ જમવા નથી આવવાના, એટલે સાસુ હજુ તાડુકે છે એ તે કહે છે કે હજુ જમવાનું બન્યું નથી, રસોઈ બની નથી ?, એટલે વહુ પણ પોતાનો બચાવ કરે છે અને કહે છે કે એ આ માણસ પણ કહે છે મેં એક તલ ખાધો નથી. અને પછી જે ઓલી વહુ છે ને સાસુ છે એ બંને એક બીજા સામે ઘુરકિયા કરે છે ને માણસ બરાબર પરિસ્થિતિ સમજુ થાય છે, માણસ હજુ સમજુ થાય છે અને બંને ને ઈશારો કરીને કહે છે કે મને કાગળ-પેન આપો તો હું લખી ને તમને વાત કહું જે મારે તમને કહેવી છે. એટલે સાસુ ફરી તાડુકયા કે એ એ કહે છે કે શેઠ ને બધો REPORT તારો આપી દેશે. એટલે વહુ કહે છે જુઓ આ માણસ તમને કે છે કે પહેલા બરાબર તલનો હિસાબ ગણો અને પછી વહુના માથે પડો. સાસુ અને વહુ ના ઘણા બધા છબરડા થયા કારણકે તે બહેરા હતા તમારા જીવનમાં પણ ઘણા બધા છબરડા થતા હોય છે કારણકે તમે બહેરા હો છો ! સંતાનને સાંભળો ! બહુ સાંભળો ! જ્યાં સુધી તમે બહુ નહિ સાંભળો, સાંભળવાનું છે એ નહિ સાંભળો, ત્યાં સુધી

DATE

તમારૂં કંઈકશું પડવાનું નથી. જીવના ચૈતન્યના વિકાસની
પરમસીમા હોય ને તો એ કાન છે. પંચેન્દ્રિયથી વધારે
ચૈતન્યનો કોઈ જીવ હોતો નથી, જિનશાસને પંચેન્દ્રિય જીવ
ની અંદર ઈન્દ્રિયોની ઉત્તમતાને સ્વીકારી છે, કે તમને પાંચ
ઈન્દ્રિયો મળી, એટલે કે ~~ની સીમા~~ એક લિમિટ આવી ગઈ,
એક સીમા આવી ગઈ, અને HIGHEST SENSE ઉપર
પહોંચી ગયા. શબ્દકોષની અંદર એક શબ્દ આવે છે તેનું
નામ છે સકર્ણ, અને સકર્ણનો અર્થ થાય કાનવાળા અને
તેનો ભાવાર્થ થાય બુદ્ધિવાળા. કોઈ માણસમાં ઓછી બુદ્ધિ
છે, આપણે કહીએ તે સાંભળતો નથી, એ બહેરો નથી,
KNOW VERY WELL કે એ માણસ બહેરો નથી, છતાં
આપણે કહીએ છે કે તે સાંભળતો નથી. કોઈ માણસને કઈ
વાતને કઈ રીતે લેવી તેનો વિવેક નથી, અને આપણે કહીએ
છીએ કે તે માણસ કાચા કાનનો છે. EAR OPERATION
નો FIRST STEP - બહુ સાંભળો !! તમારૂં સંતાન જ્યારે
તમને કહે છે કે મારે પેલી વસ્તુ જોઈએ છે, અમુક વસ્તુની
એ જીદ કરે છે ત્યારે તમે તેની વિષય તૃષ્ણાને સાંભળો,
તમે કાંઈ બીજું જ સાંભળતા હો છો, તમે કાંઈ બીજું જ સમજતા
હો છો, એને કારણે જે સાંભળવાનું અને સમજવાનું છે એને
તમે ચૂકી જતા હો છો. એ કહે છે કે મને આ વસ્તુ લાવી આપો
ત્યારે આપણે એની જીદને સાંભળતા હોઈએ છીએ એના
વાક્યને સાંભળીએ છીએ, એની વિષય તૃષ્ણાને સાંભળતા
નથી, હું તમને કહું છું કે તમારૂં સંતાન જે વસ્તુની જીદ કરે
એ તમે એને અપાવી આપો તો પણ તમે મા-બાપ તરીકે
FAIL છો !! તમારૂં સંતાન જે વસ્તુની જીદ કરે એની
તમે ના પાડી દો તો પણ તમે એના મા-બાપ તરીકે FAIL
છો. તમારે સંતાનને એ કહેવાનું હતું કે બેટા તારે ચીજ
વસ્તુઓના ગુલામ નથી થવાનું. તને જે જોઈએ છે તેનોનું
ગુલામ થઈ જઈશ. આજે ગેમની જીદ છે ને, તને ગેમ
જોઈએ છે, બેટા આજે તું ગેમ જોવે એના માટે રડે છે.

classmate

મેં તને માનો કે ગેમ અપાવી દીધી, કાલે ગેમ કોઈ બીજો ટ્યોકિન રમવા બેસી જશે તો તું રડીશ, પરમ દિવસે એ ગેમ ખોવાઈ જશે તો તેના માટે તું રડીશ, ચોથા દિવસે એ ગેમ મળી ગઈ હશે પણ તૂટી ગઈ હશે એના માટે તું રડીશ, બેટા તું ગેમ માટે એટલા માટે રડે છે કારણ કે તું એમ માને છે કે ગેમ તારી ખુશી છે, પણ હકીકત એ છે કે ગેમ તારું દુઃખ છે. તું જ્યારે ગેમ માટે રડે છે ત્યારે તું દુઃખ માટે રડે છે. તું એમ વિચારે છે કે ગેમ મળશે એટલે હું ખુશ થઈ જઈશ, ગેમ મળશે એટલે હું સુખી થઈ જઈશ, ગેમ મળશે એટલે મને મજા આવશે તો તું ગેમને સમજ્યો જ નથી બેટા !! આપણા ભગવાને આચારાંગ સૂત્રની અંદર કહ્યું છે:- પડિલેહાએ ણાવકંખઇ। તમને જે જોઈએ છે, તમને જે ગમે છે, જેની તમને જરૂર થઈ, જેની તમને ઈચ્છા થઈ, એની પાછળ કેવી રીતે દોડવું, એને મેળવી કઈ રીતે લેવી, કઈ રીતે એ વસ્તુ તમને મળી જાય એના પ્રયાસો કરવા. તમારે કશું જ કરવાની જરૂર નથી તમે માત્ર એ વસ્તુને જુઓ, એની માત્ર ઉપલી સપાટી નહિ તેને આરપાર જુઓ, તેનું માત્ર PRESENT નહી તેનું FUTURE પણ જુઓ. એનું તમે પરિણામ જુઓ, એનો તમે હિસાબ-કિતાબ કરો કે એ વસ્તુ તમને ખુશી કેટલી આપે છે ?, એ વસ્તુ તમને દર્દ કેટલું આપે છે ?, અને આ બધો જ હિસાબ તમે કરશો તો એ વસ્તુની તમને ઈચ્છા જ નહિ રહે, પડિલેહાએ ણાવકંખઇ તમારે સંતાનને બરાબર સાંભળવાના હતા, જ્યાં સુધી તમે એને બરાબર સાંભળ્યો નથી, ત્યાં સુધી તમે તેને ક્યારે પણ સાચો જવાબ આપી શકવાના નથી. તમારે સંતાનને કહેવાનું હતું કે બેટા આપણા ભગવાને આચારાંગ સૂત્રમાં કહ્યું છે - आसं च छंदं च विगिंच धारे - જો તું બુદ્ધિશાળી હોય, જો તું સ્માર્ટ હોય, જો તું અક્કલવાળો હોય, તો ૨ વસ્તુને તારે છોડી દેવી જોઈએ, પહેલા નંબરની વસ્તુ છે આશા, અને બીજા નંબરની વસ્તુ છે ઈચ્છા !!

તમારે દીકરાને કહેવાનું હતું બેટા આપણા ભગવાને કહ્યું છે, आसं च छंदं च विगिंच धारे। આશા અને ઈચ્છા એ બે કાંટા છે, જેને તું અંતરમાં સંઘરીને બેઠો છે, વારંવાર એ જે છે એ તને ભોંકાયા કરે છે, તું અંદરથી ઘવાતો જાય છે, દુઃખી થતો જાય છે, બેટા વસ્તુ

મેળવવામાં આપણી ખરી SMARTNESS નથી, વસ્તુની આપણને જરૂર જ ના રહે એ આપણી ખરી SMARTNESS છે, બેટા તું STUPID નથી, બેટા તું SMART છે, જે STUPID હોય છે તે વસ્તુઓનો ગુલામ બને છે, અને જે SMART હોય છે તે સમ્રાટ બને છે. તમારે દિકરાને બરાબર સાંભળવાનો હતો અને તેને કહેવાનું હતું કે બેટા તારી પાસે બહુ બધુ હોય એ તારી REAL RICHNESS નથી, તને કોઈ ઇચ્છા જ ના હોય, વસ્તુઓની પરવાહ જ ના હોય, વસ્તુઓની જરૂરત જ ના હોય, તું MINIMUM REQUIREMENTS માં જીવી શકે, એ તારી ખરી RICHNESS છે. HE IS THE RICHEST WHOSE PLEASURES ARE CHEAPEST, તમે સસ્તામાં સસ્તા રસ્તા થી આનંદિત થઈ શકો, તમે મફતમાં ખુશી થઈ શકો, તમે કોઈ ચીજ વસ્તુ વગર ખુશ રહી શકો, એ ખરી તમારી શ્રીમંતાઈ છે, એ ખરી તમારી RICHNESS છે, તમારે દિકરાને કહેવાનું હતું, ચાહ ગઈ ચિંતા ગઈ મનવા બેપરવાહ जिसको कुछ न चाहिये वोहि શહનશાહ. દુનિયા નો ખરો શહેનશાહ એ જ છે જેને કશું જોઈતું નથી, દુનિયા નો ખરો શહેન શાહ એ જ છે જેને કોઈ ચાહના નથી, જેને કોઈ ઇચ્છા જ નથી, દુનિયા નો ખરો શહેનશાહ એ છે જેને ચીજવસ્તુઓ ની કોઈ પરવાહ જ નથી, દુનિયાનો ખરો શહેનશાહ એ છે જે SELF SATISFIED છે, જે ~~આત્મ~~ આત્મ સંતુષ્ટ છે, જેને પોતાની સીવાય બીજા કોઈની જરૂર જ નથી, દીકરો કાંઈ બીજું જ કહી રહ્યો છે, તમે કાંઈ બીજું જ સાંભળી રહ્યા છો, આ તમારા કાનની જ તકલીફ નથી, તમારા આખા ઘરની, પરિવાર ની અને સંસાર ની તકલીફ છે. દીકરો વારંવાર રિસાઈ જતો હોય ત્યારે એના અહંકાર ને સાંભળો, એ વારંવાર રડી રડીને બધા નું ધ્યાન ખેંચવા માટે નો પ્રયાસ કરે છે, ત્યારે તેની હુંફ ની જે ભુખ છે તેને સાંભળો, તમારો દિકરો તમારી આગળ જીદ કરે છે TASTY DISH બનાવી આપવાની ત્યારે

એની સ્વાદ લંપટતા ને સાંભળો. તમારા દિકરાને પાણીપુરી નો ભારી વાળો ભૈયો પણ જમાડી શકે એમ છે, તમારૂં સાચું માતૃત્વ ને પિતૃત્વ એમાં છે કે તમારા દિકરા ની જે પાણીપુરીની વાસના છે એના ઉપર જ પાણી ફેરવી દો. તમારા દિકરા ને તમારે પ્રવાહ નું ઘેટું બનાવવું છે, કે કાંઈક એને EXTRA ORDINARY બનાવવો છે. જેમ દુનિયા પણ બની ને પૈસાની પાછળ ચીજ વસ્તુ ઓની પાછળ દોડ્યા કરે છે, ભાગ્યા કરે છે. વળી લોન લે, વળી એનું વ્યાજ ચૂકવે, વળી એના હપ્તા ઓ ચૂકવે, વળી TENSION રાખે, વળી લડે-ઝઘડે વળી રાત ના ઉજાગરા કરે, વળી જે છે એમાંથી રોગી થઈ જાય - શારિરીક- માનસિક, દુઃખી દુઃખી થઈ જાય, તમારે જો તમારા દિકરા ની સ્થિતિ આવી નથી કરવી તો તમારે એને UPLIFT કરવો જ પડશે. અને દિકરાને UPLIFT કરવો છે એના માટે જ EAR નું OPERATION છે - બહુ સાંભળો - સાચા માબાપ એ છે જેમનું દિકરા ની નાના માં નાની બાબત ઉપર પણ ધ્યાન છે. સાચા મા-બાપ એ છે કે દિકરા ના નાના માં નાના દોષ ને પણ NEGLECT કરતા નથી. સાચા મા બાપ એ છે કે દિકરા ને કેવું લાગશે એનો વિચાર નથી કરતા પણ મારો દિકરો કેવો બનશે આની ચિંતા અને આનો વિચાર કરે છે. PHASE NUMBER 1 બહુ સાંભળો PHASE NO.-2 ઓછું સાંભળો ઠગન એ વાર રાજ કારણમાં ઘુસી ગયો, ચૂંટણી માં ચૂંટાઈ ગયો વિધાન સભ્ય બની ગયો, બીજું તો એને કાંઈ આવડતું ન હતું, PERSONAL ASSISTANT ને પુંછ્યું કે વિધાનસભામાં મારે મારી સારી છાપ પાડવી હોય તો દરેક DISCUSSION માં મારે બોલવું જોઈએ કે નહિ, તો PA એ સલાહ આપી કે દરેક ચર્ચામાં તમે નહિ બોલો તો તમારી સારી છાપ પડશે, ઘણી વાર બહુ બોલવાથી બાજુ ~~બગતી~~ બગડી જાય છે. ઘણી વાર બધું જ સાંભળવાથી બાજુ બગડી જાય છે. ઓછું સાંભળો - તમારૂં સંતાન અમુક જન્માંતરીય સંસ્કારો લઈને તમારા ઘરમાં આવ્યું છે. અમુક સંસ્કાર NATURALLY છે, અમુક સંસ્કાર કુદરતી છે, અમુક સંસ્કાર છે જેમાં કોઈ જ તકલીફ પડતી નથી, અમુક સંસ્કાર એને આપવા પડે છે, અમુક એનામાં નવા લાવવા પડે છે, અને જ્યારે તમે એને સંસ્કાર આપવા જાવ ત્યારે

તમારું સંતાન ઊંધુ નીચું થાય છે, એ કુદાકુદ કરે છે, રડે છે, ખાવાનું છોડી દે છે, રિસાઈ જાય છે, આ ઘટના જ્યારે પણ બનતી હોય, ત્યારે તમે કોમળ બનો છો, જતું કરો છો. તમે કઠોર બનો છો ત્યારે તમે કહો કે જેટલું ~~[crossed out]~~ રિસાવું હોય એટલું રિસા, રડવું હોય એટલું રડ. આમાં કોઈ ફેરફાર થવાનો નથી, જ્યારે તમે કઠોર બનો છો ત્યારે તમે ખરા અર્થમાં કોમળ બનો છો. આપણે ત્યાં એક મહાપુરૂષ થઈ ગયા, પૂજ્ય નેમિસૂરિદાદા એમનું નામ, એમના અનેક શિષ્યો હતા અને શિષ્યો ને ભણાવવા માટે એમણે બહુ જ કડકાઈ અપનાવેલી, ભણાવવા માટે વઢવું પડે તો વઢતા, મારવું પડે તો મારતા, અને મારવા માટે જે છે એ, અમે તમારા ઘરે વહોરવા માટે આવીએ છીએ ને ત્યારે તરપણી લાવીએ, એ દોરાથી બાંધેલી હોય ને એટલે ઉપાડવું ફાવે. એવી રીતે ઘડાનો દોરો આવે એનાથી જાડો હોય, પેલો દોરો પતલો હોય આ દોરો જાડો હોય, કોટનનો હોય પણ ગુંથી ને એકદમ જાડો બનાવ્યો હોય, અને શિષ્યોને ભણાવવા માટે એ દોરાનો પણ ઉપયોગ એ મહાપુરૂષ કરતા. અને એમની આ કડકાઈ એમની આ કાળજી ના કારણે જિનશાસનને મહાવિદ્વાન ૯ આચાર્યોની ભેટ મળી. બહુ સરસ મઝાની વાત નીતિશાસ્ત્રોની અંદર કરી છે પિતૃભિસ્તાડિતઃ પુત્રઃ શિષ્યશ્ચ ગુરુશિક્ષિતઃ કોઈ મા-બાપ હોય એમણે દિકરાને મારી મારીને ભણાવ્યો હોય, કોઈ ગુરૂ છે જેમણે ખુબ જ કડકાઈ સાથે શિષ્યનું ઘડતર કર્યું હોય. ઘનાહતં સુવર્ણં ચ,- અને સોનું હોય તેના પર ઘણના ઘા પડ્યા હોય, ઓજાર આવે છે જેને ઘણ કહેવાય, બહુ ભારે હોય, એનાથી સોનાને ટીપી ટીપીને ઘાટ ઘડવામાં આવે, મા-બાપ દ્વારા જેણે માર ખાધો છે એવો દિકરો, ગુરૂની શિક્ષા જેણે પામી છે એવા શિષ્ય અને ઘણના ઘા ખાધા છે એવું સોનું એ બધા દુનિયામાં આભુષણની જેમ શોભી ઉઠે છે. દિકરાને તમારે પંપાળવો છે, એને એની બધી જ વસ્તુઓ એને આપવી છે, તમારે એની બધી જ ઈચ્છા પુરી કરવી છે, ત્યારે તમે એને માયકાંગલો, સત્વહીન અને

જાયતે જનમોડનમ્

ગુલામ બનાવો છો. હું તમને કહું છું કે આજે તમારે કદાચ સગવડ છે, જ્યારે સગવડ નહિ હોય ત્યારે શું ?, આજે કદાચ સગવડ છે અને તમે એના બધા શોખો પુરા કરી દો છો, કાલે તમે હોશો જ નહિ ત્યારે શું ?, આજે કદાચ અનુકૂળતા છે, પુણ્ય છે કાલે ઉઠીને પુણ્ય પરવારી ગયું, કાલે તમે ગયા ને એનું પણ પુણ્ય પરવારી ગયું ત્યારે શું ?, એક માબાપે સગવડ અગવડ જોયાવગર દિકરાને ઉછેરવા માટે બધી જ મહેનત કરી, બધી રીતે જે છે એની ઇચ્છાઓ પુરી કરી બાળપણથી લઈને યુવાન થયો ત્યાં સુધી એની એક પણ શોખ પુરી ના કર્યો હોય એવું કર્યું નહી, મને પરસો પહેલાની ઘટના યાદ આવે હું 7th માં હતો, હું કલાસમાં જતો હતો ત્યાં બીજો એક છોકરો આવતો હતો, ત્યારે MARVEL નામનું નવું સ્કુટર આવ્યું હતું, એની ડિઝાઈન નવી હતી, એ છોકરો કલાસમાં MARVEL લઈને આવતો હતો અને તેના પપ્પા જે છે એ દુધવાળા જેવી સાયકલ રાખે ને તેવી સાયકલ લઈને ફરતા હતા, આવા પણ મા-બાપ હોય છે, મારો દિકરો છે ને એના મોહ માં ગાંડા-ઘેલા થઈને બધા જ શોખ પુરા કરે, પોતે મધ્યમ વર્ગીય હોવા છતાં, LOWER MIDDLE કલાસ ના હોવા છતાં એક કરોડપતિ ના દીકરા ના જેટલા શોખ પુરા થતા હોય, એટલા પોતાના દિકરાના પણ શોખ પુરા કરે, એક ફિલોસોફરે બહુ મજાની વાત કરી છે કે તમે જો શ્રીમંત છો, તો એ વાતની ખબર તમારા દિકરાને ન પડવી જોઈએ, કે તમે શ્રીમંત છો. તમારા દિકરાને જ્યારે તમારી શ્રીમંતાઈની ખબર પડે છે ને ત્યારે તમે એના વિકાસને રૂંધી નાખો છો, એનો વિકાસ રૂકી જાય એ દુઃખી થઈ જાય એ ભૂમિકા તમે રચી રહ્યા છો. લંડન ના એક પ્રમુખ, EX-PRESIDENT હતા એ સમયની વાત પોતે ઈંગલેન્ડ ના પ્રમુખ છે લંડનમાં રહે છે, પહેલા CITIZEN છે હોમ-હોમ સાહેબી છે, અખુટ વૈભવ છે. અને તેણે વિચાર્યું કે આ વૈભવમાં તો મારા દિકરાનો વિકાસ નહિ થાય, એણે પોતાના દિકરાને કડિયા ની અંદર કામ કરવા મોકલ્યો એ દિકરો રોજ કડિયા કામ કરે, એ સમયની વાત જ્યારે NET વગેરે હતા નહિ, કાયદા વગેરે હતા નહિ, બિલ્ડિંગ બનતું હતું, 7 માં માળે ઈંટો ગોઠવતો હતો, ગોઠવતા-ગોઠવતા એનું BALANCE ગયું,

સાતમા માળેથી ઇંગલેન્ડ ના પ્રમુખ દિકરો પડયો અને OFF
થઈ ગયો. એની સભા હતી અને સભાનો અંદર તેમણે કહ્યું
કે મને દુ:ખ છે કે દિકરો OFF થઈ ગયો પણ તે સ્વાવલંબન
ના પાઠ શિખતા શિખતા OFF થઈ ગયો તેનો મને ગર્વ છે.
મારો દિકરો કોઈ ખોટું કામ કરતા મર્યો નથી. મારા આદેશ
નું પાલન કરતાં મર્યો, એને સ્વાવલંબન શીખવાનું હતું.
આપણે બહુ BOSS બનીને રહીએ એ ના ચાલે, શેઠાઈ
કરીએ ના ચાલે, ORDER કરીએ ના ચાલે, આપણું કામ
આપણને કરતા આવડવું જોઈએ બીજાનું કામ આપણને
કરતા આવડવું જોઈએ. બધું કરતા આપણને આવડવું જોઈએ
આપણા હાથ એકદમ કોમળ હોય એ ના ચાલે, આપણા હાથ
કામ કરીને ઘસાઈ ગયા હોય એવું ના જ ચાલે, સ્વાવલંબન ના
પાઠ મારે મારા દિકરા ને ભણાવવા હતા, એ INCIDENCE
બન્યો મને દુ:ખ છે, સાથે સાથે સંતોષ છે, મારો દિકરો
સ્વાવલંબન ના પાઠ ભણતા ભણતા મર્યો. સ્વાવલંબન ના
પાઠ આપણે ભણાવવું તો એ મરી જશે એવી વાત નથી,
જોકે ENGLAND નો PRESIDENT જે પોતાના છોકરાને
આ રીતે છે કે ઘડતર કરી શકે તો આપણે શા માટે ના કરીશકીએ.
બહુ સરસ મજાની એક ઘટના, આપણે શીખીએ તો મજાની છે,
આપણને કરુણ ઉભરાય મન એવી દયનીય ઘટના. યુવાન
થયો ત્યાં સુધી મા-બાપે એના બધા જ શોખો પુરા કર્યા. અને
બન્યું એવું, હજુ સુધી એણે કોઈ COMPROMISE કર્યું ન હતું.
ઉંમર લાયક થયો છે MEETINGS ચાલુ થઈ છે, ૧ છોકરી, ૨,
૩, ૫, ૧૦, ૨૦, ૨૫, ૫૦, ૭૦, ૮૦, ૯૦, ૧૦૦, ૧૨૫, ૧૫૦, ૧૭૫ છોકરી
ઓ જોઈ, ૧૮૦, ૧૯૦, ૨૦૦ છોકરીઓ જોઈ, ઉંમર ૩૧ વરસ
ની થઈ હજુ પણ છોકરો કોઈ છોકરી ને PASS કરતો નથી.
મા-બાપ હવે ઉચાટ માં આવે છે, બેટા આટલું બધું એવું નહિ
જોવાનું બેટા તું વાંઢો રહી જઈશ, આ રીતે ના જોવાય તને
જે એમાં 100 માંથી 100 આવે તો જ PASS કરે, બેટા
આવું ના કરાય, હું તમને કહું છું કે તમે બાળપણ થી એને

classmate

કેળવ્યો નથી, પણ જ્યારે પાણી નાકની ઉપર જતું હશે ત્યારે તમારો એને ના છૂટકે COMPROMISE કરવા માટે કહેવું પડશે, પણ પહેલા એ COMPROMISE એના શબ્દકોષ માં જ નથી, તો એને સાંભળવું એ અઘરું પડશે, અને તમને એની દયા એવી પણ અઘરી પડશે. ૨૦૭ મી છોકરો એ છોકરી એ પાસ કરી, ભારે ખર્ચે લગ્ન થયા, એક મહિના પછી DIVORCE થયા. ઓછું સાંભળો - તમે એનું ઘડતર કરી રહ્યા છો ને છોકરો વિરોધ કરે છે, તમને આજ આડા કાન કરતા આવડવું જોઈએ. એ રડે છે, કકળે છે, ના આમ નહિ ચાલે, વિરોધ કરે છે હું આવું નહિ કરું, તમને પણ ખબર છે કે એના હિતની વાત છે, એના માટે આ વસ્તુ જરૂરી છે, આજે જો તમે ચૂક્યા, તો તમારે કાયમ ચૂકતા રહેવું પડશે. એક વિદેશી પુસ્તક છે એનું નામ છે તમારા દિકરાને લાફો મારતા શીખો. જે મા-બાપ દિકરાને લાફો મારી શકતા નથી એ સાચા મા-બાપ થઈ શકતા નથી.
બહુ સરસ મજાની વાત નીતિશાસ્ત્રો માં કરી છે - લાલયેત્પંચ વર્ષાણિ દશ વર્ષાણિ પાંચ વરસ સુધી દિકરાને લાડ કરો એની હઠ. બે-અઢી વરસની ઉંમર તેને NURSERY માં મુકી દેવાની નથી, તમે મૂર્ખા બનો છો, તમે એના કુમળા માનસને કચડો છો, તમે જે છે એના ભાવિષ્યની ઘોર એના બાળપણમાં જ ખોદી રહ્યા છો, જો તમે પાંચ વરસની ઉંમર પહેલા તેના ભણતરનો બોજ નાખો છો. લાલયેત્પંચ વર્ષાણિ - પાંચ વરસ એને ખુબ જ લાડ કરો, એને પ્રેમ આપો, એને ભરપૂર હુંફ આપો, એને વાત્સલ્ય આપો. નિશીથસુત્ર ની અંદર કહ્યું છે કે જે બાળકને બાળપણની અંદર એકદમ હુંફ મળી જાય, પ્રેમ અને વાત્સલ્ય મળી જાય, એનું શારિરીક અને માનસિક બળ ખુબ જ વધી જાય, એની મેધા શક્તિ વધી જાય, એનો MEMORY POWER વધી જાય, એના શરીરની રોગ પ્રતિકારક શક્તિ વધી જાય, જેને મા-બાપ બની ને છુટી પડવું છે, ચાલો બે કલાક તો બે કલાક દિકરા થી આપણે છુટ્યા એ લોકો દિકરાનો ગંભીર અપરાધ કરી રહ્યા છે. ઓછું સાંભળો - દિકરા પ્રત્યે તમે જો કઠોર ના થઈ શક્યા તો તમે એનું કદી પણ ઘડતર કરી શકશો નહિ, દિકરાને જે વસ્તુ જોઈએ એ જો તમે લાવી આપો છો તો હકીકતમાં તમે એને આપઘાત લાવી આપો છો. જે દિવસે એનું પુણ્ય પરવારશે, જે દિવસે એવી સગવડ નહિ રહે, જે દિવસે તમે હાજર નહિ હો, જે દિવસે તમે નજીક નહિ હો, એને એની જોઈતી વસ્તુ મળશે નહિ ત્યારે એ પળે-પળે

મરશે. એ જે છે પળે પળે એનો આપઘાત થાસશે, સુક્ષ્મ
આપઘાત નો સિલસિલો ચાલશે. ઉચાટમાં રહેશે, ઉદાસ રહેશે,
ગમગીન રહેશે, દુ:ખી રહેશે, અને એ પણ બની શકે કે
જીવનમાં સ્થુલ આપઘાત જેને આપણે SUICIDE કહીએ
છીએ એ પણ કરી લેશે. સાઉથના એક મોર્ઈ એમણે એક
EXPERIMENT કર્યું, એમણે પોતાની આજુબાજુ રહેતા
૨૫ બાળકોને પોતાના ઘરે વહેલી સવારે બોલાવ્યા, એક
દિવસ પોતાના ઘરમાં રાખ્યા. વહેલી સવારે બધાને બહુ પ્રેમ
થી સમજાવીને, એમને ઉપવાસ કરવાનો સંકલ્પ કરાવ્યો,
ઘર જુદા જુદા ઘરમાં થોડા COUNTERS રાખ્યા, તેમાં મીઠાઈ
ઓ એમણે રાખી, અમુક છોકરાઓએ તરત જ ઉપવાસ
તોડી દીધો, મીઠાઈ ખાઈ લીધી. અમુક છોકરાઓએ અડધા
દિવસે ઉપવાસ તોડી દીધો, મીઠાઈ ખાઈ લીધી. અમુક
છોકરાઓએ પુરો ઉપવાસ કર્યો, જે સંકલ્પ કર્યો હતો તેને
બરાબર વળગી રહ્યા, EXPERIMENT નો એક PHASE
પુરો થઈ ગયો, આ વાતને ૨૫ વરસ વીતી ગયા, એ મોર્ઈએ
એ બાળકો કે યુવાન થઈ ગયા છે તેની તપાસ કરી, એમનો
SURVEY કર્યો, અને એનું RESULT એ આવ્યું કે જે બાળકો
એ પોતાનો ઉપવાસ તરત જ તોડી નાખ્યો હતો, જેઓ પોતાની
ઈચ્છા ઉપર બિલકુલ કાબુ ન રાખી શક્યા, તેઓ પછાત રહ્યા
જે તે FIELD માં પણ પછાત રહ્યા. જેઓએ અડધો ઉપવાસ
તોડી નાખ્યો હતો તેઓ પોતપોતાના FIELD માં થોડા ઘણા
આગળ આવ્યા હતા, અને જેમણે પુરો ઉપવાસ કર્યો હતો,
જેઓએ ઈચ્છા ઉપર પુરેપુરો કાબુ મેળવ્યો હતો, તેઓ
પોત પોતાના FIELD માં ખુબ જ આગળ આવ્યા હતા.
તે મોર્ઈએ પોતાના EXPERIMENT નું ANALYSIS
એનો સાર, એનું RESULT એક તારવ્યું કે તમે ઈચ્છા
ઓ ઉપર કાબુ રાખતા શીખો તો તમારો વિકાસ થાય, અને તમે
જે ઈચ્છા થઈ તેને ફટાફટ પુરી કરતા જાવ, તો તમારો
વિકાસ રુંધાય જાય. એટલું સાંભળી - દીકરાનું જે જીવન છે

DATE

તેને બહુ સાંભળવાની જરૂર છે. દીકરાની ફરિયાદો છે, દિકરાના શોખો
છે, દીકરાની માંગણીઓ છે, એને ઓછું સાંભળવાની જરૂર છે.
મારા બાળપણની વાત કરૂં, ૧૦-૧૨ વરસની મારી ઉંમર હશે અને
એ સમયે, નવી-નવી VIDEO GAME નીકળી હતી, એ સમયે
MOBILE CULTUER તો નહુ હતું, TV GAME નીકળી હતી,
પિતાશ્રી મહારાજ સાહેબ અહીંયા બેઠા છે, એ સમયની બહુ જ મોંઘી
ગેમ કહેવાય, અને મારે જોઈતી હતી, અપાવી, ગેમ ઘરે આવી એમાં
આટલી નાની VIDEO હોય, એની AUDIO CASSATTEE જેવી
VIDEO CASSATTEE આવે, અત્યારે પણ કદાચ આવતી હશે,
અને ચિક્કાર GAMES અંદર હોય અને સીધું TV માં આવી આપણા
હાથમાં એવું જે REMOTE હોય તેનાથી રમી શકાય, ગેમ જે દિવસ
આવી એ દિવસે એમણે કહી દીધું, ૧૦ મિનિટ થી વધારે આ ગેમ
રમવાની નથી. એટલે મને ખબર પડી કે આના માટે તો વધુ કરી, ગેમ
લાવ્યા કે કલાકો સુધી રમ્યા કરશું, મજા આવશે. મેં કહ્યું કેમ ૧૦ જ
મિનિટ તો એમણે કહ્યું પછી કોઈ LIMIT જ ના રહે, તે વખતે મને
આ વાત ખોટી સમજાય, છતાં એમનો CONTROL હતો,
આજે મને સમજાય છે કે જીવનમાં CONTROL નું કેટલું મહત્વ છે,
CONTROL કેટલી બધી કામની વસ્તુ છે, અને CONTROL થી જીવનમાં
કેટલો બધો વિકાસ થાય છે. મને ત્યાં સુધી યાદ છે ૧૯ ની મારી ઉંમર
દીક્ષાનું મુહૂર્ત નીકળી ગયું હતું, દાદરની અંદર એક OFFICE હતી
બહુ મોટી ઓફીસ હતી એમાં મારૂં બહુમાન હતું, બીજા દિવસે મૌન
અગિયારસ હતી, રાત્રે આઠ-સાડા આઠે બહુમાન પુરૂં થયું હશે, ગુરૂદેવ
પારલામાં હતા, મારે મૌન એકાદશીનો પૌષધ કરવો હતો, દિક્ષાને
બે મહિનાની વાર છે, મુહૂર્ત નીકળી ગયું છે, દીક્ષા લેવાની એ નક્કી
છે, ૧૯ વરસની મારી ઉંમર છે, ઓફીસે થી પપ્પાને ફોન કર્યો ને કહ્યું
કાલે મારે ગુરૂદેવ પાસે પૌષધ કરવાની ભાવના છે, તો હું ત્યાં જઈ શકું ?,
પપ્પાએ હા પાડી પછી હું પૌષધ કરવા ગયો. તમારો દિકરો ભૌતિક સુખો
પામે, એના બધા જ શોખો પુરા થાય, એ રડે નહિ, એને જે જોઈએ તે મળી
જાય, એ હંમેશા ખુશ રહે, એ બહુ જ સારી રીતે ઉછરે ને એ સારી રીતનો
અર્થ તમારા અર્થની સારી રીત હોય, ફિઝીકલની સારી રીતના

classmate

હોય, આ રીતે જો તમે એને બહુ જ ખુશીમાં ઉછેરવા માંગો છો,
તો તમે હકીકતમાં એને દુઃખના દરિયામાં ધક્કો મારી રહ્યા
છો. દીકરાને દુઃખ જ આપો દઈ જ આપો આવો આનો
મતલબ નથી. ભદ્રામાતા ને પણ પુત્રનો મોહ હતો, ભદ્રામાતા
જે છે એમણે જે છે વધુ ને વધુ, બધા પ્રકાર ના સુખો આપ્યા
હતા, સાથે શાલિભદ્ર નું પુણ્ય પણ એવું હતું, પિતા જે દેવ
થયા હતા એમની પણ કૃપા હતી, ઘણા બધા FACTORS
ભેગા થયા હતા પણ તમને શાલિભદ્રની આટલી જ ખબર છે
કે, ૯૯ પેટી ઉતરતી હતી, અને જલસા હતા. તમને ખબર
નથી કે શાલિભદ્ર ની હવેલી ની અંદર ઘર દહેરાસર પણ
હતું, તમને ખબર નથી કે શાલિભદ્ર બધી કળાઓ પણ
ભણ્યા હતા, તમને એ પણ ખબર નથી કે શાલિભદ્ર જૈન
ધર્મ નું ઊંડુ જ્ઞાન ધરાવતા હતા, આટલા સુખો વચ્ચે માણસ
ને એક સમય આવતો હોય છે જ્યારે PIN POINT પર
ચોટ થાય, આટલા સુખો હોવા છતાં હું કોઈની UNDER
માં છું, કોઈ ની નીચે છું, અને જ્યારે શાલિભદ્ર નો આત્મા
જાગ્યો છે. હું તમને કહું કે એ સ્વામી છે, આત્મા જાગ્યો છે
ખરો, તો દીક્ષા શા માટે લે ?, કોઈ BACKGROND જ
ના હોય, તો શાલિભદ્ર દીક્ષા શા માટે લે ?, બહુ સમજવાની
વાત આ છે કે, જે તે જે તે કાળે જે તે જે તે ચરિત્રો ની અંદર,
PRESENT કાળ ની અંદર, PAST TIME ની અંદર પણ
જેણે જેણે દીકરાને લાડ લડાવ્યા તે બધા સારા છે એવું
કશું જ નથી, મારે તો તમને એક આદર્શ માતા-પિતાની
વાત કરવી છે, જેને કહેવાય એ BEST PARENTING
કહેવાય, એની વાત કરવી છે કે ભદ્રામાતા ની પણ અમુક
ચુક થઈ હતી, અને એના કારણે જ્યારે દીકરા એ
અનશન લીધું, ધ્રુસકે ને ધ્રુસકે પોતે રડી પડ્યા હતા,
કે આ કાળમીંઢ શિલા, તપેલી શિલા, અને ~~[illegible]~~ ફૂલની
શૈયા પણ જેને ખૂંચતી હતી, એ મારા દીકરાને આ કેવી
રીતે ફાવે ?, ભદ્રામાતા પણ બેભાન થઈને ઢળ્યા હતા

દીકરો સંયમના માર્ગે જઈ રહ્યો છે, એ પણ સહન કરી શક્યા નહતા, આ ભદ્રામાતા છે જે એ માત્ર શાસ્ત્રનું એક પાત્ર છે. એમાંથી લેવા જેવું લેવાનું છે. મારે તમને કહેવું છે કે, આદર્શ મા-બાપ બનાય કઈ રીતે. NUMBER 1 - બહુ સાંભળો NUMBER 2 ઓછું સાંભળો PHASE NUMBER 3 - ન સાંભળો :- છગનના ઘરે અચાનક ૧૦ મહેમાન આવી ગયા, પત્ની સીધી અંદર જતી રહી, છગનને થોડો IDEA આવી ગયો, છગન પણ અંદર ગયો ને પત્ની બરાબર વીફરી કે આ લોકોને કાંઈ ભાન-બાન છે કે નહિ, કોઈ SENSE છે કે નહિ, કે આ રીતે કોઈના માથે ના પડાય, હું કાંઈ સરભરા કરવાની નથી, છગને કહ્યું કે હવે આવી ગયા છે તો કરશું શું ?, પત્નીએ કહ્યું કે આપણે નાટક કરીએ ને હું બરાબર ઝઘડાનો DRAMA કરું છું, અને ઝઘડો આપણે એવો કરીએ, કે હું તો બરાબર બધા કપડા ભેગા કરીને હું તો જાઉં છું, હું અહીંયા રહેવાની નથી, મને અહીંયા ગમતું નથી એમ કહીને બરાબર ઝઘડાનું નાટક કરીને દોડી જાઉં, છગન કહે બરાબર હું પણ તારી પાછળ દોડું ને મહેમાનો ઘર ભેગા થાય, બંને બહાર આવ્યા ને પત્નીએ એવો ઝઘડો કર્યો, એવો ઝઘડો કર્યો, અને મહેમાનો જોતા રહી ગયા. પત્નીએ કહ્યું હું કંટાળી ગઈ છું, આ રોજરોજ ની રામાયણ, ને મહાભારત અને પત્નીએ જે છે કપડા લીધા ને પોટલું બાંધ્યું ને ગાંસડો બાંધીને ભાગી પત્ની, અને છગન કહે હું મારો-મારો ને પાછો ન આવું ને તો હું પણ મર્દ નહિ, અને ધોકો લઈને છગન પાછળ દોડ્યો, બે કલાકે બન્ને પાછા આવ્યા, પેલી એ ગાંસડી મુકી પેલા એ ધોકો મુક્યો. પત્ની કહે હું કેટલી પાકી કેવી ગાંસડી લઈ દોડી, છગન કહે હું કેટલો પાકો હું કેવો ધોકો લઈને દોડ્યો, અંદરથી મહેમાનો બહાર આવ્યા કે અમે કેટલા પાકા, કે અંદર જઈને સુઈ ગયા. ન સાંભળો - મહેમાનોએ જો બરાબર સાંભળ્યું હોત તો મહેમાનો ઘર ભેગા થઈ ગયા હોત. મહેમાનો સમજી ગયા કે આમાં કોઈ સાંભળવા જેવું નથી, આ બધું સાંભળશું તો ભુંડા બનશું. આ બધું સાંભળશું તો ભોંઠા પડશું. આ બધું સાંભળશું તો આ લોકો આપણને છેતરી જશે, નથી થયા [illegible] હવે તો કરાવીને જ રહીએ. ન સાંભળો એક કવિએ બહુ મસ્ત ની વાત કરી છે - એકપણ પગલું ભરો ન શકાયું, મારે તો વાત બધા

ની સાંભળવી હતી. તમારે બધાનું સાંભળવું છે તો તમે કશું
નહીં કરી શકો. તમારે માત્ર જે જ્ઞાની છે, જે વિવેકી છે, જે
સમજુ છે એનું જ સાંભળવું છે તો તમારો વિકાસ થશે.
તમારી પરિસ્થિતિ આ છે, આજે તમારા ગુરૂ કોણ ?,
તમારા GUIDE કોણ ?, તમને સમજાવનાર કોણ ?,
તમને શિખવનાર કોણ ?, તમારા જીવન જરૂરિયાતની
જેટલી ચર્ચા છે એ બધી બાદ કરી દો. સુવાનું બાદ કરો દો,
જમવાનું બાદ કરો દો. પૈસા કમાવા માટે જાવ, બહેનો
રસોઈ વગેરે બનાવે તે બાદ કરી દો, એ સિવાયનો જે સમય
તમને મળ્યો એમાં તમે કરો છો શું ?, તમે છાપુ ખોલીને
બેસો છો, મારી પાસે છેલ્લા વરસમાં ઘણા છાપા ઓના
REPORTERS આવ્યા છે ને એમાંથી ઘણા એ મને
નિખાલસ પણે કહ્યું કે સાહેબ અમારા છાપાએ વેચાઈ
ગયા છે બધું COMMERCIAL થઈ ગયું છે. POLITICS
નો HOLD છે, MULTI NATIONAL COMPANIES
નો HOLD છે, ઘણા બધા સ્થાપિત હિતોનો HOLD છે,
અમારે સાચા કરતા ખોટું વધારે છાપવું પડે છે. હું તમને
પુછુ છુ કે તમે જ્યારે છાપુ વાંચી ત્યારે તમે મુંઝ બની છો,
તમે TV જુઓ છો, TV માં તમારા હિતનું શું કહેવામાં
આવે છે, તમારા માટે સારૂં થાય, તમારા દિકરા માટે સારૂં
થાય, પત્ની માટે સારૂં થાય એમાંથી એવું શું મળે છે ?,
તમારા મિત્રો, તમારા સગાવહાલા, તમારા અડોશપડોશ
વાળા એ તમારા કાનમાં ફુંક મારે છે અને તમારા મગજમાં
એ વાત બેસી જતી હોય છે. કોનું સાંભળવું ને એ પણ
આપણી પાસે વિવેક હોવો જોઈએ. તમે નક્કી કર્યું કે
મહારાજ સાહેબે વાત કરી THE SURGERY OF
PARENTING, MIND EDUCATION સંતાનને
આપવું જોઈએ અને તમે એનો કંઈક પ્રયાસ ચાલુ કર્યો,
અને પડોશી તમારા કાનમાં ફુંક મારી કે આ બધુ કરશો તો
SCHOOL નું HOMEWORK કઈ રીતે પુરૂં થશે ?

DATE

અને તમે બધું માંડી વાળ્યું. તમે વિચાર કર્યો કે દીકરાને સંસ્કાર આપવા બહુ જ જરૂરી છે, આ SUMMER VACATION માં કોઈ મહારાજ સાહેબની શિબિરમાં તેને મોકલવો છે, બહુ જરૂર છે, જિદ્દી થઈ ગયો છે, સામે બોલે છે, ગુસ્સો બહુ કરે છે. શિબિરમાં જશે આપણને પગે લાગતો થઈ જશે, સ્વભાવ એનો શાંત થશે. જીવનમાં આગળ વધશે નહિ તો એ પણ દુઃખી ને આપણે પણ દુઃખી થઈશું, તમે માંડ કોઈક વિવેકની વાત સાંભળીને નક્કી કર્યું હતું, ત્યાં તમારા કોઈ RELATIVE એ તમારા કાનમાં ફૂંક મારી, તમે છો ને ફલાણી વીકેશન BATCH કરાવશો ને, બહુ સારી હોય છે, એમાં આખા વરસનું છોને VACATION માં ભણાવી દે, તમારા મનમાં વાત બેસી ગઈ, અને દીકરો DOUBLE ગધામજૂરીમાં લાગી ગયો, ગધામજૂરી તો હતી હવે તેણે VACATION માં બધુ ભણી લેવાનું, એણે જે છે એ આખા વરસનું VACATION માં ભણી લીધું પરંતુ શિબિરમાં જે આખી જિંદગી માટેનું શિખવાનું હતું તે માટે એ જિંદગી ભર માટે વંચિત રહી ગયો. ન સાંભળો- બધાનું સાંભળશો તો દુઃખી થશો, બધાને FOLLOW કરવા જશો તો કાંઈ જઈ જ નહી શકો. બધાનું માનવા જશો તો કશું જ ઉકળી શકશે નહિ. તમે નક્કી કર્યું કે આ બધી CHANNELS સારી નથી, VULGERE આવે છે, સંતાનના ભવિષ્ય માટે સારૂં નથી, તમે નક્કી કર્યું કે આપણા ઘરમાં DISH ANTENA ના જોઈએ, તમે નક્કી કર્યું કે આપણા ઘરમાં ખરાબ સાહિત્ય ના આવવું જોઈએ, અને તમારા કોઈ FRIEND એ તમારા કાનમાં ફૂંક મારી કે આ બધુ ખરાબ પણ આનાથી આપણા છોકરાની બીજા છોકરાઓ માં GAP થઈ જશે ! અને તમારા મનમાં આ વાત બેસી ગઈ, હું કહું છું શા માટે મુંઝાઓ છો, ગાંડાઓ કરતા ડાહ્યાઓની GAP ના થવી જોઈએ ?, એક લફંગો છે એક GOOD BOY છે, એ બેની GAP ના થવી જોઈએ ?, એક DON છે એક DIVINE PERSONALITY છે એની GAP હોઈ જ ને, એ GAP લાવવી એજ તો તમારી DUTY હતી. એ GAP લાવવી એજ તો તમારૂં PARENTHOOD હતું, અને તમે એની જ આડે આવી જશો ?, એક પણ પગલું ભરી ના શકાયું, મારે તો વાત બધાની માનવી હતી. એક વાર છે ને પશુપંખીઓએ આયોજન કર્યું. રેસ, અને રેસ પણ પાછી છે ને LONG RACE નહીં પણ

classmate

HIGH RACE, અને એમાં PARTICIPENT તરીકે માત્ર દેડકાઓને લેવાના, પછી બધા દેડકાઓએ FORM ભર્યાને બધી ગતિવિધિ થઈ ગઈ, એ દિવસ આવી ગયો, એ સમય આવી ગયો, ૧૦૦ માળનું ટાવર હતું, પશુપંખીઓ બધા નીચે ઘેરાઈ ગયા, દરેક માળે પશુપંખીઓ આવી ગયા છે, કેટલાક બારી પર છે કેટલાક પાળી પર છે, અને આમ જે છે એ ઈશારો કરવામાં આવ્યો અને બધા દેડકાઓ ઉપર ચડવા લાગ્યા, ચડવા લાગ્યા, ચડવા લાગ્યા એટલે ઉંચે એટલે ઉંચે એટલે ઉંચે અને આ મજે છે એ ૫ માળ, ૧૦ માળ, ૧૫ માળ, ૨૦ માળ, ૨૫ માળ, ૩૦ માળ, ૩૫ માળ, ૪૦ માળ દોડતા જાય છે, થાકે છે થોડું હાંફે છે, ઓલા બધા પશુપંખીઓ જે વચ્ચે વચ્ચે હતા તે બધા દેડકાઓને કહે છે હવે તમે રહેવા દો સો માળનું ટાવર છે, તમે હાંફી ગયા છો આમ તમે કાંઈ પહોંચવાના નથી, સીધું ચડાણ છે અને વચ્ચે વચ્ચે એવા એવા FLOORS આવશે કે નવ નેજે પાણી ઉતરી જશે, અને ૫૦-૬૦ માળ ચડીને નીચે ઉતરવું એના કરતા હમણાં જ ઉતરી જાવને, તમે ખોટા આ બધા મહેનત કરો છો ને પશુપંખીઓ બધા કહેતા જાય ને દેડકાઓ નીચે ઉતરતા જાય, ઉતરતા જાય, ઉતરતા જાય ને હવે માત્ર પાંચ જ બચ્યા ને હવે એમની પાછળ લાગ્યા કે કોઈ જ જરૂર નથી, ચાર થઈ ગયા, ત્રણ થઈ ગયા, ૨ થઈ ગયા ને હવે માત્ર એક દેડકો બચ્યો છે ને બધા એની પાછળ લાગ્યા પણ આ દેડકો કુદતો જ જાય, કુદતો જ જાય, ઉપર ચડતો જાય, ચડતો જાય, ચડતો જાય, બધા એ બધી મહેનત લગાડી દીધી પણ આ દેડકો ચડે જ જાય, ચડે જ જાય, ચડે જ જાય, ૧૦૦ માં માળે પહોંચી ગયો ને વિજેતા જાહેર કરવામાં આવ્યો, સન્માન સમારંભ થયો, લોકો એ અને બહુ બધા અભિનંદન આપ્યા પ્રેસ REPORTERS એને ઘેરી વળ્યા, દેડકાનો INTERVIEW લેવો હતો ને દેડકાને પુછવામાં આવ્યું કે તમે આવું પરાક્રમ કર્યું કઈ રીતે, આવું સત્વ, આવી તમારી TALENT, આટલી બધી તમારી તાકાત, આમ જે છે એટલા બધા અવરોધ અને

આટલા બધા OPPOSE ની વચ્ચે પણ તમે ચડતા રહ્યા, અને આટલી લાગણી થી ચડી કઈ રીતે શક્યા, મનોબળ કઈ રીતે રાખી શક્યા, આટલુ સત્વ કેવી રીતે ટકાવી શક્યા, દેડકી કોઈ બોલે જ નહિ, બધા જે છે એને પુછે બીજુ વાર, ત્રીજુ વાર, ચોથી વાર, પાંચમી વાર, પછી તપાસ કરવામાં આવી અને ખબર પડી કે દેડકી બહેરી હતી. PHASE NO 3 ન સાંભળો - તમારે બધાનું સાંભળવું છે, તો તમે પહોંચી નહિ શકો. સાંભળવું કોનું આનો પણ વિવેક જોઈએ. જે પોતે જ અજ્ઞાનમાં છે, પોતે જ અંધારામાં છે, પોતે જ અણસમજ માં છે, પોતાને જ વિવેક નથી, એમનું સાંભળવું અને જે જ્ઞાની, સમજુ અને વિવેકી છે એમને NEGLECT કરવા આના કરતા વધારે મોટી મુર્ખામી કઈ હોઈ શકે (?)

સભા નો પ્રશ્ન :- બાળક નાનું હોય ત્યારે તો માને છે પરંતુ જ્યારે મોટા થઈ જાય ને બહારના વાતાવરણ માં સંપર્ક માં આવે પછી માનતા જ નથી, આ અત્યાર નો મોટા માં મોટો પ્રશ્ન છે એનું SOLUTION શું હોઈ શકે (?)

પરમ પૂજ્ય જિનપ્રેમ વિજયજી સાહેબ નો ઉત્તર :- બહુ જ સરસ મજાનો પ્રશ્ન, અને નીતિશાસ્ત્રો માં આનો જવાબ આપ્યો છે :-

શ્લોક નું પહેલું ચરણ મેં કહ્યું કે પાંચ વરસ એને બહુ લાડ લડાવો, શ્લોક નું બીજું ચરણ કહે છે કે ૧૦ વરસ સુધી એને સખત શિક્ષા આપો, એનું સખત ઘડતર કરો, અને એના માટે જરૂર પડે તો એને મારો પણ ખરા. શ્લોક નું ત્રીજું અને ચોથું ચરણ કહે છે.

- જ્યારે એ દિકરાને ૧૬ મું વરસ બેસી ગયું તમે ભુલી જાવ કે તમારી દિકરી છે, તમે સમજુ લો કે એ તમારી મિત્ર છે. તમારી બધી જે છે TRAIN ચુકી ગયા પછી ની મોકાણ હોય છે. તમને એમ લાગે છે કે એક દશકો ખુબ જ મહેનત કરી લઈએ, પછી FAMILY LIFE ENJOY કરશું. દસ વરસ તમે તમારા દિકરાને ભુલી ગયા, તો હું કહું છું કે પછી તમે તમારા દિકરા ને આખી જિંદગી માટે ભુલી જાવ. પાંચ વરસ ખુબ પ્રેમ આપો, ૬ થી ૧૫ વરસ આ ૧૦ વરસ એને સખત ઘડતર આપો, એના માટે તમારો પુરેપુરો ભોગ જોઈએ, એને ૧૬ મું વરસ બેઠું છે હવે આખી જિંદગી AS A FRIEND એને જુઓ, એને મિત્ર તરીકે જુઓ. EAR OPERATION નો સાર કહું - દસ વૈકાલિક આગમની અંદર કહ્યું છે

DATE

સોચ્ચા જાણઇ કલ્લાણં સોચ્ચા જાણઇ પાવગં- કલ્યાણ ને પણ સાંભળી ને જાણી શકાય છે, પાપને પણ સાંભળીને જાણી શકાય છે. ઉભયં પિ જાણઇ સોચ્ચા - બંને ને સાંભળીને જાણી શકાય છે. જં સેયં તં સમાયરે - જેમાં તમારું શ્રેય છે, જેમાં તમારું કલ્યાણ છે, એનું તમે આચરણ કરો. સાંભળવા હોય તો ભગવાનને સાંભળો, સાંભળવા હોય તો સદ્ગુરુ ને સાંભળો, જ્ઞાની અને વિવેકીને સાંભળો, એને FOLLOW કરવાનો પ્રયાસ કરજો, બહુ પ્રેમથી મને બહેનો ને કહેવાનું મન થાય, કેટલા કષ્ટો વેઠીને તમે માતા બન્યા હશો, નવ-નવ મહિના જે ગર્ભકાળ સહ્યો, નરકની વેદનાઓને સહન કરી જે દિકરાને જન્મ આપ્યો, બાળપણમાં જેનું જતન કરીને તમે ઉછેર્યો, આ બધું શેના માટે ?, જનાવરો પણ જે છે એ ગર્ભને વહન કરે છે, જનાવરો પણ જન્મ આપે છે, જવડાવે છે, પીવડાવે છે, એની એની રીત હોય, આપણી આપણી રીત હોય છે હું તમને કહું એનાથી આગળ આપણે વધીએ નહિ તો આપણા મા-બાપ થવાનો અર્થ જ શું ?, ગયા વરસની વાત કરું બહુ મજાની ઘટના, એક સંદેશ મારે લખવાનો હતો, ઘટના કરુણ હતી દુઃખદ હતી, એક યુવાન અને તેમના માતાશ્રી નું અવસાન થયું હતું. સંદેશ મેં લખી આપ્યો, શ્રદ્ધાંજલિ રૂપે કે જે મા મા એ નવ મહિના સુધી આપણો ભાર વહન કર્યો, જે મા એ આટલી વેદના સહીને જન્મ આપ્યો, સંસ્કાર આપ્યા એ મા પ્રત્યે આપણો સાચો REWARD હોઈ શકે ?, તમે માત્ર સંસાર જ ચલાવો, કાળાધોળા કરો, તમે જે છે પુત્ર, અને દગા અને પ્રપંચ જ રમો, તમે કષાયોની ઝેહર, ક્રોધ, માનની ઝેહર, માયા, લોભની ઝેહર, રગદોળાતા રહો. આનાથી વધારે તમારા માતાના ઉપકારનો ખરાબ બદલો, ખરાબ પ્રતિભાવ બીજો કોઈ જ ના હોઈ શકે. તમે તમારા આ મોંઘા ભવને જેટલો સફળ કરો, જેટલા આત્મીક રીતે ઉપર આવો, આત્મીક વિકાસ થાય, સદ્ગુણોની પ્રાપ્તિ થાય દોષો દૂર થાય, સંસારની ગટરના તમે ભુંડ ના બનો, પણ

સંસાર ની ગટરની બહાર નીકળી જાય, અને તમારી માતા ને રત્નકુક્ષી માતા બનાવો, આ માતા-પિતા ના ઉપકાર નો સર્વોત્કૃષ્ટ બદલો છે. હું અહીં બેઠેલ તમામ મા-બાપ ને કહેવા માંગું છું, દિકરા ના ગર્ભે તીર્થમા મોજ શોખ તમે પુરા કર્યા છે, જમાનાવાદ માં તમારે દોડવું છે, દુનિયાના રંગે રંગાવું છે અને દિકરા ને દુન્યવી વસ્તુઓ આપીને જ તમારે સંતોષ લેવો છે તો તમારા અને દિકરા બંને નું ભાવિ ભયાનક છે, પહેલાના કાળમાં આખી જિંદગી સાથે રહેતા હતા, પછી લગ્ન પછી જુદા થવા લાગ્યા, પછી એવો સમય આવ્યો કે લગ્ન પહેલા જ બધું SETELLEMENT થઈ જાય કે લગ્ન થી જ જુદા થઈ જવાનું છે, પછી એવો સમય આવ્યો કે દિકરો છે એને JOB માટે ક્યાંક જવાનું, હૈદ્રાબાદ, બેંગલોર, પુના જવાનું અને મા બાપ થી જુદા થવાનું, હવે FOREIGN CULTURE આવી જશે, દિકરો નાનપણથી જ ભણવા માટે મા-બાપ થી જુદો થઈ જશે, દિકરો તમારો રહેવાનો જ નથી. માત્ર ને માત્ર એને મોહની દ્રષ્ટિ થી જોઈને, ગાંડાઘેલા થઈને મારો દિકરો મારો દિકરો કરીને, ખોટા લાડ લડાવીને એને બગાડીને તમે એનું પણ અહિત કરશો, તમારું પણ અહિત કરશો. તમે પોતે UPLIFT થાવ, દિકરાને પણ UPLIFT કરો, EAR OPERATION - FIRST PHASE - બહુ સાંભળો - દિકરાના વચનને સાંભળો અને સાંભળીને એને અનુરૂપ વર્તન કરો, PHASE NO 2 - ઓછું સાંભળો એના ઘડતર કરવામાં જેનો જે વિરોધ થાય એના પ્રત્યે આંખ આડા કાન કરો PHASE NO 3 - ન સાંભળો - દેવ, ગુરુ અને એવા કોઈ જ્ઞાની હિતવત્સુ હોય, એના સિવાય આખી દુનિયાનું સાંભળવાનું છોડી દો, આ રીતે EAR OPERATION, SURGERY OF PARENTING થઈ શકશે.

સાચા મા-બાપ કઈ રીતે બનવું ?

42

# THE SURGERY OF PARENTING

DATE 27 01 2019

## EYE OPERATION

**પરમ પૂજ્ય મુનિરાજ શ્રી જિનપ્રેમ વિજયજી મહારાજ સાહેબ**

છગનના ઘરે બહારથી અધિકારીઓ આવ્યા, તમારા ઘરે કોણ-કોણ છે એની અમને માહિતિ આપો, છગન બોલવા લાગ્યો પરંતુ અધીકારીઓ લખવા લાગ્યા, છગને કહ્યું મારા પપ્પા જેલમાં છે, ક્યો ગુનો એ નહિ પુછતા ઘણા- બધા ગુના કર્યા છે. પેલા વસ્તિ અધીકારીને એમ થઈ ગયું કે અહીંયા ક્યાં આવી ગયો. મારો દિકરો છે ને એ પાગલખાનામાં છે, એને ક્યો રોગ છે એ નહિ પુછતા ઘણા-બધા રોગ છે. મારી પત્ની છે એ કોઈ સાથે ભાગી ગઈ છે, કોની સાથે ભાગી ગઈ છે એ નહિ પુછતા, એ કોઈની પણ સાથે ભાગી જાય એવી હતી. વસ્તિ અધિકારી ને થયું આ ક્યાં આવી ગયો, ખોટો આવી ગયો હવે જે છે ને અહીંયા થી આને કાંઈ સારું લગાડી ને ભાગી જાવ. છગને કહ્યું મારો દિકરો બનારસ UNIVERSITY માં છે, બહુ જ સારું કહેવાય ક્યા વિષય નું અધ્યયન કરે છે, શાનું STUDY કરે છે, છગન કહે નારાજ થઈને તમે હજુ કાંઈ સમજ્યા જ નથી, અમારા ઘરને અમારા પરિવારને, તમે કશું સમજ્યા જ નથી. અમારા ઘરમાં પ્રતિભા પાકે ને કોઈ STUDY કરે એ કોઈ STUDY કરતું નથી, ત્યાંના મનોવૈજ્ઞાનિકો મારા દિકરાનું દિકરાને STUDY કરી રહ્યા છે. ઘરની અંદર એકાદ વ્યક્તિ વિચિત્ર પાકી હોય એમાં આખા ઘરનો ફાળો હોય છે. તમે એમ માનો કે આપણે એને સ્કુલે મોકલી દીધો, ટ્યુશને મોકલી દીધો, ક્લાસ કરાવી દીધા, આપણે આપણું બજેટ પુરૂ કરી દીધું, એનું ખાવાનું પહેરવાનું ઓઢવાનું એ બધું આપણે જોઈ લીધું, એ માંદો પડ્યો તો આપણે હેરાન- હેરાન થઈને એને ક્લિનિક પર લઈ ગયા, હોસ્પિટલમાં લઈ ગયા, આપણા મા-બાપ પણાની ફરજ આટલા માત્રથી પુરી થઈ એવું જે આપણે સમજી બેઠા છીએ તો તો આપણે કશું જ સમજ્યા નથી. પાંચ રવિવારની શ્રેણી આજથી શરૂ થાય છે અને વિષય છે

THE SURGERY OF PARENTING, PARENTING ની
SURGERY કરવી છે તમને એક OPERATION THEATER માં
લઈ જવા છે. તમારા PARENTING ની SURGERY કરવી છે ને
જો તમારા PARENTING ની SURGERY થઈ ગઈ તો તમારા
સંતાનની કોઈ પણ પ્રકારની SURGERY ની જરૂર નહી પડે.
પહેલા નંબરમાં આજના દિવસે પહેલા વ્યાખ્યાનમાં EYE
OPERATION ની વાત કરવી છે. આંખના નંબર ના ઓપરેશનો
થતા હોય છે, મોતીયા ના ઓપરે ઓપરેશનો થતા હોય છે, પડદાના
ઓપરેશનો થતા હોય છે, EYE OPERATION એવું છે જેમાં મારે
તમારી દૃષ્ટિનું OPERATION કરવું છે, તમારે જોવાનું શું હોય છે?
તમારે જોવું શું જોઈએ? તમારે જોવાનો ખરો વિષય શું હોવો જોઈએ
એની વાત મારે તમને કરવી છે. ત્રણ STEP ની અંદર તમારું આંખ
નું OPERATION કરવું છે. એમાં પહેલા નંબરની વાત એ છે કે
પહેલો તબક્કો તમારા આંખના ઓપરેશનનો એ છે કે સંતાનના
માત્ર સુખને નહિ પણ એના શરીરને પણ જુઓ, જ્યારે તમારો સમજણ
સ્તર થોડુ નીચે ઉતરી ગયું હોય ત્યારે સુખ જ દેખાતું હોય છે ને સંતાન
કઈ રીતે સુખી થાય ?, ભલેને જે થવું હોય તે થાય એના શરીરનું જે
થવું હોય તે થાય, એની આંખનું જે થવું હોય તે થાય, એના પેટનું
જે થવું હોય તે થાય, બસ એ સુખી થવો જોઈએ. સાચું બોલો તમારા
ઘરનાં બ પહેલો દોઢ વરસનો દિકરો તમારી પાસે છરી માંગે તો તમે
કરશો શું ?, મારે તમારો જવાબ જોઈએ છે દોઢ વરસની એની ઉંમર
છે, છરી એ માંગે છે, તમે સમજો છો કે છરી એ એને લેવાની ઇચ્છા છે
એના વગર એ કકળાટ કરે છે, રડે છે, ધુર કરે છે, મારે છરી જોઈએ છે,
છરી વગર મને ચાલશે જ નહિ આ એની ભૂમિકા છે. હું તમને કહું કે
તમને ખબર છે કે દોઢ વરસની એની ઉંમર છે, છરી માટે યોગ્ય નથી,
છરી જે છે એને કદાચ ૨-૪ મિનિટ સુખ આપશે, એ જ છરી પોતાને
આડી-અવળી વગાડી દેશે ને કાંઈ થઈ જશે, લોહી નીકળશે, આંખ ફૂટી
જશે, શરીર પર કોઈ નુકશાન થઈ જશે તો માટે તમે એને છરી
આપવા માટે રાજી નથી, હું તમને પુછું છું કે ત્યાં તમારી દૃષ્ટિ પહોંચે
છે. ત્યાં તમારે માત્ર એની ઇચ્છા પર જોવાનું નથી, તમારે એના

શ્રી સુજીધઈમય

શરીરનો પણ વિચાર કરવાનો છે, ઈચ્છા જ પૂરી થઈ, એટલું પૂરતું નથી, એના શરીરનું થશે શું ત્યાં જો આપણી દૃષ્ટિ પહોંચી નથી તો આપણે એના સાચા મા-બાપ કઈ રીતે ?, નીતિવાક્યામૃતમ્ નામનું એક નીતિશાસ્ત્ર છે એની અંદર કહ્યું છે - સ ખલુ સુખી યોऽમુત્ર સુખાવિરોધેન સુખમનુભવતિ - ખરો સુખી એ છે જે પરલોકમાં દુઃખી ના થવાય એ રીતે સુખને અનુભવે છે. ખરો સુખી એ છે જેની દૃષ્ટિ એ છે કે મને એવું સુખ મળે જેનાથી વધારે દુઃખ ના આવે, એવું સુખ જોઈએ જે ખરા અર્થમાં સુખ છે. બહુ પ્રેમથી તમને કહું મા-બાપ બની જવું સહેલું છે, સાચા મા-બાપ બનવું અઘરું છે. ખરેખર બે દિવસ પહેલાની સાચી વાત કહું, ખોટું ના લગાડો તો કહું ?, બે દિવસ પહેલા એક મુરબ્બી મારી પાસે બેઠા હતા ને એમણે વાત કરી, ૭૦-૭૫ વરસના મુરબ્બી અને એ સમયની વાત કરતા હતા જ્યારે એ નાના હતા. ગામમાં રહેતા, એ સમયની વાત જ્યારે પાંચ-સાત સંતાનો હોવા એ કોઈ નવાઈની વાત નહી. મને કહે કે દરેક ઘરની અંદર એક વાંઢો હોય, પાંચ-સાત સંતાન મા-બાપના હોય ને મા-બાપ જુએ કે આ સંતાનમાં એવું કૌવત નથી, એની જવાબદારી સમજે એવો નથી, જવાબદારી નિભાવે એવો નથી, તો પછી એને મા-બાપ પરણાવે નહિ, વાત સમજાઈ તમને. એને પરણાવવો એટલે એક પરિવારને મારી નાખવો, એને પરણાવવો એટલે એક છોકરીની જિંદગી - બરબાદ કરી નાખવી, એને પરણાવવો એટલે એના સંતાનોને છતે મા-બાપે અનાથ બનાવી દેવા. એ ભાઈની વાત સાંભળી મને વિચાર આવ્યો કે કદાચ આવો કાયદો આજે અમલમાં લાવવામાં આવે તો કેટલાના લગ્ન થશે ?, પુષ્પમાલા ગ્રંથમાં મલધારી હેમચંદ્રસૂરિ એક ઘટનાનું વર્ણન કરે છે,

- બાળક છે બે વરસની ઉંમર છે, નાહીને બહાર નીકળ્યો છે શરીર હજુ લુછ્યું નથી, કપડા વગર જે છે ચોકમાં રમવા ગયો છે, પડોશીઓ છે પોતાના તલ સુકવવા રાખ્યા છે, તલના ઢગલામાં આળોટે છે.

દિકરો પાછો આવે છે, મા એક થાળ પાથરીને એના બધા તલ બંબેરી લે છે.
મા રાજી થાય છે કે હરામ ના તલ મળ્યા. દિકરો ધીમે ધીમે મોટો થાય છે,
ચોરોના સંસ્કારો એનામાં બાળપણથી પડેલા, સંસ્કારો આગળ વધે છે,
તે એક મોટો ચોર બને છે અપરાધમાં ફસાય છે, રાજસભામાં કેસ ચાલે છે
મૃત્યુદંડની સજા થાય છે, રાજા અંતિમ ઇચ્છા પુછે છે ચોર કહે છે મારે મારી મા
ને મળવું છે. માતાને હાજર કરે છે અને રાજસભાની વચ્ચે મા ધ્રુસકે ને ધ્રુસકે
રડી રહી છે કે મારો દિકરો હવે મરી જશે, આ થઈ જશે, તે થઈ જશે. દિકરો
નજીક જાય છે ને માના નાક ઉપર જોરથી બટકું ભરીને નાક ને કરડી જાય છે.
લોહીની ધાર છુટે છે, સભા સ્તબ્ધ થઈ જાય છે. રાજા પુછે છે કે તે આ શું
કર્યું ?, અને ચોર કહે છે કે રાજન, રાજસભા કદાચ એમ માને છે કે આપે
મને મૃત્યુદંડ આપ્યો, હકીકત માં મને મૃત્યુદંડ મારી મા એ આપ્યો છે.
ચોરીનો માલ હું લાવતો ગયો, લાવતો ગયો ને મારી મા ખુશ થતી ગઈ કે
મારા દિકરા ને પૈસા તો મળ્યા વસ્તુ તો મળી, એણે માત્ર મારા સુખને
જોયું છે, મારા શરીરને જોયું નથી, કે ભવિષ્યમાં હું આવા કોઈ અપરાધમાં
ફસાઈ જઈશ તો મારા શરીરનું શું થશે ?, તમે જે મા-બાપ બન્યા છો
તો દોઢ વરસના દિકરા ને મોબાઈલ આપીને છુટ્ટા થઈ જાઓ તમને
કોઈ જ ફરમાન નથી, તમે જે મા-બાપ બન્યા છો તો દિકરા ને જે છે
માત્રને માત્ર દિકરાને ક્યાંક TV ની સામે બેસાડી દીધો, ક્યાંક જે છે તમે
જે છે એને મોકલી દીધો, તમે ટ્યુશનમા મોકલી છુટા થયા, તમે સ્કુલ
માં મોકલી છુટા થયા, તમે દુરની SCHOOL પસંદ કરી, જ્યા આવવામાં
કલાક ની ટાઈમ જાય, ત્યાં ૬-૮ કલાક જાય, આપણે છુટ્ટા ! તમામે છુટ્ટા
જ થવું હતું, તો તમે મા-બાપ થયા શા માટે ?, તમે લગ્ન કર્યા શા માટે ?,
તમે જે છે આ ભુમિકા એ પહોંચ્યા શા માટે ?, નિષ્ણાતો કહે છે કે
૩૦-૪૦ વરસની ઉંમર પછી જ બિમારી થાય, તે આજે પાંચ થી પંદર વરસ
ના હજારો બાળકો ને થઈ રહી છે એનું કારણ છે MOBILE. મોબાઈલનો
ઉપયોગ કરનારા ૧૭% ટકા બાળકો માયોપીયા નો શિકાર બની રહ્યા છે
એવો નિષ્ણાતોનો અભિપ્રાય છે, મોબાઈલ ની જેઓ ૫ થી ૬ કલાક
USE કરે છે, એવા બાળકો ને INFECTION નો રોગ, એવા બાળકો ને
MIGRANE નો રોગ, એવા બાળકો ને DEPRESSION નો રોગ,
એવા બાળકોની આંખ સુકાય જાય એવો રોગ, કાચી ઉંમરે ચશ્મા આવી જાય,

એવા બાળકોને આંખની ખામી થાય, હાર્ટની ખામી થાય, એવા
બાળકોને હૃદય રોગ થાય, એવા બાળકો પર SURGERY કરવી
પડે એવી STAGE ઊભી થઈ જાય, આવી ઘટના હોસ્પિટલોમાં
સામાન્ય છે. આટલું જ નહિ આનાથી પણ આગળ વધીને,
MOBILE નો વધુ પડતો ઉપયોગ કરવાથી શહેરના જેટલા
NUROLOGIST છે તેમની પાસે બાળ દર્દીઓની
સંખ્યા વધી રહી છે, CAN YOU UNDERSTAND
NUROLOGIST !, તમારા દાદા-પરદાદાને જે બિમારીઓ
થઈ નથી તે તમારા ૪-૫-૬ વરસના છોકરાઓને થવા લાગી
છે એનું કારણ માત્ર MOBILE નથી, MOBILE ના દુષ
પરિણામો નથી, એનું કારણ જે છે માત્ર ELECTRONIC
સાધનો નથી, એનું મુળ કારણ તમારી ઉપેક્ષા છે. ELECTRO
NIC સાધનો હોય ચાહે તે MOBILE હોય, IPhone
હોય, IPad હોય, એ ચાહે કોઈ પણ GADGET
હોય, એ સાધનો ની પહેલી અસર શરીર ઉપર પડે છે. નિષ્ણાતો
કહે છે કે એ સાધનો શરીરને ખોખલું કરી નાખે છે. એકવાર
તમારો બાળક એ સાધનોના રવાડે ચડ્યો ધીરે-ધીરે એનું
શરીર ખોખલું થતું જશે, હજુ ખોખલું, હજુ ખોખલું, હજુ ખોખલું,
તમારો ખ્યાલ એવો છે કે મા સમજે તો બાપ નથી સમજતો,
બાપ સમજે તો મા નથી સમજતી, મા ના પાડે છે બેટા આ
ખરાબ છે રહેવા દે મોબાઈલને - અને પિતા જે છે એ એનો
પક્ષ લેશે, તું રહેવા દે ને મારા દિકરાને જે કરવું હોય એ કરશે,
એ રમે છે ને, એ ભલે ખુશ થાય, એને ભલે મજા આવે, હું
તમને કહું છું EYE OPERATION, SURGERY OF YOUR
SITE, તમે એના સુખને જ નહિ, પહેલા નંબર
ની વાત એના સુખને જ નહિ એના શરીરને પણ જુઓ.
ELECTRONIC સાધનો પહેલી અસર શરીર પર કરે છે કે જે
FERTILITY હોય છે ને એ FERTILITY ને તોડી
નાખે છે. નિષ્ણાતો કહે છે કે હવે આ જે GADGET સાથે
ઉછરેલી GENERATION એમાંથી ૧૦ માંથી ૬ મા-બાપ

DATE

એ કદીપણ NORMAL રીતે મા-જાય બની શકશે નહિ. ELECTRONIC
સાધનો શરીરને જોખમું બનાવે છે, અંદરથી પોલું બનાવે છે, રોગપ્રતિકાર
શક્તિ ઘટાડે છે, અને શરીરનું જે મુળ છે શરીરનું જે વીર્ય છે એની પર
ખરાબ અસર પાડે છે. હું તમને કહું છું આ મારી વાત સાંભળીને તમે ડેયા
લોગો, બેટા છોડી દે મોબાઈલ, મોબાઈલ બહુ ખરાબ છે. હું ભલે વાપરું પણ
તારે નથી વાપરવાનો, તમે એવી અપેક્ષા કદી રાખતા જ નહિ. એક
ફિલોસોફરે બહુ મજાની વાત કરી છે - DONT EXPECT PEOPLE TO
LISTEN YOUR LECTURE & TO FORGET YOUR OWN
EXAMPLE - કોઈ તમારું ભાષણ સાંભળે અને તમારું EXAMPLE
ભુલી જાય એવી ક્યારે અપેક્ષા રાખશો નહિ. એક સન્યાસી હતા,
મા પોતાના દિકરાને લઈને આવી છે મા પોતે ત્યાં સન્યાસીની પાસે
દિકરાને રજુ કરે છે ને સન્યાસીને કહે છે કે આને સમજાવો, આને
ગોળનું વ્યસન થઈ ગયું છે, ગોળ એને રોજ ખાવા જોઈએ, ખલાસ થઈ
ગયો હોય તો ઝઘડો કરે, રડે, કકળે, ઘણું બધું કરે એને ગોળ છોડાવવો
ખુબ જ જરૂરી છે, જો આપ એને કાંઈ સમજાવો અમારું કાંઈ નથી
સાંભળતો, આપનું સાંભળી લેશે, સન્યાસીએ બધી વાત સાંભળીને
છેલ્લે પ્રેમથી કહ્યું કે તમે એમ કરો કાલે આવો. મને વાત સમજાઈ નહિ
સન્યાસી ભલા હતા, ગુણવાન હતા, સારા હતા, એમની પાસે CONVIN
CING POWER હતો, સમજાવવાની પુરેપુરી શક્તિ હતી છતાં એમણે કાલે
આવવા કહ્યું. ઠીક છે. બીજે દિવસે એ જ સમયે મા દિકરાને લઈને
આવી છે ને સન્યાસી જે છે એ બહુ પ્રેમથી દિકરાને સમજાવે છે કે બેટા
એક આટલી નાની વસ્તુને તું એનો ગુલામ થઈ ગયો !, તારી ઈચ્છા
ને તું પુરી કરે એમાં કઈ મર્દાનગી છે, એવું કયું જીવન છે, તું ગોળનો
ગુલામ થઈ ગયો આમાં તારી કોઈ જ બહાદુરી નથી, કોઈ જ મહાનતા
નથી, તારી ખરી મહાનતા એમાં છે કે તું એનું વ્યસન છોડીને બતાડ,
કોઈનો તારા પર CONTROL નહિ પણ તારો તેના પર CONTROL હોય
ત્યારે તું BEST કહેવાય, ત્યારે તું મહાન કહેવાય, સંન્યાસી એને ઘણો
સમજાવ્યો એનાથી તને કફ વધશે, એનાથી તને ઉધરસ વધશે,
એનાથી તને શરદી વધશે, એનાથી તને શરીરમાં UNEASYNESS
લાગશે, એનાથી તું વારંવાર માંદો પડીશ, એનાથી તને તાવ પણ આવી

શકે, ક્યારેક તને નહી મળે તો તું ગુસ્સે થઈશ, રડીપડીશ
ગોળે તને સુખી વધારે કર્યો કે દુઃખી વધારે કર્યો ?, તું સમજ,
તું સમજ અને દિકરો ધીરે ધીરે સમજતો જાય છે ને કહે છે હે
ગુરુદેવ ! આપી દો મને આજીવન ગોળની બાધા આપી દો
અને સન્યાસી બાધા આપે છે આશીર્વાદ આપે છે. માને સંતોષ
છે આનંદ છે પણ કોઈક મુંઝવણ છે, મા કહે છે કે ગઈકાલે
પણ તમે આ બધું સમજાવી શક્યા હોત, મને કોઈ REASON
સમજાતું નથી કે તમે કહ્યું આવતી કાલે આવજો જો આપની
ઉચિત લાગે ને જો SECRET ન હોય તો મને કહો, એટલે
સન્યાસીએ બહુ મજાની વાત કરી, બેન મને પોતાને ગોળનું
વ્યસન હતું, રોજ હું મને જ ગોળ વગર ચાલતુ ન હતું, હું રોજ
ભોજન સાથે ગોળ થોડક્સ લેતો હતો અને હું જ જ્યાં સુધી
ગોળથી મુક્ત ના થયો હોઉં, ત્યાં સુધી બીજાને શું ઉપદેશ
આપી શકું, ક્યા મોઢે ઉપદેશ આપું ?, અને મારા એ ઉપદેશ
ની અસર પણ શું થાય ?, વાત સમજાય છે તમને ?, પાંચ-છ
કલાક સુધી જે બાળકો મોબાઈલને ચિટકી ને રહે છે, આજે
ઘરઘરમાં એવી પરિસ્થિતિ એવી થઈ ગઈ કે એમને છોડવાની
વાત નથી, મગજમાં ઉતરતું નથી, અને જો બાળકો એમનો
પાસે થી મોબાઈલ લેવામાં આવે તો રડે, કકળે, ઝઘડે,
ઝઘડો કરે, ગાળ બોલે, ગમેતેવા મા-બાપ ને શબ્દો બોલે
અને અમુક બાળકો એ STAGE માં પહોંચી ગયા, એ જે છે
બહુ પરાણે એમની પાસેથી MOBILE ઝૂંટવી લેવામાં આવે
તો એમને એટેક આવી જાય. તમે તમારી જાતને
ભાગ્યશાળી સમજો કે તમારા બાપ-દાદા પાસે આવા સાધનો
ન હતા, તમને સાધનો મળ્યા તમારો પાસે પૈસા છે તમે સાધનો
ખરીદી શકો છો, તમને એવું છે કે આ બધુ અમને પરવડે એવું
છે પણ હકિકતમાં આ બધું પોસાય એવું જ નથી. MTV
જોતો છોકરો છે, સામે ગમેતેવા સીન આવી રહ્યા છે, પિતાનું
હૃદય જે છે આમ વલોવાઈ જાય છે, ચુપ કપાઈ જાય છે,
બેટા આવુ નહિ જોવાનું બેટા બંધ કરીદે TV અને છોકરો

જે છે પપ્પાની સામે થાય છે, આંખો કાઢે છે ને દસ વરસની છોકરી એના
પપ્પાને કહે છે, I WILL KILL YOU, પપ્પા હું તમને મારી નાખીશ.
તમારે વચ્ચે INTERFERE કરવાનું નહિ. હું તમને પુછું છું કે દોષ
કોનો છે ?, TV તમારું ઘર ફોડી નાખે એની પહેલા તમે TV ને ફોડી
નાખો. કદાચ મારી વાત તમને ભારે લાગશે, વધારે પડતી લાગશે,
અને લાગશે કે આજના ટાઈમે મહારાજ સાહેબ કઈ વાત કરે છે, હું
તમને કહું છું કે ૫૦ વરસ પહેલા TV ફોડી નાખવાની જેટલી જરૂર
હતી તેના કરતા ૫૦ ગણી વધારે જરૂર આજે TV ને ફોડી નાખવાની છે.
ઘરમાં TV નહિ હોય, GADGETS નહિ હોય, ફોન કદાચ તમારે
BUSINESS માટે રાખવો જ પડે તો નક્કી કરો કે અમે SCREEN
LESS MOBILE રાખશું, એમાં જે છે એની અંદર કોઈ FUNCTIONS
નહી રાખીએ, INTERNET નહી રાખીએ, કામ પુરતું કામ રાખશું,
નફો ઓછો થશે તો ચાલશે, સમજુ તો કદાચ SMART PHONE ન
રાખવાના કારણે તમારે ૫-૧૫ લાખ ગુમાવવા પડે તો એ નુકશાન
નથી એ ફાયદો છે. આજે કદાચ તમને ૫-૧૫ લાખનો ફાયદો થતો
હોય પણ એન નુકશાની જયારે તમારી નજર સામે આવશે ત્યારે પગ
નીચેથી ધરતી સરકી જશે. સંતાનના સુખને ના જુઓ એના શરીરને
પણ જુઓ. આજે તમારો FAST FOOD MANIA છે, બધીજ વસ્તુમાં
તમે FAST FOOD CULTURE ને અપનાવી છો, બધી જ વસ્તુમાં
ON THE SPOT જોઈએ છે. કાલનો તમને વિચાર જ આવતો નથી.
એના કારણે કાલ તમારો બહુ જ ભયંકર આવવાનો છે. આજથી પહેલા
રોટલા હતા, લાકડા ને છાણાનો ચૂલો હતો, માટીને લોઢી હતી, ધીમા
તાપે થયેલી રોટલી કે રોટલો હતી, અને આખી જિંદગી માથું દુખે
એ શું ખબર પડતી ન હતી, આ એક સમય. અને આજે એનો બીજો
છેડો જે FAST FOOD નો છે, તમારો સમય, કદાચ તમને થોડ ચટકો
લાગશે, સ્વાદ લાગશે, MODERNNESS લાગશે, FORWARDNESS
લાગશે પણ એવું જ RESULT આવવાનું એના હિસાબે જે લાખો
રૂપિયા તમારે દવા માં ખર્ચવાના છે, HOSPITALS માં ખર્ચવાના છે,
ત્યાં તમે શું કરશો ?, આ માત્ર 1 EXAMPLE છે બધી વસ્તુમાં
તમારે FAST અને EASY અને આજનું સુખ જોઈએ છે.

કાલનો વિચાર તમને કોઈને નથી. એ ધીમા તાપે ~~ક~~ ઘની રોટલી.
એ સાધનો વગરનું ઘર, એ AC અને COOLER વગરનું ઘર, એ
જે છે GADGETS વગરનું ઘર. FRIDGE વગરનું ઘર, TV
વગરનું ઘર, એ કદાચ ધીમા તાપે બનતી રોટલી જેવું હતું. જેમાં
સરવાળે બધા જ ખુશી રહેતા, આજનું તમારું ઘર, આજની તમારી
LIFE STYLE, આજના તમારા સાધનો, આજનું તમારું
CULTURE, એ ફાસ્ટ ફુડ જેવું છે ON THE SPOT તમને સુખ
લાગશે, તમારું FUTURE એનાથી બગડી જવાનું છે. મારી
વાત સમજાય છે તમને ? પહેલા નંબર ની વાત સંતાનના સુખ
ને નહિ પણ એના શરીર ને પણ દુઃખી. દર રવિવારે તમારે
પિકનિક પર જવું છે, હોટલમાં જવું છે, લારી પર જવું છે, આના
વગર રવિવાર તમને અધુરો લાગે છે, છોકરાને હોટલ-લારી
ખબર ન હતી ત્યારથી તમે એને લઈ જાવ છો. તમે એને ટેવ
પાડો છો તમે એને ચાઈનીસ નથી ખવડાવતા, તમે એને
મંચુરીયન નથી ખવડાવતા, તમે એને પાણીપુરી, પાઉંભાજી નથી
ખવડાવતા, તમે એને કીડામકોડાના DEAD BODIES
ખવડાવો છો, તમે એને ઈયળના DEAD BODIES ખવડાવો છો
તમે જે છે વાંદા અને ઉંદરના BODIES ના PARTICLES એની
અંદર ભળેલા છે એ ખવડાવી રહ્યા છો તમે એને TABLETS
ખવડાવી રહ્યા છો તમે એને INJECTIONS ખવડાવી રહ્યા છો
તમે એને POISON (ઝેર) ખવડાવો રહ્યા છો. તમારા જ બીજ
તમને નડતા હોય, તમે જ તમારા CONTROL માં ના હો, તમારો
જ તમારા પર કાબુ ના હોય, તો તમારી જીંદગી પણ બગાડવાની
અને તમારા સંતાનની જીંદગી પણ બગાડવાની. સૌરાષ્ટ્ર ની અંદર
બનેલી એક સત્ય ઘટના, દસ બાર વર્ષનો છોકરો પાણીપુરી
એણે ખાધી છે, પાણીપુરી ખાઈ ને ઘરે આવ્યો છે, કલાક ગયો છે
મમ્મી મને બહુ તકલીફ થાય છે, ફરીયાદ કરી રહ્યો છે. દોઢ
કલાક થય એ પીડા એની અસહ્ય બની જાય છે, ચીસો પાડવા માંડે
છે, મમ્મી બામ લગાડે છે. અડોશપડોશ વાળાને બોલાવે છે
ડોક્ટરને ફોન કરે છે, ડોક્ટર હજુ આવ્યા નથી, બે કલાક થયા છે.

DATE

એના બધા રોમ છિદ્રોમાંથી નાના નાના સફેદ કીડા બહાર નીકળવા લાગે છે.
છોકરી ચીસાચીસ કરે છે, એની મત એના હાથમાં નથી રહેતી, આખી સોસાયટી
ભેગી થઈ જાય છે, પપ્પા દોડતા આવે છે, કાકા દોડતા આવે છે, સગાવહાલા ભેગા
થઈ જાય છે, કશી ખબર પડતી નથી એ છે શું કે એ મોટો જભમ માં નાખીને
ઉંચકીને દોડે છે, નાખે છે રિક્ષામાં ને એને હોસ્પિટલાઈઝ કરવામાં
આવે છે, TREATMENT એની ચાલુ થાય છે, મમ્મી ધ્રુસકે ને ધ્રુસકે રડે છે.
પપ્પા જે છે ગમગીન થઈ ગયા છે, ઘરના બધા TENSION માં છે, FRIENDS
સગા વહાલા બધા આવી ગયા છે, જાતજાતના INJECTIONS એને અપાઈ
રહ્યા છે, ગ્લુકોઝ ની BOTTLES ચડાવી છે ને બેચે છે ડોક્ટરને પુછે છે કે
એને થયું છે શું ?, અમને પણ ખબર નથી અમારી જિંદગી માં આવો પહેલો
કેસ આવ્યો છે, તો એના કાકા એ પુછ્યું કે દવા તમે કઈ કરો છો ?, બસ
અમને સુજે એ અમે કરીએ છીએ, આ રોગ કયો છે એ પણ ખબર નથી આની
દવાની પણ ખબર નથી, અમે જે કરીએ છીએ એ આની દવા છે એ પણ
ખબર નથી. અને પ્રયાસ કરીએ છીએ, ૧ કલાક, દોઢ કલાક, બે કલાક, અઢી
કલાક, શરીર માંથી હજારો કીડા નીકળી ચુક્યા છે ને હજુ RE-PRODUCTION
ચાલુ જ છે, કીડાઓ નીકળતા જાય, નીકળતા જાય, પેલી ચીસા ચીસ કરે
માશાથી નથી રહેવાતુ, નથી સહેવાતુ, એના પપ્પા અને કાકા ડોક્ટરને
એકાંત માં મળ્યા છે ને પુછે છે ડોક્ટર તમને શું લાગે છે ?, આ બધું અમે
નથી જોઈ શકતા, અને ડોક્ટરે કહી દીધું આનો કોઈ ઈલાજ અમારી
પાસે નથી, આપ જો હા પાડો તો અમે એને POISON નું INJECTION
આપીને શાંત કરી શકીએ છીએ એનાથી વધારે અમે કશું કરી શકીએ
એમ નથી, પપ્પા એ અને કાકા એ વાત કરી લીધી, ડોક્ટરને સંમતિ
આપી દીધી, માને હજુ ખબર પણ ન હતી, POISON નું INJECTION
આપી દેવામાં આવ્યું અને પેલી જે છોકરી હતી એ કાયમ માટે શાંત થઈ
ગઈ. તમે શું માનો છો કે તમે એકદમ SOPHISTICATED, FORWARD
અને બહુ MODERN છો, FASHION માં આગળ વધી ગયા છો, અને
તમે જે છે આમ ટિફિન લઈને બહાર ગયા હોને ખાના હો તો બહુ
જુનવાણી લાગો, ORTHODOX લાગો, તમે જુના જમાનાના લાગો, તમે
આ બધું શું કરી રહ્યા છો ?, આપણે જેમ જેમ આગળ વધેલા કહેવાઈએ
છીએ, ઉત્તરોત્તર કેટલા પતન, અભણ ને મુઢ થયા, કેટલા બેવકુફ

બન્યા એની આપણને ખબર જ નથી. તમને શોખ થાય કે હું આટલું ભણી લીધા પછી JOB તો કરવી જ જોઈએને. જ્યારે તમારૂં રસોડું છુટો થાય છે, ત્યારે તમારો પરિવાર, તમારૂં ઘર, ભવિષ્યમાં HOSPITAL માં ADMIT થવાનું RESERVATION કરાવે છે. બહાર તમને બધું જ મળી જશે, તમને નાસ્તો મળી જશે, તમને જમવાનું મળી જશે, તમને અડધી રાત્રે જમવાનું મળી જશે, તમે પૈસા ખર્ચો બધું જ મળશે. જે મળ્યું એને હકીકતમાં નાસ્તો કહી શકાય, એને જમવાનું કહી શકાય ખરૂં ? તમે અત્યારે એવી HABIT પાડશો તો તમારા સંતાનોનું શું થશે. પહેલા નંબરની વાત સંતાનના સુખને જ નહિ એના શરીરને પણ ફુંકો. EYE OPERATION નો SECOND PHASE, એના શરીરને જ નહિ એના મનને પણ ફુંકો. શરીર કદાચ નબળું હશે ને તો પણ તમારૂં સંતાન સુખેથી જીવી શકશે, પણ એનું મન નબળુ હશે, પૈસા કદાચ તમારી પાસે ગમ્મે તેટલા હશે, સાધન-સંપત્તિ ગમ્મે તેટલી હશે, એનું મન નબળુ હશે તો તમારૂં સંતાન દુ:ખી જ થવાનું છે. હું તમને કહું છું કે કોઈએ તમારા સંતાનનો પગ તોડી નાખ્યો હશે ને FRACTURE થયું હશે, એને આમ હોકી સ્ટીક થી માર્યો હશે, એને લાકડીએ માર્યો હશે, એને શરીરે કોઈપણ નુકશાન પહોંચાડ્યું હશે તો, તમે એની સાથે લડશો, એની સાથે ઝઘડશો, એના ઉપર કેસ કરશો, તમે એને ખુબ ગુસ્સેથી કહેશો કે મારા દિકરાને આવું કેમ કર્યું ? હું તમને કહું છું જે છે એનું શરિર અપંગ બને, શરીર વિકલાંગ બને એમાં આટલા દુ:ખી થઈ શકો. સંતાનને એવી રીતે ઉછેર્યા કે એનું મન અપંગ બને, એનો તમને કોઈ જ અફસોસ નહિ। ૫૦ જોડી કપડા અને ૧૦ જોડી FOOTWARE એને તમે લાવી આપી, એના શરીરને કાંઈ જ નુકસાન નથી થતું, એનું મન છે જે એ અપંગ બની જાય છે. તમારા દિકરાને એના મોજ શોખ પુરી કરવાની જેટલી જરૂર છે એનાથી વધારે COMPROMISE કરવાની જરૂર છે. તો જ્યાં

સુધી દિકરો COMPROMISE ને નથી શિખ્યો, જતું કરતા શિખ્યો નથી, એ ચલાવતા શિખ્યો નથી ત્યાં સુધી એ કશું જ શિખ્યો નથી. બહુ પ્રેમથી તમને કહું છું, મારે તમને બહુ સારી-સારી વાતો કરીને બહુ સરસ વ્યાખ્યાન હતું, આવી પ્રસંશા લઈ ને અહીંયા થી વિદાય નથી કરવા. મારે તમને સાચો અને દિલથી વાત કરવી છે. મિડિયા ને તમારામાં કોઈ રસ નથી, તમે જે છાપું લો છો, તમે જે CHANNELS જોવો છો, તમે જે મેસેજ RECEIVE કરો છો, આમાં કેટલું તમારા કામનું, તમારા હિતનું, તમારા ઉપયોગનું, કેટલું હોય છે એ તમને વધારે ખબર હોય છે, તેઓ માત્ર તમારી નબળી વૃત્તિઓને ઉશ્કેરી ને પોતાના ખિસ્સા ભરી લે છે. તમે લાગે છે કે દુરદર્શન FREE માં આવો ગયું DISH ANTENA લગાડી દીધું, CHANNELS બધી FREE માં આવે છે, FREE કશું છે જ નહિ, એ તમને કેટલામાં પડે છે ને એ તમને ખબર જ નથી. એ લોકો મુરખા નથી તમને FREE માં આપે. તમે સરવાળે કેટલા LOSS માં છો એનો તમે હિસાબ કરશો ને તો તમારી આંખ ફાટી જશે, એ બાળક જિદ્દી છે, એક બાળક ગુસ્સાવાળું છે, એક બાળક કોઈ COMPROMISE કરી શકે તેમ જ નથી, એ બાળક ખરા અર્થમાં અભણ/અપંગ હોય છે. જે EDUCATION આપી ન શકાય તેવા EDUCATION માં તમારૂ સંતાન એટલું વ્યસ્ત થઈ ગયું છે, કે જેને EDUCATION કહેવાય તે EDUCATION ~~લેવા~~ એના માટે તેની પાસે ટાઈમ જ નથી રહેતો, એની પાસે CHANCE જ નથી રહેતો. તમે જ્યારે અમારી પાસે આવી ને કહો - સાહેબ આમનો એને શિબિર માં મોકલવો હતો પણ એને ટ્યુશન છે સાહેબ, આ બધા HOME WORK એટલા બધા વધી ગયા છે, કે સાહેબ પાઠશાળા જઈ શકાતું નથી, મહારાજ સાહેબ પાસે મોકલવાની બહુ ઈચ્છા હતી પણ એનું SCHEDULE એટલું ટાઈટ, ત્યારે મને એનું TRANSLAION એટલું જ સમજાતું હોય છે કે એને કચરો ભેગો કરવાની DUTY એટલી બધી છે ને, એને હિરા ભેગા કરવા માટે ટાઈમ જ નથી. ૧૨ વરસની દિકરી એ જિદ્દી હોય, આ ઘટના, અને ૧૨ વરસની દિકરી કપડા વગર ફરતી હોય આ ઘટના આ બંનેમાં હકિકતમાં કોઈ જ ફરક નથી. તમારા ૧૫ વરસના દિકરાને વારંવાર ગુસ્સો આવતો હોય આ ઘટના, અને તમારી ૧૫ વરસની દિકરી DRAWING ROOM માં છી કરી જતી હોય આ ઘટના - આ બે ઘટના માં હકિકત માં કોઈ જ ફરક નથી.

તમારી ૧૭ વરસની દિકરી તમને રાત્રે દોઢ વાગે ઉજાગરો
કરાવે આ ઘટના - અને તમારી ૧૭ વરસની દિકરી રાત્રે દોઢ
વાગે ઉંવા-ઉંવા કરીને રડે આ ઘટના - આ બે ઘટના માં હકીકત
માં કોઈ જ ફરક નથી. તમારો અઢાર વરસનો દિકરો તમારું
અપમાન કરી દે આ ઘટના, અને તમારો ૧૮ વરસનો દિકરો
ભલે ૧૮ મહિનાનો હોય ને તમારા ખોળામાં સુઈ ગયો ને
તમારા મોઢા પર લાતો મારે આ ઘટના - આ બેમાં હકીકત
માં કોઈ જ ફરક નથી. મોગલ સામ્રાજ્ય જ્યારે ભારતની
અંદર હતું ત્યારની વાત - મોગલ બાદશાહ ની દિકરો - શાહ
જાદો ચઢી ગયેલો છે, ઘોડેસવારી કરતો કરતો દુર ખેતરોમાં
પહોંચ્યો છે, ખેડુત ની દિકરી એકલી છે, ~~ખેતરમાં~~ કામ કરી
રહી છે, વાસના જાગી છે, એના ઉપર જુલમ કરે છે, દિકરી
ભાંગી પડે છે, રોતી-રોતી ઘરે જાય છે ખેડુત ને બધી વાત
ખબર પડે છે, ખેડુત ભાંગી પડે છે. રાજના દરબાર માં આવે છે
ધ્રુસકે ને ધ્રુસકે રડી પડે છે, કશું બોલી શકતો નથી,
બાદશાહ દયાળુ છે, પ્રજા-વત્સલ છે, એ ખેડુત ને કહે છે કે
તમને જે અન્યાય થયો હોય તે કહો, હું અન્યાય કરનારને
સજા અપાવીશ. બાદશાહ બાપ નહિ અપાવી શકો, હું
અપાવીશ, નહિ અપાવી શકો, હું ૧૦૦ ટ. અપાવીશ, તમે
કોઈ ચિંતા ના કરો, તમને શું તકલીફ થઈ તમને શું
અન્યાય થયો એની મને વાત કરો. ખેડુતે કહ્યું આપના
શાહજાદા એ મારી દિકરી ઉપર જુલમ ગુજાર્યો છે.
રક્ષક જ ભક્ષક બની જાય, રામ જ રાક્ષસ બની જાય તો અમે
જઈએ ક્યાં ?, રાજસભા આખી સ્તબ્ધ છે અને રાજા જે છે
ધરતી માર્ગ આપે તો અંદર ઉતરી જાય આવી સંવેદના ને
અનુભવે છે. બોલાવે છે શાહજાદાને શું કામ કર્યું આવું કામ,
શાહજાદો નીચે જુવે છે, રાજા કહે છે હું સજા ફરમાવું છું,
આને ઝેર નો પ્યાલો પીવડાવવામાં આવે અને ઝેરનો પ્યાલો
એની સગી મમ્મી પોતાના હાથે પીવડાવે. બેગમને
બોલાવવામાં આવે છે ને બેગમ ધ્રુસકે ને ધ્રુસકે રડી રહી છે.

એના હાથમાં ઝેરની પ્યાલી આપવામાં આવે છે. ધ્રુજતા હાથે દિકરાના હોઠ સુધી લઈ જાય છે, પાછું લાવે છે, લઈ જાય છે, પાછી લાવે છે. અને બાદશાહ કહે છે તારે જ એને પીવડાવવી પડશે. આ જે થયું છે એ તારા અતિ લાડનું જ પરિણામ છે. તેં જ એને બગાડ્યો છે, તેં જ એના સુખને જોયું છે, તેં જ એના શરીરને જોયું છે, એના મનને કંઈ જોયું જ નથી, એના મનનો કંઈ વિચાર કર્યો જ નથી માટે વંઠી ગયો છે. હવે તારે જે છે કંઈ પણ મમતાનું નાટક કરવાની જરૂર જ નથી. બેગમના હાથે ઝેરનો પ્યાલો શાહજાદો પી લે છે અને શાહજાદો ઢળી પડે છે. હું તમને કહું છું, આવતી કાલે તમારો દિકરો ઢળી ના પડે એ જોવાની જવાબદારી તમારી છે. EYE OPERATION ની SECOND STEP સંતાનના શરીરને ના જુઓ, એના મનને પણ જુઓ. ૨૪ કલાકના દિવસમાં તમે એક કલાક પણ સંતાનના MIND EDUCATION માટે ફાળવ્યો નથી, એનો સ્વભાવ સારો નથી થયો, એનો ગુસ્સો શાંત નથી થયો, એની જીદની આદત છુટી નથી, એનામાં COMPROMISE કરવાનું કોઈ કૌવત આવ્યું નથી, તો એના મા-બાપ તરીકે તમે FAIL થયા છો. સંતાનનું માત્ર પેટ ભરવાનું કામ તો કુતરા ને ગધેડા પણ કરે છે, સંતાનના શરીરનું માત્ર જતન કરવાનું કામ તો ભૂંડણ અને કુતરી પણ કરે છે, તમે માનવ થયા તમે સમજણા થયા, તમે આટલી ઉંચી ભૂમિકાએ આવ્યા અને તમારા જે છે સંતાન એ અણઘડ જ રહેતા હોય, એના જીવનમાં કોઈ ગુણોના ઠેકાણા ન હોય, એના સારા ભાવના ઠેકાણા ના હોય, તો તમે મા-બાપ શાના ? અને એ ગધેડા ને કુતરા કરતા ઉંચા શાના ? એક રાજાને કોઈએ સમજાવ્યું કે, બાળક જન્મ લેતું હોય ને ત્યારે બહુ સારું હોય છે, એને માત્ર બહારનું વાતાવરણ બગાડી દે છે. લોકો ખરાબ છે માટે લોકોના સંપર્કમાં રહીને બાળકો બગડી જતા હોય છે. જો બાળકોને બહારના વાતાવરણથી તદ્દન જુદા રાખવામાં આવે, એમને એકલા રાખવામાં આવે, એકલું માત્ર ખાવાનું ધ્યાન રાખીએ, કશું જ એમને કરવું નહી પડે, કાંઈ શિખવાની જરૂર નહિ, કોઈ શિક્ષણની જરૂર નહિ, કોઈ ઉપદેશની જરૂર નહિ, કોઈ સ્કુલ-બુલ- નિશાળ ની કશી જ જરૂર નહિ એને એમને એમ એકાંતમાં રાખો, અને પછી જુઓ દુનિયાના સારામાં સારા માણસો એમાંથી બને છે.

classmate

DATE

રાજાના મનમાં વાત બેસી ગઈ, રાજાએ પ્રજામાં વાત કરી અને
અમુક લોકો નવજાત બાળકોને સોંપવા તૈયાર થયા. ચાર-છ
મહિનાના બાળકો અને રાજાએ જે છે એવી ગોઠવણ કરી કે
તેઓ એકલા પણ જીવી શકે, અમુક એમની BASIC
જરૂરિયાતો, ખાવા-પીવા વગેરે ની પુરી કરી દીધી. બસ આવું
જ એક મકાન અને મકાનની અંદર બંધ બારીએ બાળકો રહે.
દુનિયાના સંપર્ક થી તદ્દન વિખુટા પડેલા, થોડા વરસો પછી
રાજાએ તપાસ કરી તો ખબર પડી એ બાળકો તદ્દન જંગલી ને
વિચિત્ર પ્રકારના થઈ ગયા. પુષ્પમાલા ગ્રંથની અંદર બહુ મજા
ની વાત કરી છે- ભાવુગદવ્વં જીવો સંસગ્ગીએ ગુણં ચ દોસં ચ પાવઇ
જીવ કેવો છે તો ખુબ ભાવુક દ્રવ્ય છે. જેવો એનો સંપર્ક છે એવા
ગુણો કે દોષો ને એ પામશે. બાળકોને બગાડી પણ શકાય છે.
બાળકને સુધારી પણ શકાય છે. એક બાળક જે કંઈ પણ
જુએ છે, સાંભળે છે, અનુભવે છે એ બધુ જ એની SCHOOL
હોય છે, એના સંપર્કમાં જે પણ કંઈ આવે છે એ શિક્ષક
હોય છે, એનાથી તે સતત શીખતું જ જાય છે. એ મર્ડર
જોશે, એ જુલમ જોશે, એ હિંસા જોશે, એ માત્ર અને માત્ર
શારિરીક વાસના ને સંતોષવાના દૃશ્યો જોશે, એ બાળક
સતત શીખી રહ્યો છે ને એવો જ થવાનો છે. જીવનની અંદર
ચારસો ની સંખ્યામાં એક માણસે MURDERS કર્યા એ
જ્યારે ગર્ભમાં હતો ને ત્યારે એની માતાએ પોતાના શોખને
પુરવા માટે સતત હિંસક ફિલ્મો જોઈ હતી. તમારું સંતાન
જ્યારથી ગર્ભમાં છે ત્યારથી એનું શિક્ષણ શરૂ થઈ ગયું
હોય છે. તમે જ્યાં સુધી એના MIND EDUCATION માટે
ધ્યાન આપ્યું નથી, એના MIND EDUCATION ની જ્યાં
સુધી ઉપેક્ષા કરી છે, ત્યાં સુધી તમારા સંતાન નું કોઈ જ
હિત થાય એવી શક્યતા નથી. મંદિર હશે, પાઠશાળા હશે,
મહાત્મા નો સત્સંગ હશે, સારા પુસ્તકો હશે આનાથી કદાચ
કશું પણ તમને કે એમને ફાવે નહિ, હું તમને કહું છું
છેવટે તમે TEACHER બનો, તમે MIND EDUCATION

DATE

આવી, ૨૪ કલાકમાં જે તમે એક પણ સારી વાર્તા સંતાનને કરી નથી, સારી બોધ નથી આપ્યો તો એના મા-બાપ તરીકે તમે ગુનો કર્યો છે, તમે અપરાધ કર્યો છે. દિકરાને કોઈ ભુખ્યો રાખે, ખાવા ન આપે, આપણે કહીએ છીએ આ કેવા મા-બાપ છે?, હું તમને પુછુ છું ખાવા ન આપે એ મા-બાપ ખરાબ જ છે, પણ સંસ્કાર ન આપે MIND EDUCATION ન આપે એ મા-બાપ વધારે ખરાબ છે. EYE OPERATION - FIRST PHASE - એના સુઅને જ નહિ પણ એના શરીરને પણ જુઓ. EYE OPERATION SECOND PHASE એના શરીરને જ નહિ એના મનને પણ જુઓ. EYE OPERATION THIRD PHASE - એના મનને જ નહિ એના આત્માને પણ જુઓ:- રાજકુમાર ગોપીચંદ સ્નાન કરી રહ્યો છે, સ્નાન ચાલુ છે. ચાલુ છે, ચાલુ છે - આઠ પત્નીઓ, પુર્વ કાળની આ પદ્ધતિ હતી પતિ ને પત્ની સ્નાન કરાવે. ઘરમાં કોઈ મહેમાન આવેને તો ઘરના સભ્યો એ મહેમાન ને સ્નાન કરાવે, સ્નાન એ રીતે પહેલા કરાવુ ને એના અનુસારે આઠ પત્નીઓ એમને સ્નાન કરાવી રહી હતી. ફુલ ગુલાબી એમનું શરીર છે નવું યૌવન છે, રૂપાળો રાજકુમાર ગોપીચંદ આઠ પત્નીઓ દ્વારા સ્નાન કરી રહ્યો છે, ગોપીચંદ ખુબ જ મમના છે ઉનાળાની SEASON છે ઠંડા પાણી એ સ્નાન ચાલુ છે, અને એ સમયે ગોપીચંદ ને પીઠ ઉપર ગરમ ગરમ પાણી નું ટીપું પડ્યું હોય ને એવો અહેસાસ થાય છે. ગોપીચંદ ચમકી જાય છે, તરત પાછળ જુએ છે, ઉપર જુએ છે, ઉપર ઝરુખો છે ઝરુખામાં મા બેઠી છે અને મા ની આંખમાં આંસુ જોયા, આવા મા-બાપ કઈ રીતે બની શકાય એ વાત મારે તમને કરવી છે આજે તમારી TREND જોઈએ તમારી FASHION જોઈએ, તમારી શોખ જોઈએ, તમારી રફતાર જોઈએ ત્યારે મને એમ લાગે છે કે તમારા દિકરા કોઈ ધર્મના કામના, શાસનના કામના, સંઘના કામના તો નથી જ રહેવાના, એ ઘરના કે તમારા કામના પણ નથી જ રહેવાના. તમને જ શોખ થાય કે મારો જ દિકરો TV માં આવે તો સારૂ, પડોશીની દિકરી TV માં પહોંચી ગયો ને તમને થાય કે એમની દિકરી આગળ વધી ગયી, મારી દિકરો પાછળ રહી ગયો ત્યારે તમે કશું સમજ્યા જ નથી. દિકરીને તમે જ્યારે ADVICE આપતા હો છો કે બેટા બધા આવું પહેરતા હોય ને તું આવું પહેરે, તું ક્યુટી લાગીશ બેટા, હવે વાંધો નહિ, હવે બધા

कृतेऽस्य जीवम्

આવું જ પહેરે છે. આજની તારીખમાં આવી પણ મમ્મી છે,
આવા પણ પપ્પા છે, દિકરાને/દિકરીને પોતાના હાથે જ ઝેર
ની પ્યાલી પીવડાવે છે, અધ્યાત્મ કલ્પદ્રુમ ની મુનિસુંદર
મહારાજ કહે છે - माता पिता स्वः सुगुरुश्च तत्त्वात्प्रबोध्य यो योजति शुद्धधर्मे ।
સાચી મા એ છે સાચા પિતા એ છે જે સામેથી પ્રેરણા કરે
સામેથી પ્રતિબોધ કરે, અને શુદ્ધ ધર્મની અંદર પોતાના
સંતાનને જોડી દે - न तत्समोऽरिः क्षिपते भवाब्धौ यो धर्मविघ्नादि જે ધર્મ માં
અંતરાય કરે ઉંધી વાત કરે, પોતાની જે ધર્મ ભાવનાને ઠેસ
પહોંચાડે, ધર્મને જે પછાત સમજે, ધર્મને અળખામણી દોરાવે
કુક્ષે એવા મા-બાપ જેવા કોઈ દુશ્મન નથી, જે એ પોતાના
હાથે જ દિકરાને ભવ સાગરમાં ફેંકી દે. કચ્છી પરિવારની એક
દિકરી પરણીને સાસરે ગઈ છે. પુરા દિવસો ચાલે છે ભાઈ લેવા
આવ્યો છે, AMBULANCE માં જવાનું છે, દિકરીને મન થયું
છે મારે ટ્રેન માં જવું છે, લેવી હોય તો એક નર્સ સાથે લઈ લો,
ઘરવાળા બધું બહુ સમજાવે છે, સમજવા તૈયાર નથી. જીદ ઉપર
આવી ગઈ છે, TRAIN ની અંદર પિયર જવા રવાના થાય છે.
ભાઈ છે, એક NURSE છે ઉભી થાય છે નર્સ સાથે આવે છે
બેને જરા NORMAL PAIN થાય છે બને 5-10 મિનિટ અંદર
થશે, તમે જરા ટુવાલ લઈ આવો, નર્સ ટુવાલ લેવા જાય છે,
ટોઈલેટની અંદર બેન જાય છે, PAIN વધે છે ચક્કર આવી
જાય છે, ફસડાઈ પડે છે, નર્સ થોડી વાર બહાર ઉભી રહે છે.
પેલીએ બુમ પાડી ત્યારે નર્સ ટુવાલ લેવા ગઈ હતી. નર્સ
હાજર ન હતી. હવે પેલી બેભાન થઈને પડી છે અંદરથી જે છે
LOCK થઈ ગયું છે, નર્સ રાહ જોઈને થાકે છે, સવાલનો જવાબ
મળતો નથી. નર્સને કાંઈક આશંકા જાય છે ભાઈને બોલાવે છે
ધક્કો મારી મારીને જે છે દરવાજો ખોલવામાં આવે છે, લોક
તુટી જાય છે, દરવાજો ખુલી જાય છે, બેભાન હાલતમાં બેન
મળે છે, ઉપાડીને ત્યાં લાવવામાં આવે છે, માંડ માંડ બેન
ભાનમાં આવે છે, પાંચ મિનિટ પહેલી જ વાત મારું સંતાન
ક્યાં છે ?, દોડે છે ભાઈ તપાસ કરે છે, સંતાન દેખાતું

બધી વાત સમજાઈ જાય છે, બુમાબુમ કરી મુકે છે, અમુક સમજદાર લોકો
ભેગા થાય છે, પહેલા નંબર તમે ધ્યાન દેજો. થોડા વરસો પહેલા બનેલી
ઘટના - સાચા મા-બાપ કોને કહેવાય, આત્મ હાર્ટ કોને કહેવાય, આજનું
સાચુ ઓપરેશન કોને કહેવાય એની વાત મારે તમને કરવી છે. ગાડી ઉભી
રાખવામાં આવે છે, જે જે સંતાન પડી ગયું ત્યાંથી ગાડી વીસ કિલોમીટર
આગળ આવી ગઈ છે, કર્મચારીઓ ત્યાં પહોંચી જાય છે, શું થયું એ વાત કરે
છે, બધી પરિસ્થિતિ સમજુ જાય છે પહેલા નંબરમાં એ ROUTE પર આવતી
બધી ટ્રેનો ને અટકાવી દે છે. એક નાની ગાડી જે પાટા ઉપર વધી શકે એવી
ગાડીમાં બેસીને ભાઈ અને કર્મચારીઓ સંતાનની ભાળ મેળવવા માટે
REVERCE જાય છે, ટ્રેનમાં બધે સમાચાર પહોંચી ગયા છે કે આવી ઘટના
બની છે, અને બધાના મોઢે એક જ વાત હવે સંતાન મળે એ શક્ય નથી
અને કદાચ મળી જાય તો બચવું હોય એતો POSSIBLE જ નથી. મા
રડારોળ કરે છે, અને રડારોળ કરતા કરતા પોતાના જે છે પોતાના બહુ જ
પ્રિય ભગવાન કચ્છ-ભદ્રેશ્વરના મહાવીર સ્વામી, અને પોતે જે છે જેને
ગુરૂ માન્યા છે - કલાપૂર્ણ સુરીશ્વરજી મહારાજ એમનું સ્મરણ મા કરી રહી
છે. મા સ્મરણમાં લીન છે, માથા ઉપર ગમે તેવી વાતો થઈ રહી છે,
ખુબ જ શ્રદ્ધા પૂર્વક એ માતા પ્રાર્થના કરી રહી છે, એ સમયે જે છે ભાઈ
આગળ વધી રહ્યા છે, વધતા-વધતા - ૧૫ કિલોમીટર, ૧૭, ૧૮, ૧૯ ને ૨૦
કિલોમીટર હજુ પહોંચવા આવ્યા છે પેલા કર્મચારીઓ ગાડીને અટકાવી દે
છે ભાઈ જરા નારાજ થાય છે શું થયું, જલ્દી ચલાવો આગળ ને કર્મચારી
ઈશારો કરે છે કોઈ કંતાન જેવું ત્યાં પડ્યું હતું, નવજાત બાળક એ કંતાન
ઉપર પડ્યો છે અને ૩-૪ કુતરા એને ખાવા માટે ધસી રહ્યા છે, એક
ગાય વચ્ચે આવી છે ને શિંગડાથી કુતરાઓને દુર રાખવાનો પ્રયાસ કરી
રહી છે આ દ્રશ્ય જોયું છે કર્મચારીએ ગાડી અટકાવી છે, ભાઈ બીજી
મિનિટે ત્યાં પહોંચ્યો છે દિકરાને હાથમાં લીધો છે અને મનમુકીને ભાઈ
ત્યાં નાચ્યો છે, પાછા બધા ટ્રેનમાં પહોંચ્યા છે, આખી ટ્રેન જોતી રહી
જાય છે, મા ના હાથમાં દિકરાને સોંપવામાં આવે છે મા ની આંખમાંથી
હર્ષના અશ્રુ નીકળે છે, ભાઈ આખી દાસ્તાન સંભળાવે છે. આવું આવું
થયું, ગાય એ રક્ષા કરી અને મા બોલે છે, એ ગાય નહતી ગાય ના
રૂપમાં મારા કચ્છના મહાવીર સ્વામી ભદ્રેશ્વરના નેમિનાથ દાદા

ત્યાં આવ્યા હતા. ગાયના રૂપે મારા કલાપૂર્ણસૂરીશ્વરજી
ગુરુદેવ આવ્યા હતા, એમણે રજા કરી છે ને, ભાઈ આ
જે મિનિટો ગઈ છે ને, આમાં મેં એક સંકલ્પ કર્યો છે
હું રડી રહી હતી ત્યારે મને મારા દીકરાનું માત્ર શરીર જ
દેખાતું હતું, મેં એના શરીર ની ચિંતા કરી કે મારો દીકરો
ઘવાયો તો હશે ને !, એ કેવી રીતે પછડાયો હશે, એને
કેવી વેદના થઈ હશે, પછી મને જે છે દેવગુરુ એ
પ્રેરણા આપી કે તું એના શરીરની આટલી ચિંતા કરે
છે, જે એક ભવનું છે, જે પહેલા હતુ નહી અને પછી
રહેવાનું નથી, એક દિવસ સંસાર માં રાખ થઈ જવાનું
છે, તારો દીકરો શરીર નથી તારો દીકરો આત્મા છે
તું માત્ર એના આ લોક ની ચિંતા કરે, શરીર ની ચિંતા કરે
સુખશીલતા ની ચિંતા કરે, એને કોઈ ઈજા ના થાય
આની ચિંતા કરે, પણ નરકની અંદર પરમાધામીઓ
એની ચટણી બનાવી દે એનું કચુંબર બનાવી દે, એને
આંખો ફોડી નાખે એના માથાની કુંદી કરી નાખે, અસંખ્ય
વર્ષો સુધી એ નરક માં ચીસો પાડતો રહે, એની તને
કોઈ જ ચિંતા નથી !, મને દેવ અને ગુરુએ પ્રેરણા
આપી કે તું એના શરીર ને નહિ જો તું એના આત્માને
પણ જો, અને ભાઈ મેં સંકલ્પ કર્યો કે જો મારો દીકરો
બચી જાય તો હું એને દીક્ષા અપાવીશ. દીકરાને
ભરપૂર સંસ્કારો એ માએ આપ્યા, એ સંસ્કારોની સાથે
સાથે, દીકરો ધીમે ધીમે મોટો થાય છે, કિશોર વયની
અંદર એક સંયમી અને જ્ઞાની આચાર્ય ભગવંત પાસે
મા દીક્ષા અપાવે છે, અને આજે એ દીકરો જિનશાસન
ના અણગાર બનીને ખુબ સરસ આરાધના કરી રહ્યો છે.
EYE OPERATION FIRST STEP એના સુખને જ
નહિ એના શરીરને પણ જુઓ, EYE OPERATION
SECOND STEP- એના શરીરને જ નહિ એના મનને
પણ જુઓ, EYE OPERATION THIRD STEP

એના મનને જ નહિ એના આત્માને પણ જુઓ, ગોપીચંદ ઉપર
પહોંચ્યો છે મા શું તકલીફ છે જે બોલ, મા તારી આંખમાં આંસુ
મા શું થયું કે મને અને ગોપીચંદની મા કહે છે બેટા તારા
પિતા પહેલવાન જેવા હતા તો ય એક દિવસ સ્મશાન ભેગા
થઈ ગયા, બેટા માત્ર શરીરની જ દ્રષ્ટિ, માત્ર આ લોકની જ
ચિંતા, સંસાર ના ભૌતિક સુખો ની જ દ્રષ્ટિ, આજ રંગરાગ,
એશોઆરામ, ઇંદ્રિયોના સુખો, આમાં જ જો તારો ભવ
પુરો થઈ ગયો તો બેટા પરલોકમાં તારું થશે શું ? બેટા
તું તારો નથી તું મારો છે બેટા હું તારી મા નથી હું ડાકણ
છું, મેં તારા શરીરને જ જોયું છે, મેં તારા સુખને જ જોયું છે,
મેં તારા આલોક ને જ જોયો છે, મેં તારા પરલોક ને તારા
આત્મા ને જોયો જ નથી. બેટા હું તારી મા નથી હું તારો
હત્યારો છું, આવના અનેક ભવો માં તારે જે મૃત્યુઓ લેવા
પડશે, તને જે જે વેદના ઓ ભોગવવી પડશે, તારા આત્મા
ના જેટલા મૃત્યુ થશે, બેટા એ બધા માટે જવાબદાર હું જ
છું. જ્ઞાની ભગવંતો કહે છે -

माता शत्रुः पिता वैरी येन बालो न पाठितः।

જેણે સંતાનો ને સંસ્કારો નથી આપ્યા, જેમણે MIND -
EDUCATION નથી આપ્યું, જેમણે સંતાનના આત્માને
જોયો જ નથી, એના પરલોકની કોઈ પરવાહ જ કરી નથી
જે માત્ર લોક પ્રવાહમાં, લોકો જ્યાં તણાય છે દુનિયા જ્યાં
દોડે છે, ત્યાં જ પોતાના સંતાનને મુકી દેવો છે. બધા જ્યાં
જાય ત્યાં જાય બધા કુવામાં પડે તો મારો દિકરો પણ કુવામાં
પડે, મરીમરી ને ભણે, TENSION રાખી ને ભણે, કોઈક
DEGREE મળી જાય, કોઈ મોટી કંપનીની JOB મળી જાય
કોઈ PACKAGE મળી જાય, મારો દિકરો અમુક રકમ માટે
વેચાઈ જાય, ન એ પોતાનો રહે ન એ બીજાનો રહે એક ભવ
એનો પુરો થઈ જાય, હું તમને કહું છું જે આપણી આ જ
દ્રષ્ટિ છે તો તાત્વિક દ્રષ્ટિ એ એના મા-બાપ નથી, એના
દુશ્મન છીએ. બહુ સમજદાર તમે બધા છો, તમે બધા જ

ઈચ્છો છો કે મારું સંતાન સુખી થાય. તમે બધા જ ઈચ્છો છો કે મારું સંતાન આગળ વધે, તમે બધા જ ઈચ્છો છો કે ઘરડે ઘડપણ મારું સંતાન મને સાચવે. હું તમને કહું છું આ એક EYE OPERATION, આ SURGERY ને તમે ACCEPT કરી શકો તો આપણી અંદરની ખામીઓ આપણી દ્રષ્ટિની ખામીઓ, નજરની ખામીઓ આજે આપણે દુર કરી શકીએ, ખરેખર સાચા-મા-બાપ આપણે બની શકશું, ગોપીચંદ જે છે વાત સમજે છે માના આશિર્વાદ લે છે, સાધના ના પંથે નીકળી પડે છે, મા ના હૃદય ને અખુટ આત્મસંતોષ થાય છે, સાચી મા એને કહેવાય સાચા પિતા એને કહેવાય, સંતાનના આત્માહિત ઉપર જ જેમની દ્રષ્ટિ હોય, EYE OPERATION આ ત્રણ STEP જીવનમાં અપનાવી ને તમે સાચા મા-બાપ બનો એવી ખુબ ખુબ શુભેચ્છા.

x x x x x x

સાચા મા-બાપ કઈ રીતે બનવું ?



THE SURGERY OF PARENTING DATE 23 02 2019

BRAIN OPERATION

પૂજ્ય મુનિરાજ શ્રી જિનપ્રેમવિજયજી મહારાજ સાહેબ

THE SURGERY OF PARENTING SERIES માં EYE OPERATION, EAR OPERAION, TOUNGE OPERAION પછી આજનું SESSION છે BRAIN OPERATION. સાચા મમ્મી પપ્પા કઈ રીતે બની શકાય એના માટે આપણી ભૂમિકા શું હોવી જોઈએ, એના માટે આપણું મગજ કેવું હોવું જોઈએ, અને આપણા મગજ ની કેવી કેવી DEFECTS હોય છે કેવા કેવા TUMORS હોય છે, અને એ TUMORS ને કેવી રીતે REMOVE કરી શકાય, એની વાત મારે આજે તમને કરવી છે. છગન OFF થઈ પછી છગન ની સ્મશાન યાત્રા નીકળી અને ઠાઠડી લઈ ને લોકો ચાલતા હતા, હાંડી આગળ હતી ને સ્મશાન યાત્રા માં મગન મન મુકીને નાચતો હતો, હસતો તો, ગાતો તો, લોકો એને ઘેરી વળ્યા અને કહ્યું કે તું આ રીતે નાચે છે, કહે હું ક્યાં નાચું છું ?, પણ છગન તો ઓફ થઈ ગયો છે, કહે છે હા BRAIN HEMRAGE થી ઓફ થઈ ગયો છે તો તું કેમ નાચે છે, એટલે જ નાચું છું, પણ તું તો એનો BEST FRIEND છે. મગને કહ્યું કે એનો BEST FRIEND છું એટલે જ નાચું છું લોકો કે હજી અમને કંઈ સમજાતું નથી, મગને કહ્યું કે જુઓ BRAIN HEMRAGE થી ઓફ થઈ ગયો ને એટલે એ PROVE થયું કે આજ સુધી એના પરજે કલંક લાગ્યું હતું, એ કલંક અત્યારે ધોવાઈ ગયું, એટલે હું નાચું છું ને કુદું છું. કેટલાક PARENTS ને જોઈએ તો એમ લાગે કે એમના માં BRAIN નહી હોય અથવા BRAIN DEFECTIVE હશે, સાચા મા-બાપ બનવા માટે PERFECT BRAIN હોવું જરૂરી છે ને PERFECT BRAIN માટે અમુક TUMORS ન હોવા જરૂરી છે. ચાર પ્રકારના TUMORS ની વાત આજે કરવી છે ને એક પછી એક TUMOR એને સમજવું છે.

આપણે આ માં ક્યાં, આપણા માંતો આ TUMOR નથી
ને એ આત્મનિરિક્ષણ કર્યું છે ને હોય તો એને
દુર કરવા માટે પ્રયાસ કરવો છે. પહેલા નંબર નું
TUMOR છે MATHS (ગણિત) TUMOR - છગને
ચિંટુ ને પુછ્યું કે બેટા તારી પાસે ચાર સફરજન
હોય ને એક હું માંગી લઉં તો તારી પાસે કેટલા રહે,
ચિંટુ એ કહ્યું કે ચાર રહે, છગને કહ્યું તારું MATHS
કાચું છે, ચિંટુ એ કહ્યું કે તમે માંગો ને હું આપી દઉં
એવો હું કાચો નથી. MATHS TUMOR દિકરા ને
સાચવો છો, ઉછેરો છો, ભણાવો છો, પિવડાવો છો,
એના માટે ઘસાવ છો, એના માટે બધી જ મહેનત
કરો છો, પણ બધું કરવા પાછળ તમારું એ કોઈ
ગણિત છે, તમારું કોઈ MATHS છે, કે આ છોકરો
મોટો થઈ ને મને સાચવશે અને માટે એને સાચવવો
છે તો આ એક પ્રકારનું BRAIN TUMOR છે.
દિકરો તમને શું વળતર આપશે, દિકરો મોટો થઈને
ઘડપણ ની લાકડી બનશે તમારી સેવા કરશે, સાજે
માંદે કામ લાગશે, આ હિસાબે તમે જો દિકરા ને
ઉછેરો છો તો હકિકત માં એ તમારો દિકરો નથી
તમારા માટે એક COMMERCIAL FIRM છે જેમાં
તમે INVEST કરી રહ્યા છો, હકીકત માં એ તમારો
દિકરો નથી, તમે એના પપ્પા નથી એ એમ છે તો તમે
એના ECONOMIC FATHER છો, એ તમારું ગણિત
આવું જ છે તો હકિકત માં, સાચું કહું તો એ
તમારો દિકરો નથી એ VIA રૂપિયા તમારો દિકરો છે
એટલે કે ખરેખર તમારો દિકરો નથી. MATHS અને
માતૃત્વ અને પિતૃત્વનો કોઈ મેળ જ નથી. સાચા
મા-બાપ નું MATHS હંમેશા કાચું હોય છે. એક
મા-બાપે પેટે પાટા બાંધીને દિકરાને ઉછેર્યો, વકીલ
બનાવ્યો, અત્યારે માતા-પિતા એ વૃદ્ધાશ્રમ માં

DATE

ઓસું સારે છે અને દિકરી એક શહેરમાં ન્યાયમૂર્તિ તરીકે ફરજ બજાવે છે. તમે ગમ્મે તેટલા ગણિત કરો, તમારૂં ગણિત ગમ્મે તેટલું પાક્કું હોય છતાં તમારૂં ગણિત ખોટું પડી શકે એમ છે કારણકે આ સંસાર છે. દિકરાને તમે મોંઘી GIFTS નહિ લાવી આપો તો ચાલશે, દિકરાને તમે મોંઘા TUTION CLASS નહિ કરાવી આપો તો ચાલશે, તમે એને મોંઘા કપડા નહિ લાવી આપો તો ચાલશે, તમને બહુ પ્રેમથી કહું છું પહેલા નંબરમાં તમારા મગજમાંથી બધા જ ગણિત કાઢી નાખો, બધું MATHS કાઢી નાખો, દીકરી તમને જે સરળ ભાવે, સ્વચ્છ ભાવે વળગી છે, તમને ભેટે છે તમારા ખોળામાં બેસે છે, હું તમને પુછું એના જેવી સ્વચ્છતા / સરળતા તમે ના રાખી શકો કે દિકરાને તમારા ગણિતની ખબર પડશે, દિકરાને જ્યારે ખબર પડશે કે પપ્પાને ગણિત છે, પપ્પા મારી પાસેથી વળતર મળે માટે મને પ્રેમ કરે છે, એટલે મારી CHOICE પૂરી કરે છે, ઘરની અંદર દિકરા અને દિકરીમાં ફેર પડે ને, બહુ પ્રેમથી તમને કહું કે દિકરી સાસરે જશે, દિકરી આપણને સાચવશે નહિ માટે દિકરીની ઓછી સાચવવી દિકરાને વધારે સાચવવો, દિકરીની ફરિયાદ થાય કે મારા કરતા ભાઈ પર પ્રેમ વધારે છે, હકીકતમાં દિકરી ઉપર પણ પ્રેમ નથી, દિકરા ઉપર પણ પ્રેમ નથી, સ્વાર્થ ઉપર પ્રેમ છે. MATHS TUMOR - સુકોશલ રાજકુમાર, ઝરૂખે પોતે બેઠા છે અને જુએ છે પોતાની બાજુમાં પોતાની ધાવમાતા છે ધાવમાતા રડી રહી છે, આ દૃશ્ય દેખાય છે અને આ દૃશ્ય દેખાય છે ત્યાં રાજકુમાર દોડી જાય છે, પુછે ધાવમાતા કેમ તમે રડી રહ્યા છો અને ધાવ માતા કહે છે આજે વરસો પછી આપણા જે રાજા હતા, તમારા પિતાજી હતા, જેમણે દિક્ષા લીધી એ આપણા નગરમાં આવ્યા, અને ગોચરી માટે નીકળ્યા હતા, સામેના રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા અને અહીંયા આવી પણ

ન હતા રહ્યા, અને તમારી માતા એ ધક્કા મરાવી ને
નગરની બહાર કઢાવી મુકયા, અને માટે હું રડી રહી
છું. સુકોશલ ની માતા ના મનમાં એક MATHS
હતું એક ગણિત હતું કે દિકરો પણ એ પતિ ના
રસ્તે ગયો તો પછી મારું શું ?, દિકરા નું ભવિષ્ય
અને દિક્ષા સુધી લઈ જાય છે, માતા નું ગણિત એને
આર્તધ્યાન કરાવે છે, ધ્રુસકે ને ધ્રુસકે માતા રડે
છે, મરી ને વાઘણ થાય છે. કિર્તિધર અને સુકોશલ
મુનિ ચાર મહિના ના ઉપવાસ ના પારણા માટે જંગલ
માંથી નીકળી રહ્યા હોય છે વાઘણ સામે મળે છે.
વાઘણ તૂટી પડે છે અને વાઘણ એ બંને મુનિઓને
ચુંથી ફાડી ખાય છે, MATHS TUMOR નું પરિણામ
આ છે. MATHS ક્યાં સુધી ?, MATHS શા માટે ?,
MATHS નું પરિણામ શું ?, આનો વિચાર તમે કરો.
હું તમને કહું છું, મારી પાસે કોઈ છોકરો આવ્યો
હોય, મને વંદન કર્યા, મારી પાસે બેઠો, સારો છોકરો
છે, પાણીદાર છે, ધર્મ ભાવના એની થોડીઘણી છે,
મને થાય કે આ મારો શિષ્ય થાય તો સારું, મારી સેવા
કરશે, મારી શોભા વધારશે, મારો પરિવાર વધારશે,
અને હું એને વૈરાગ્ય નું પાન કરાવું, હું એને સમજાવું
સંસાર બહુ ખારો છે, સંયમ સારું છે. સંયમ નું પરિણામ
સદ્‌ગતિ ને મોક્ષ છે, સંસાર નું પરિણામ દુર્ગતિ છે. મારી
વાત ભલે 100 ટકા સાચી છે. પણ હું પોતે ખોટો છું.
ને આ રીતે કદાચ હું એને પ્રતિબોધ કરી પણ દઉં
અને એ દિક્ષા લઈ પણ લે, પણ હું એનો સાચો
ગુરુ નહિ બની શકું, હું એનું સાચું અનુશાસન
નહી કરી શકું, હું એના આત્માનું હિત નહી કરી
શકું, એનું હિત કદાચ એના ભવિતવ્ય થી થઈ પણ
જાય, પણ મારું તો અહિત જ થવાનું છે. મારી
પાસે એક છોકરો આવ્યો ને હું વિચાર કરું

જે એનામાં યોગ્યતા છે, તો મારે મારો સ્વાધ્યાય બાજુમાં
મુકવો જોઈએ, પછી એને સમજણ આપવી જોઈએ,
શાસનને અને અહિંયા સુધી પહોંચાડયો, મારી ફરજ થાય
કે મારા સુધી આવેલું શાસન હું આગળ પણ વધારું.
ગુરુદેવે મારો હાથ પકડયો હતો ને હું વિચારું કે હું આ બધી
પળોજણ લઈને બેસું કે મારે પણ એને ભણાવવાની,
ગણાવવાની, ધ્યાન રાખવાનું, પછી આથી પાછી પાયની
પાછી સિદ્ધિ લાઈને એને ચડાવવાની, અને આ બધુ
મારે કરવાનો જરૂર શું છે કે હું ભલો ને મારુ કામભલું
હું આમ વિચારું, એ મારો ગુનો કહેવાય, આવો વિચાર
મારે ના કરવો જોઈએ, શાસનની રોગમુક્તિ માટે
શાસન જે અહીંયા સુધી આવ્યું તેને આગળ પહોંચાડવા
માટે, એક આત્માના અનુગ્રહ માટે એક આત્માના
કલ્યાણ માટે, મારે એનો હાથ પકડવો જોઈએ અને એ
હિસાબે જો હું એનો હાથ પકડું અને પ્રભુવીર ભગવાનના
શાસન નું તત્ત્વ સમજાવું, હું તમને કહું કદાચ મારી આ
વિચારસરણી થી, મારી આ ભૂમિકા થી કદાચ એનું હિત
ના પણ થાય પણ મારું હિત તો ૧૦૦ ટકા થશે, કદાચ
એ દિક્ષા ના પણ લઈ શકે પણ એને મારા સારા ભાવો
સ્પર્શશે એનાથી એનું કલ્યાણ ૧૦૦ ટકા થશે, કદાચ એ
દિક્ષા લઈ પણ લેશે તો હું એનું સાચું અનુશાસન કરી
શકીશ, એનું હિત કરી શકીશ, એનું ભલું કરી શકીશ,
અને એનું ભલું થવા દ્વારા મારા આત્મા નું પણ ભલું
થઈ શકશે. હું તમને કહું છું કે જો સાધુના જીવનમાં જો
મારા મનમાં ગણિત છે, મારા મગજમાં જો MATHS
TUMOR હોતો, અહીંયાં પણ હું ગમે તેટલુ સારું કરું
તો પણ હું ખોટો છું, અને સંસાર ની અંદર તમે ગમે
તેટલા સારા હો. દિકરાને જમાડાવો, પિવડાવો, સારામાં સારી
સ્કુલ ની અંદર એને ભણાવો, સારામાં સારો એનો
ઉછેર કરો, સારા માં સારા કપડા આપો, તમાર BRAIN

DATE

ની અંદર જે MATHS TUMOR છે તો તમે જોટા છો.
ગણિત કાઢો, વળતર ને ભુલી જાવ, ભવિષ્ય ને ભુલી
જાવ, જેનું ભવિષ્ય તમારા હાથમાં છેજ નહિ,
તમારા હાથમાં વર્તમાન છે. વર્તમાન માં તમે તમારા
દિકરા નું કેટલું હિત કરી શકો છો, વર્તમાન માં તમારા
દિકરા ના સંસ્કારદાતા તરીકે જેનું કેટલું ઘડતર કરી
શકો છો, એનો વિચાર કરો. એ સિવાય ના બધા જ
વિચાર જોટા છે. MATHS TUMOR એટલે મગજ માં
રમતું ગણિત. MATHS TUMOR એટલે મગજ માં ચાલતો
વિચાર, MATHS TUMOR એટલે સ્વજનો સાથે પણ ચતી
રમત. MATHS TUMOR એટલે સગ્ગા દિકરા પણ સાથે
થતો વેપાર. MATHS TUMOR એટલે ઘર ને ઓફિસ
બનાવવાની પદ્ધતિ, MATHS TUMOR એટલે સ્વજનોમા
પણ કારખાના નું મશીન જોવાની દ્રષ્ટિ, MATHS
TUMOR એટલે દીકરા ની અંદર પણ ઘરાક જોવા ની
દ્રષ્ટિ, MATHS TUMOR એટલે મા-બાપ બનીને
મા-બાપ બન્યા પછી પણ મા-બાપ તરીકે મટીને
BUSINESS MAN બનવાની દ્રષ્ટિ. પહેલું TUMOR
MATHS TUMOR બીજું TUMOR SCIENCE TUMOR
દુનિયા મોટા ભાગ ના લોકો ને એક ઘોર અજ્ઞાન સતાવતું
હોય છે કે તેઓ ખુબ જ્ઞાની છે, SCIENCE TUMOR
આપણે બધા વિદ્વાન છોએ સમજેલા છોએ, ભણેલા
છોએ, ગણેલા છોએ, શાણા છોએ, જ્ઞાની છોએ, આવી
માન્યતા મોટા ભાગના જીવો ને સતાવતી હોય છે.
સમજણ ની અસમજ હોવી એ મોટી તકલીફ નથી
પણ આપણી અણસમજ ની સમજણ ના હોવી એ
આપણી મોટી તકલીફ છે. આપણે ને લાગે છે કે આપણે
બહુ સમજેલા છોએ, આપણને ઘણી બધી ખબર છે
અને એ ઘણી બધી ખબર છે એ બીજા ને ખબર પડવી
જોઈએ એવી આપણને ઈચ્છા છે અને એના પ્રયાસમાં

આપણી મોટા ભાગની જિંદગી પુરી થઈ જાય છે. એક ફ્રેન્ડે બહુ મજાની વાત કરી છે, મોટા ભાગના લોકો એમનું જીવન આપ્ત સંબંધીના સંદર્ભમાં જોઈએ ને તો ગમતા એને IGNORE કરવામાં અને અણગમતા એને IMPRESS કરવામાં એમની જિંદગી પુરી થઈ જાય છે. નવી વ્યક્તિ હશે તેના પર સારામાં સારી છાપ કઈ રીતે પડે એના માટે આપણે પ્રયત્નશીલ હોઈએ, ઘરની વ્યક્તિ પર આપણી જે ખરાબ છાપ પડી છે તે કઈ રીતે મટે એ તરફ આપણી કોઈ દ્રષ્ટિ નથી આ બધી SCIENCE TUMOR ની નીપજ હોય છે. જ્ઞાન હોવું સારું છે પણ જ્ઞાન ની ગાંઠ હોવી સારી નથી, આવડત હોવી સારી છે પણ આપણામાં આવડત છે એને સાબિત કરવાની આવડત હોય એ સારું નથી. સારા હોવું સારું છે પણ સારાપણા ની જાહેરાત સારી નથી. આપણામાં બુદ્ધિ હોય ને એ સારું છે પણ બુદ્ધિ નું પ્રદર્શન કરીએ તે સારું નથી. ડિગ્રી અગત્ય છે આપણે એનું ભરણપોષણ કરીએ છીએ, આપણે કહીએ તે સાંભળી લેવાનો છે એનો મતલબ એ નથી કે આપણે આપણા જ્ઞાનનું પ્રદર્શન કર્યા જ કરીએ. છગન એકવાર TRAFFIC POLICE બની ગયો, કોઈ બહેન હતા જે સિગ્નલ તોડી ને બાઈક આગળ લઈ જતા હતા છગને એમને પકડી પાડયા, બહેન શરમાયા, બહેને કહ્યું મને PLEASE જવા દો હું TEACHER છું છગન તાળી પાડીને બોલ્યો કે તો તો બહુ જ સારું આજે મને મારા બધા જ TEACHERS ના ઉપકાર નો બદલો વાળવાનો મોકો મળ્યો છે, TEACHER ને એમકે મારું કાંઈ બહુમાન કરશો છગને કહ્યું એમ કરો SIDE માં આવી જાવ અને સો વાર લખો હવેથી હું સિગ્નલ તોડીશ નહિ. SCIENCE TUMOR - મને બહુ બધી ખબર છે મને બહુ સારું આવડે છે, આપણે આપણા જ્ઞાન નું પ્રદર્શન કરતા રહીએ એ હકીકતમાં છે ને એ વિદ્વત્તા નું પ્રદર્શન નથી હોતું, એ આપણી અપરિપક્વતા નું પ્રદર્શન હોય છે. તમે બહુ ભણેલા છો, ગણેલા છો, અનુભવી છો અને

ઠરેલ છો આ બધુ સાબિત કરવા માટે સૌથી વધારે જરૂર
તમારે ચૂપ રહેવાની હોય છે, અને બોલ બોલ કરોને
તમે આનાથી ઉંધી સાબિતિ આપતા હોછો. એક ચિંતકે
બહુ મઝાની વાત કરી છે કે તમે ચૂપ રહો અને લોકો
સમજુ લેશે કે તમે બહુ જ્ઞાની છો, તમને કશું આવડતું
નહી હોય પણ અમુક જ્ઞાનના LEVEL વગર ચૂપ રહેવું
પણ સહેલું નથી. વક્તા બનવું સહેલું છે શ્રોતા બનવું
અઘરું છે. ક્યારેક છેને સંગોષ્ટિ, હોય, વિદ્વાનો
ની સંગોષ્ટિ. UNIVERSITY માં, કોઈ શોધ સંસ્થાન
માં, વક્તાઓની સંગોષ્ટિ યોજાઈ હોય, ૧૫-૨૦-૨૫
વિદ્વાનો ત્યાં ભેગા થાયને ત્યાં વિદ્વાનો પોતાનું વક્તવ્ય
આપે, બે કલાક- ત્રણ કલાક PROGRAM ચાલે ને દસ
મિનિટ- પંદર મિનિટ જે પોતાને મળી હોય એ મર્યાદામાં
બોલવાનું હોય, આ સંગોષ્ટિ માં બધા વક્તા હોય કોઈ
શ્રોતા ના હોય. એટલે કોઈ બોલતું હોય ત્યારે બધા
પોતાનું પ્રવચન વિચારતા હોય, કોઈ બોલે છે ક્યારે
એનું પુરૂ થાય ને ક્યારે મારો વારો આવે એની રાહ
જોતા હોય. અને પોતાનું બોલવાનું પત્યું ત્યાં મનમાં
એની પાછી REPRINT ચાલતી હોય કે મારું
પ્રવચન કેવું રહ્યું ?, એટલે બધા વક્તા, શ્રોતા કોઈ નહિ.
પહેલું TUMOR MATHS TUMOR, બીજું TUMOR
SCIENCE TUMOR, દિકરાઓને તમારા અનુભવનો
નિચોડ આપો, તમે એને સમજાવો ને ખોટે રસ્તે
જતા હોય તો તમે એને ચોક્કસ મારજો, પણ
તમે વિદ્વાન છો એ સાબિત કરવાની તમારી જે
વૃત્તિ હશે, જો એને સ્પર્શી ગઈ તો તમે એમના
માટે નકામા થઈ જશો, એ સમજુ જશે કે તમારી વૃત્તિ
શું છે ?, તમારા મનમાં શું રમે છે ?, તમારામાં જ્ઞાન
વધારે છે કે જ્ઞાનની ગાંઠ વધારે છે ?, SCIENCE
હોવું એ સારી વસ્તુ છે પણ SCIENCE TUMOR

હોવું એ ખુબતેળ વસ્તુ છે, ખરાબ વસ્તુ છે એનાથી અહિત થશે અને છોકરાઓનું પણ અહિત થશે. NUMBER ONE MATHS TUMOR- મગજ માંથી થી બધા જ ગણિત કાઢો. NUMBER TWO- SCIENCE TUMOR- મનમાં થી બધી જ્ઞાનની ગાંઠો ને કાઢો. NUMBER THREE- HISTORY TUMOR - છગને ચિંટુ ને વાત કહેવાની શરૂ કરી ૧૯૯૫ ની અંદર - ચિંટુ વચ્ચે જ બોલી ઉઠ્યો તમે હોસ્ટેલ માં હતા ત્યાં એક વાંદરો આવ્યો હતો, જે તમારો નાસ્તો ખાઈ ગયો હતો છગને કહ્યું અરે તને કેમ ખબર પડી, ચિંટુ એ કહ્યું પપ્પા તમે આ છઠ્ઠી વાર કહી રહ્યા છો. HISTORY TUMOR- માણસની ઉંમર જેમ જેમ વધે છે ને એમ-એમ એને ભુતકાળ માં વધારે રસ પડતો જાય છે, આ રસ પડે ત્યાં સુધી તો બહુ વાંધો નથી પણ એ પોતાના ભુતકાળ ને બીજા પાસે ઠાલવવામાં બહુ રસદાર થઈ જાય છે એમાં બહુ એને રસ પડે છે, ખાસ કરી ને જુની પેઢી ને આવી બધી બહુ ટેવ હોય છે. અને દિકરાનાં તો પૌત્રા ઝપટ માં આવી જાય છે, પણ ધીમે ધીમે પૌત્રા પણ પછી હોંશિયાર થઈ જાય છે. તમારા અનુભવ નો નિચોડ સંતાનો ને અવશ્ય આપો પણ એ નિચોડ રૂપે જ આપો. તમે તમારા અનુભવનું જેટલું ENLARGE કરીને આપશો ને એમની જિજ્ઞાસાનું એટલું જ વધારે REDUCTION થશે. માણસ જેમ જેમ મોટો થાય છે ઉંમર જેમ-જેમ વધે છે એમ-એમ એની HISTORY વધતી જાય છે, ને એની આજુબાજુ નું વર્તુળ નાનું થતું જાય છે. બીજાના રસને બીજાની જિજ્ઞાસાને બીજાની પરિસ્થિતિ ને સમજ્યા વગર એમને સંભળાવ્યા કરવું એ પણ એક પ્રકારની હિંસા છે. જ્યારે તમને સહન કરવા પડે છે ને, તમારે શું સહન કરવું પડ્યું એની વાત નથી કરતો જ્યારે બીજા એ તમને સહન કરવા પડે છે ત્યારે તમે સુક્ષ્મ સ્તરે તમારી હકાલપટ્ટી કરાવતા હો છો. BRAIN TUMOR થઈ જાય ને તો તમારા જીવનમાંથી તમારી હકાલપટ્ટી થઈ જાય. પણ BRAIN ની અંદર HISTORY TUMOR થઈ

અથ ત્યારે સંતાનોના જીવનમાંથી તમારી હકાલપટ્ટી થતી હોય છે. બહુ સરસ એમની વાત આગમની અંદર કરી દશવૈકાલિક આગમ કહે છે -

मियं अदुट्ठं ।

મિત બોલો, પરિમિત બોલો, LIMITED બોલો, સ્પષ્ટ બોલો, બીજા ને માઠું લાગે એવું ન બોલો,

अणुवीइ भासए ॥

વિચારી ને બોલો. તમે શું બોલી રહ્યા છો એનો વિચાર કરો એની સામી વ્યક્તિ પર શું અસર થશે એનો વિચાર કરો. એને ગમશે કે નહિ ગમે એનો વિચાર કરો, એને HURT તો નહિ થાયને એનો વિચાર કરો, સારા માં સારો વસ્તુ છે ઉપયોગી છે, જરૂરી છે, એને ગમે એવી છે, પણ અત્યારે એ પરિસ્થિતિ છે કે એ મારી વાત સાંભળશે કે નહિ સાંભળે એનો વિચાર કરો, કશો જ વિચાર કરવો નહિ અને બોલે જવું આના જેવી મુર્ખામી બીજી કોઈ જ નથી. ગૌતમકુલક કહે છે -

विक्खित्तचित्ते कहिए विलावो ।

કોઈનું મન વિક્ષિપ્ત છે, અને ત્યારે તમે કાંઈ બોલો તો એનાથી ઝઘડો થવાનો છે એનાથી સંઘર્ષ થવાનો છે. એ વ્યક્તિ ને તમે આવર્જિત નહી કરી શકો, એ વ્યક્તિ ને તમે ગુમાવી દેશો. નીતિશાસ્ત્રો ની અંદર કહ્યું,

मितं च सारं च वचो हि वाग्मिता

તમે પરિમિત બોલો, તમે સારભૂત બોલો, તમે સારું બોલો, તમે CREAM બોલો, આનો મતલબ છે વાગ્મીતા આનો અર્થ છે સાચા વક્તા થવું, આનો અર્થ છે વાચસ્પતિ હોવું, આનો અર્થ છે વચસ્વી હોવું, LIMITED અને CREAM. છગન એક વાર નેતા બની ગયો ક્યાંક એનું ભાષણ હતું. છગને ભાષણ ચલાવ્યું, ચલાવ્યું, ચલાવ્યું એને રોકી શકાય એવો કોઈ પરિસ્થિતિ હતી નહી ને નેતાજી થી બધા ડરે, હજાર માણસ બેઠા હતા ધીમેધીમે

ઓછા થતા ગયા, ઓછા થતા ગયા, ઓછા થતા ગયા, ૯૦૦, ૮૦૦, ૭૦૦, ૬૦૦, ૫૦૦, ૪૦૦, ૩૦૦, ૨૦૦, ૧૦૦, ૫૦, ૪૦, ૩૦, ૨૦, ભગવાનને એવો કોઈ ફરક નથી ભગવાન બોલે જાય છે. ૧૫, ૧૦, ૮, ૫, ૪, ૩. બે જ જણ બચ્યા ને ભગવાન બોલે જ જાય, બોલે જ જાય, ભગવાનને પણ થયું કે મારે પણ ખુલાસો કરવો જ જોઈએ, એવું નથી કે મને ખાક નથી પણ હું બહુ POSITIVE છું, "મને કોઈ જ ગમ નથી કે હજાર માંથી બે થઈ ગયા, બે તો મને સાચા શ્રોતા મળ્યા, મને એનો ગર્વ છે, મને એનો આનંદ છે." બેમાંથી એકે વિરોધ કર્યો કે હું શ્રોતા નથી હું વક્તા છું, તમારા પછી મારે બોલવાનું છે, અને બીજા માણસને થયું મારે પણ ખુલાસો કરી દેવો જોઈએ, એણે કહ્યું કે હું તો TANT વાળો છું. આ બધું પુરું થઈ જાય પછી મારે ખુરશીઓ ને બધું લેવાનું છે, એટલે હું બેઠો છું. દશવૈકાલિક આગમની ટીકાની અંદર હરિભદ્રસુરી મહારાજ કહે છે - મિતની વ્યાખ્યા કરી છે મિત એટલે શું ? અને ટીકાની અંદર હરિભદ્રસુરી મહારાજએ મમ ના શબ્દો મુક્યા છે -

સ્વરત: પ્રમાણતશ્ચ ।

LIMITED બોલવું એટલે બે રીતે LIMITED બોલવું, એક તો તમારો સ્વર VOLUME છે ને એ LIMITED હોવો જોઈએ. તમે બાઈક ઉપર જતા હો એટલે રસ્તા ના ૫૦૦ માણસો ને તમારા શબ્દોની પ્રભાવના, પાછળ કોઈ બેઠું હોય ને એને સંભળાવવા માટે એકદમ FULL FORCE માં બોલવું પડે, એટલે આજુબાજુ ના બધા સાંભળે. તમારા ઘરમાં વાત થાય એટલે સોસાયટી બધી સાંભળે, તમે ફોન પર વાત કરો.

સ્વરત: પ્રમાણતશ્ચ ।

તમે જેને વાત કહી રહ્યા છો એને જેટલું સાંભળાય એટલા જ અવાજે બોલવું જોઈએ, એનાથી મોટો અવાજ કાઢવો એ મુર્ખામી છે. આપણી દલીલ હોય છે તો સાંભળશે નહિ, સમજશે નહિ, સ્વીકારશે નહિ, તમે જેટલું ધીમે બોલશો ને એટલું તમારી વાતનું વજન વધશે. તમે જેટલું ધીમે બોલશો

DATE

એટલી સામે ની વ્યક્તિ શાંતિ થી સાંભળશે. હું ધીમે થી બોલું છું ને એટલે તમે લોકો શાંતિ થી સાંભળો છો. જો હું બુમ-બરાડા પાડું તો તમે લોકો પણ વાતો કરો. જ્યાં LOUD SPEAKER ચાલતા હોય છે ત્યાં આજ પરિસ્થિતિ હોય છે. ઘણી વાર અમે જોઈએ સભા ની અંદર, કોઈ PROGRAM હોય, બોલા બોલે, ઘોંઘાટ ઘોંઘાટ ઘોંઘાટ થતો હોય પછી કહે કે બધા શાંતિ રાખજે, મહારાજ સાહેબ માઈક પર બોલે છે ત્યારે અમે બોલવા જઈએ ને બધાને એકદમ સારૂ લાગે કે, આ કેટલી બધી શાંતિ છે !! તમારા ઘરે જ્યારે ચાર જણ બોલી રહ્યા છે ત્યારે તમારે મૌન રહેવાની જરૂર છે, તમારે પાંચમા વક્તા થવા ભવ એનાથી ઘોંઘાટ જ વધવાનો છે. પહેલા નંબરમાં સ્વર: LIMITED, તમારો અવાજ ધીમો રાખો, બીજા નંબર માં પ્રમાણથી LIMITED તમારા વક્તવ્ય ની SIZE નાની કરો. છગને બહુ લાંબુ LECTURE આપ્યું ને એક સભાની અંદર કહ્યું માફ કરજે મારી પાસે ઘડિયાળ ન હતી. એક જણે ઉભા થઈ ને કહ્યું કે સામે CALENDER તો હતું ને!

मितं च सारं च वचो हि वाग्मिता।

મીઠું બોલો અને CREAM બોલો તો તમારી VALUE વધશે, તમને સાંભળવું લોકો પસંદ કરશે, તમે ઇચ્છો છો કે લોકો મને સમ્માન આપે, મને બહુ સારી રીતે સાંભળે, મારી વાત સ્વીકારે, આના માટે તમે બહુ બોલો એ જરૂરી નથી, મીઠું, જરૂરી, ઉપયોગી, થોડા શબ્દોમાં, ધીમા સ્વરે બોલો. અવસરે બોલો, અને પછી જ્યારે લાગે કે ચૂપ થઈ જવાનું છે ત્યાં ચૂપ થઈ જાવ એટલી જ જરૂર છે. એક લેખકે બહુ મજાની વાત કરી છે કે જ્યારે તમને લોકો ન સાંભળવા ઇચ્છતા હોય ને ત્યારે એમના પર કાબુ મેળવવા કરતા તમારી ભૂલ

ઉપર કાબુ મેળવી લો એ વધારે જરૂરી છે. HISTORY TUMOR તમારા ના અનુભવો એ તમારો દુશ્મની છે, દુશ્મનોને આમ આપણે રસ્તા પર દેખાડતા ફરતા નથી, તિજોરીમાં રાખીએ છીએ. જરૂર પુરતો ઉપયોગ કરીએ છીએ. તમારા અનુભવોને આટલા સસ્તા ના બનાવો, તમારા ભુતકાળ ને ધિક્કારપાત્ર ના બનાવો, તમારો મન ને ઉપેક્ષાપાત્ર ના બનાવો, હું બહું જ વિદ્વાન છું અને તમે ડફોળ છો આવુ સાબિત કરવાનો પ્રયાસ એક ડફોળ જ કરી શકે છે. HISTORY TUMOR ૧૯૭૦ માં શુ થયુ તું ૧૯૭૫ માં શું થયું તું ૧૯૮૦ માં શુંથયું તું ૮૫ માં શું થયું તું એનું કોઈ મહત્વ નથી, એનું એવું કોઈ IMPORTANCE નથી, એની એવી કોઈ જરૂર નથી. તમે ઈચ્છતા હોકે ઘરડે ઘડપણ દિકરાઓ તમારી સાથે રહે, તમે ઈચ્છતા હોકે દિકરા તમને સાચવે તમને પસંદ કરે, તમારી COMPANY રાખે, તમારાથી દુર ના ભાગે, જ્યાં સુધી દિકરાઓ તમને મોઢામાં આંગળીઓ નાખીને બોલવવાનો પ્રયાસ નાકરે ત્યાં સુધી જુવાન દિકરાઓ સામે બોલવાનું ટાળો. બાળપણ માં એનું ઘડતર કરો, જ્યાં સુધી એ તમને સાંભળે છે, તમને વળગે છે તમને ઈચ્છે છે, તમારા માટે સમ્માન છે, ત્યાં સુધી એનું વિધિપુર્વક અનુશાસન કરો, ઘડતર કરો. ~~[illegible]~~ હવે જુવાન થઈ ગયો છે, તમે બોલો છો તમે જોઈ રહ્યા છો એના ચહેરાની રેખાઓ ફરી ગઈ છે, અપ્રીતી દેખાય છે, એને ગમતુ નથી, અને તમે બોલો છો એનો મતલબ એમ નથી કે તમે એને સમજાવી રહ્યા છો કે દિકરા આમ કર આમ કર આવું ના કર, તે ના કર, તમે એને સમજાવી નથી રહ્યા, તમે એને એટલું જ સમજાવી રહ્યા છો કે દિકરા તું મારાથી દુર ભાગ, તું મારાથી બને એટલો દુર રહે, અને તું મને ધિક્કાર. ઘરડે ઘડપણ સંસારની અંદર તમારે શાંતિ થી રહેવું હોય, તો તમે નક્કી કરો બને એટલું મૌન બની શકે તો દિવસમાં બે જ વાક્ય બોલો, અને એમાં દિકરા અને વહુને વખાણો. ન હોય ત્યાંથી એમનો ગુણ

શોધી કાઢો, એમનું કોઈ ખાસ કામ ધાર્મિક, સામાજિક, XYZ શોધી કાઢો એના વખાણ કરો, હૃદય થી અનુમોદના કરો. અને તમારા ધર્મ-ધ્યાનમાં તમે લીન થઈ જાઓ તમારા હાથ-પગ ચાલતા હોય તો તમે એમને કંઈક મદદરૂપ થઈ શકો, તો મદદરૂપ થઈ જાઓ. તમારી ફરિયાદ છે કે એમનું જીવન બગડતું હોય અને કહીએ તો પણ સમજતા નથી. હું તમને કહું છું એ સમય હતો જ્યારે તમે મહેનત કરી તે કરી, હવે એનું જીવન સુધરે એની ચિંતા છોડો દો, તમારું મરણ ના બગડે એની ચિંતા શરૂ કરો. અમે દિકરાઓને સમજાવીએ છીએ કે મા-બાપ ભગવાન છે, આ જે છે એ બધું એમનું જ છે, દિકરાઓને સમજાવીએ છીએ કે તમે એમના સ્વભાવને ADJUST થાવ, જે હવે બદલાઈ શકે તે અઘરી વસ્તુ છે તમે SET થાવ તમે ADJUST થાવ, હું તમને કહું છું, ELDERS અને SENIORS ને કહું છું એકાંગી એક જ પક્ષ જે લોકો ગમે તેટલું કરશે તમારું ઠેકાણું નહિ પડે, તમારે તમારા જેટલા જેટલા અવગુણ છે જેને કારણે તમે ધિક્કાર પાત્ર થાવ છો તે તે અવગુણ ને છોડવા પ્રયાસ કરવો પડશે, વિશેષ કરીને 40-50 AGE થય એટલે માણસ ના મનમાં HISTORY TUMOR આકાર લેતું હોય છે, એનાથી માણસ પોતે દુઃખી થાય છે, બીજાને દુઃખી કરે છે અને બીજા દુઃખી થાય તેના પરિણામે પોતે વધારે દુઃખી થાય છે.
HISTORY TUMOR - એક લેખકે બહુ મજાની વાત કરી છે - મરતા પુરુષ નું છેલ્લું અટકે હૃદય, અને મરતી સ્ત્રી ની છેલ્લી અટકે જીભ. છેક સુધી ચાલે. અમારા અમુક મહાત્માઓ કહેતા હોય છે કે તમારી માટે જ્ઞાન ધ્યાન ની આરાધના જરૂરી છે અગાઉ તમે જ્ઞાનમાં BACKWARD હોઈ તો બહેનો માટે

મૌન અગિયારસ ની આરાધના હોય છે. એમને મૌન અઘરૂ પડે. છતાંની કહ્યું છોકરા ને કે બે કલાક થી કાનમાં કાંઈ સંભળાતું નથી, કાનના ડૉક્ટર ને બતાડવું પડશે, પિંટુ એ કહ્યું ના પપ્પા એવું નથી મમ્મી બહાર ગઈ છે. હકીકત કહું, મૌન ની કોઈ આગ્રહ નથી, આધ્યાત્મિક વ્યક્તિત્વ જેની પાસે હશે, એને મૌન ગમશે, આધ્યાત્મિક વ્યક્તિત્વ જેની પાસે નથી એને બોલ-બોલ કરવું ગમશે. અને તમને આશ્ચર્ય થશે કે અધ્યાત્મ અને બોલવું એ બેનો શું વિરોધ છે ? અધ્યાત્મ અને મૌન નો શું સંબંધ છે ? એક ચિંતકે બહુ મજાની વાત કરી છે કે માણસ પોતાના મનને છુપાડવા માટે બોલ બોલ કરે છે. એક માયા હોય છે, એક રમત હોય છે, અને જેના કારણે માણસ પોતાના કચર ને છુપાડવા માટે બોલ બોલ કરીને પોતાની એક જુદી છાપ ઉભી કરવા માટે પ્રયાસ કરે છે અને એના માટે એ વચનની સહારો લે છે. એક કવિએ બહુ મજાની વાત કરી છે, હાથમાં પત્તા નથી તો શું થયું ? જુગટું મનમાં રમાતું હોય છે. અને અધ્યાત્મની સ્પર્શના થી તત્વ મળી ગયું ને ત્યારે માણસ ને થશે બીજા શું વિચારે ? બીજા મને શું માને એનાથી મને ફરક શું પડે છે ? હું જેવો છું એવું ફળ મને મળશે. આખી દુનિયા મને ગુણવાન સમજતી હશે, અને મારામાં દોષો હશે તો મારા આત્મા નું કલ્યાણ નથી થવાનું. આખી દુનિયા મને પાપી સમજતી હશે, અધમ સમજતી હશે, પણ મારા માં જો ગુણો છે તો મારું કલ્યાણ ૧૦૦ ટકા થવાનું છે, તો પછી લોકોની સામે જોઈને ફાયદો શું છે ? લોકો ને વાત કરવી, હસાવવું, શું કરવું છે આ બધું. આપણે આત્મનિરિક્ષણ થી આપણી મનને પુછીએ કે આપણે શું કરી રહ્યા છીએ ? જ્યાં સુધી જીવનમાં અધ્યાત્મ આવ્યું નથી, બહુ પ્રેમથી તમને કહું મારે સાચા મા-બાપ બનવું હોય, સાચા મિત્ર બનવું હોય, સાચા માણસ બનવું હોય તો તમારે જીવનમાં MINIMUM બે કલાક નું આધ્યાત્મિક RECHARGE લેવું જોઈએ.

ફોન ના RECHARGE માટે તમે આટલા બધા સભાન છો, એમાં કાળજીશીલ છો, તમારા પોતાના આત્માના RECHARGE માટે તમારો પ્રયાસ શું છે (?), એવું RECHARGE તમને મળે નહિ, T.V આવે, છાપા આવે, બજાર આવે, જે તે વાતો આવે, જે તે ફોન પર તમારા વિનિમયો આવે, જે તે ફોન પર તમારું બધુ ચાલતું હોય, અને ઉંધુ RECHARGE તમને મળતું જાય, અને પરિણામે તમે જેવા છો, એવા કેમ બન્યા છો એ સવાલ પુછવાની જરૂર જ નથી, જ્યાં આવુ બધુ હોય ત્યાં આવુ જ થાય. જેવું RECHARGE છે તેવું તમારું OUTPUT થશે, RECHARGE આધ્યાત્મિક છે તો આધ્યાત્મિક OUTPUT થશે, RECHARGE ભૌતિક હશે તો ભૌતિક OUTPUT થશે. જેવું તમારું ભુવન છે, જેવા તમારા ૨૪ કલાક છે, જેવી તમારી પ્રવૃત્તિ છે એવા તમારા વિચારો ચાલશે એવી તમારી વાણી આવશે, એવું તમારું વર્તન બનશે અને તમારે તમારું કેવું ઘડતર કરવું એ તમારે નક્કી કરવાનું છે. પહેલું TUMOR MATHS TUMOR બીજું TUMOR SCIENCE TUMOR ત્રીજું TUMOR HISTORY TUMOR અને ચોથું TUMOR GEOGRAPHY TUMOR - ભારતનો નકશો ગયા વર્ષે જે હતો, આ વરસે પણ એ જ રહેશે, પણ મગજ નો નકશો કલાકે બીજા દિવસે પણ બદલવો પડે, બીજા કલાકે પણ બદલવો પડે, બીજી મિનિટે પણ બદલવો પડે, પણ એ બદલી ના શકીએ તો ત્યારે TUMOR બની જાય છે. દેશના નકશા ભુંસાઈ નથી શકતા, એટલે સરહદોના પ્રશ્ને યુદ્ધ થતા હોય છે. મગજના નકશા જ્યારે ભુંસાઈ નથી શકતા ત્યારે ઘરની અંદર, સમાજ ની અંદર, સગાવહાલા ની અંદર, બજારની અંદર, યુદ્ધો થતા હોય છે.

DATE

આપણે એક STATEMENT આપી દીધું, આપણે કાંઈ નક્કી
કરી દીધું, એનો આગ્રહ રાખ્યો, એના મુદ્દે આપણે જકાર
વાળી બેઠા, આમ જ થશે, આ એક પ્રકાર ની જડતા જ હોય
છે. અને જ્યાં જડતા છે ને સુખ, શાંતિ, સમાધિ શક્ય જ નથી.
છગન કુતરો લઈ આવ્યો, કુતરાને પાળ્યો થોડા દિવસ થયા ત્યાં
કુતરો માંદો પડયો, છગન દવા લઈ આવ્યો. કુતરાને દવા
પિવડાવવાની છે અને છગને વિચાર્યું કે કુતરો દવા કઈ રીતે
પીશે. છગને વિચાર કર્યો કુતરાને પકડયો, પોતાના બે પગ
હતા તે કુતરાના પગ પર મુકી દીધા, પોતાનો એક હાથ હતો
તેનાથી કુતરા ના આગલા બે પગ પકડી લીધા. બીજા
હાથે દવાનો વાટકો હતો એના મોઢા પાસે લઈ ગયા પણ
કુતરો મોઢું ખોલે નહિ તો, છગન વિચારે આ બે હાથ
ENGAGE થઈ ગયા ને બે પગ ENGAGE થઈ ગયા
એનું મોઢું ખોલવું કઈ રીતે તો છગને ઘણાબધા હવાતિયા
માર્યા, કુતરો સમજે જ નહિ, છગન ઘણું ભસ્યો પણ કુતરો
સમજે જ નહિ. છગને વિચાર્યું કરવું શું ? તો પાછી આમ
સુજ પડે નહિ તો છગને છે ને એક હાથથી એના આગલા બે
પકડયા હતા તે એ છોડી ને એનું મોઢું ખોલવાનો પ્રયાસ
કર્યો, કુતરા એ આગલા બે પગથી દવાનો જે છે એ વાટકો હતો
એને એવી બરાબર ની ઠોકર મારી ને વાટકો ઢોળાઈ ગયો ને
છગન બેમણે હાથ દઈ ને બેઠો, એક દોઢ મિનિટ ગઈ ને
છગનને ચપચપ અવાજ સંભળાયો, છગને જોયું તો તો કુતરો
નીચે પડેલી દવા ને ચાટી રહ્યો હતો. કુતરાને દવા સાથે
વાંધો ન હતો, કુતરાને છગન સાથે વાંધો ન હતો, કુતરાને
છગન પદ્ધતિ સાથે વાંધો હતો. છગનને અંદર એક
GEOGRAPHY TUMOR આવી ગયું કે, કુતરો તો દવા પીશે જ
નહિ અને કુતરાને દવા પિવડાવવી હોય તો એને THIRD
DEGREE જ અપનાવવી પડશે, અને THIRD DEGREE
અજમાવવા ગયો એટલે કુતરો પણ સીધો વિરોધ પક્ષમાં
બેસી ગયો, આમ તો આપણને પાલવે એવું છે. કુતરાનો

DATE

પણ દિલ હોય. તમારી દિકરી તમારી વાત ના માને
એ માનતી જ નથી, એ જડ છે, સમજતી જ નથી,
સાંભળતી જ નથી, એ આવી થઈ ગયી છે તેવી
થઈ ગયી છે, હું કહું છું તમારી બધી જ વાત મુકી
દો, તમારી દિકરી તમારી વાત ના સમજે ત્યારે તમે
સમજુ લો તમે એની ભાષામાં વાત નથી કરતા.
આપણી પાસે સમજાવવા ની કળા હોવી જોઈએ.
ઘણી વાર આપણી પાસે ન સમજાવવાની કળા હોય
છે. આપણા નકશા આપણે એવા દોરી દીધા ને મણી
શીલાલેખ થઈ ગયા, આપણે મણે ભગવાન છીએ,
આમ જ થશે, આમ જ છે આને જડતા કહેવાય.
ભલે એને FLEXIBILITY કહેવાય, જડતા થી
ભલે સુધી ની યાત્રા એ જડતા થી સમજદારી સુધી
ની યાત્રા છે.

પણ છોડી દેવો

સભા નો પ્રશ્ન :- જે આપણો MAP સાચો હોય તો ?
પુજ્ય શ્રી નો ઉત્તર :- એટલે તમે કહો છો કે તમારો
નકશો સાચો છે, બરાબર છે, એને તો પણ છોડી દેવો,
હું એમ કહું છું કે જો તમારો નકશો સાચો હોય તો
તેને બિલકુલ નહી છોડતા, પણ સાચાનો અર્થ શું ?
તમારી દિકરી તમને ધિક્કારતી થઈ જાય એવું થાય તે
નકશો સાચો કે તમારી દિકરી એ તમારી ભક્ત થઈ
જાય એ તમારો નકશો સાચો ?

ખુબ સરસ પ્રશ્ન :- કે ધર્મના મુદ્દે ઝઘડાઓ થાય છે
ધર્મ ના મુદ્દે અમે ઉદારીકરણ કરી દઈએ છીએ
જેમ કરવું હોય એમ કરો તો શાંતિ થઈ જાય. જેને
ધર્મ સાથે કોઈ જ લેવા દેવા નથી, જે ઘરના બધા
પુરેપુરા પાપી છે એ ઘર, માં પણ ઝઘડા નો પાર નથી.
જે આખું ઘર ધાર્મિક છે એ ઘરમાં શાંતિ જ હોય

એવું જરૂરી નથી. વાત સાચી છે ?, સવાલ ધર્મ નો નથી પણ આપણે ધર્મ ની હજુ બરાબર સમજ્યા નથી એનો છે. તમારી પાસે હું પુછું કંદમુળ કેમ ના ખવાય, હોટલમાં કેમ ના જવાય ?, એના ANSWERS છે તમારી પાસે ?, આ સભા ની અંદર એક શ્રાવક બેઠા છે અને વાત કરી કે મારી દિકરી ક્યાંક ગયી હતી, કોઈ પ્રસંગ હતો. ICE-CREME બધાં ખાતા હતા, દિકરી નોતી ખાતી. બધા એ એને કહ્યું કે તું આ આઈસ્ક્રીમ ખા ને કેમ નથી ખાતી ?, મારા દિકરા એ બધા ને એક જ વાક્ય કહ્યું કે તમે મને એના ફાયદા સમજાવી દો તો હું ખાવાનું ચાલુ કરી દઈશ. અને બધા ચુપ થઈ ગયા. તમારા દિકરા ને ધર્મ ગમતો નથી એવું નથી એને રેહિ સાથે ALLERGY છે એવું નથી, એ આચાર, અભક્ષ્ય નો ત્યાગ એ ગમતું નથી એવું નથી, પણ હજુ ખરો સવાલ એ છે કે તમને એને બરોબર સમજવતા આવડતું જ નથી. તમે એને પુજા કરવાનું કહો છો, પુજા કરવાના સાચા REASONS તમને ખબર છે ?, તમે એને કંદમુળ છોડવા નું કહો છો ?, હોટલ છોડવા નું કહો છો, ક્યાં ત્યાં ફરવાનું એ છોડવાનું કહો છો, તમે એને બેજ વસ્તુ કહો છો, જેટા હું કહું છું ને એટલે કરવાનું છે આ તમારી પદ્ધતિ હોય છે, SYSTEM હોય છે, અને આ SYSTEM થી દિકરો ધર્મ થી વધારે ને વધારે દૂર થતો જય છે, ધર્મી આત્મા એને કહેવાય કે જે એકપણ શબ્દ ના બોલે ને જીવ ને ધર્મની પ્રેરણા મળે. ધર્મી આત્મા એને કહેવાય કે એ જ્યાં જય ત્યાં આજુબાજુ ના લોકો ને એના પ્રત્યે RESPECT થાય. ધર્મી આત્મા એને કહેવાય જેનાથી જીવ ની ધર્મ શ્રદ્ધા ભાંગે નહિ. ધર્મી આત્મા એને કહેવાય કે જેની હાજરી આજુબાજુ ના લોકો ને પ્રસન્ન કરે, તમે વરસીતપ કરી લો છો, આયંબિલની ઓળી કરી લો છો, દેરાસર કદાચ નિર્માણ કરી દો છો, કદાચ એ ભગવાન ભરાવી દો છો, કદાચ રોજની એ

DATE

આઠ પ્રકારી પુજા તમે કરી લો છો, પણ ખરા અર્થમાં ધર્મી તમે કેમ નથી બની શકતા, આખી જિંદગી તમને આ સવાલ નો જવાબ મળતો નથી. ધર્મ આવી જાય છે ને ગુણો નથી આવી રહ્યા ત્યારે ધર્મ વધારે વગોવાય છે, ધર્મ જેમ જેમ આપણા જીવનમાં વધતો જાય એમ એમ ગુણો જો ના વધે તો આપણે આત્મ નિરીક્ષણ કરવાની જરૂર છે કે આપણને ખરા અર્થ માં હજુ સુધી ધર્મ મળ્યો કેમ નથી ? ખરા અર્થ માં ધર્મી આત્મા હોય ને વૈદિક પરંપરા ની અંદર એક ગુજરાતી દુહો ને એમના ધર્મની અંદર ધર્મ ના સંદર્ભ માં બહુ સરસ મજાની વાત કરી છે.

તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે તો તું વૈષ્ણવ સાચો
તારા સંગ નો રંગ ન લાગે ત્યાં સુધી તું કાચો.

તારા સંગે કોઈ વૈષ્ણવ થઈ જાય ને, તારે સમજાવવું પડે, કહેવું પડે, વઢવું પડે, આગ્રહ કરવો પડે, માત્ર તારો સંગ થાય અને એ વૈષ્ણવ થઈ જાય તો તું સાચો વૈષ્ણવ અને જો આવું નથી થતું, એ જો વૈષ્ણવ નથી થતો તું એ ખરા અર્થમાં વૈષ્ણવ નથી. સાહેબ ચોવિહાર તો કરે છે પણ ગુસ્સો બહુ કરે છે સાહેબ વરસીતપ કરે છે આમ ઉપવાસ પણ કરે છે પણ સાહેબ પારણામાં અપેક્ષા એટલી હોય, સાહેબ આટલું બધું અમે બનાવીએ ને કંઈક ભુલ થાય, અને એમનું BOILER ફાટ્યા વગર રહે નહિ, હું તમને પુછું આને વરસીતપ કહેવાય ખરો ? આને શું કહેવાય ? આને શું કહેવાય ? પાવાપુરી ની અંદર અમારે ચોમાસું હતું, રાજસ્થાનમાં, એક પરિવાર દ્વારા નિર્મિત આખું પરિસર, એ પરિસર ની અંદર ચોમાસું અમારે, એ પરિવાર ગુરુદેવ પાસે એ પરિવાર ની નિકટ ની વ્યક્તિ આવી એ સમયે પરિવારના શ્રાવિકાને સળંગ ૧૪ મો વરસીતપ ચાલતો

હતી, ૨૦ વરસ પહેલાની વાત, અને જે ભાઈ એ વાત કરી કે સાહેબ ઘણી વાર અમારે સાથે પ્રવાસ કરવાનો થાય, તીર્થ યાત્રા કરીએ, ક્યાંક સમારંભમાં જવાનું હોય, વર્ષીતપ એમનો ચાલુ છે, સામે નું તીર્થ જે છે એ દૂર છે, સુર્યાસ્ત નજીક માં છે કળશો સાથે લીધો છે, પૈસા અને કુંડી એ ગાડ નીચે વાપરી ને એ અજમેરાત ઘરના શ્રાવિકા બેસણું કરી લે, બીજા દિવસે ઉપવાસ હોય અને સાહેબ આ પ્રવાસ પુરતું નહિ ઘરે પણ એમની એ ટેક કે મારા માટે ઘરમાં કોઈ પણ વધારે વસ્તુ બનાવવાની નહિ, હું વર્ષીતપ કરું છું તો વહુઓ ઉપર ઉપકાર થોડી કરું છું. ધર્મને સમજવાનો પ્રયાસ કરો, તમે આયંબિલ ની ઓળી કરો અને વરસે મહિનો-દોઢ મહિનો તમારે ઘરે વાપરવાનું છે, મહિનો દોઢ મહિનો એ રસોઈ કરનારા સભ્યો ની વાટ લાગી જાય છે, તો આયંબિલ ની ઓળી સાચી નથી. તમે એકાંતરા ઉપવાસ કરો, છઠ્ઠ ને પારણે છઠ્ઠ કરો, વીસસ્થાનક ની આરાધના કરો, વર્ષીતપ ની આરાધના કરો, તમને જો અપેક્ષા જાગે છે કે અમને આ વસ્તુ જોઈએ, તો એ વર્ષીતપ, વીસસ્થાનક, છઠ્ઠ, એ ઉપવાસ તમારા અધુરા છે, એ ઉપવાસ થી જે તમારા આત્માને ખરો લાભ થવો જોઈએ એ નહિ થાય. મરણવિભક્તિ આગમ કહે છે - कक्के कक्के वि वरो आहारो परिमिओ य पंतो य।
ण य खमओ पारणए बहु बहुतरो बहुविहो य ॥

તમે રોજ આહાર કરો વાંધો નથી, એકાંતર ઉપવાસ, છઠ ને પારણે છઠ, અઠ્ઠમ ને પારણે અઠ્ઠમ, નહિ કરી શકો તો ચાલશે.

પણ તમે ઉપવાસો કર્યા, અને પારણા ની ખબર તમને ઘણો આહાર જોઈએ, ઘણા પ્રકારનો આહાર જોઈએ, દ્રવ્યો ઘણા જોઈએ અને ઘણીવાર આહાર જોઈએ તો આ સારું નથી. સાદો આહાર, ઓછો આહાર,

ઓછી વાર આહાર, એ ઉગ્ર તપ કરતા પણ વધુ
ઉગ્ર તપ છે. ઉગ્રતપ તમે કરો પણ અપેક્ષાઓ
તમારી કુદકા મારતી હોય, મગજ તમારું વારંવાર
જતું હોય, ઘરની અંદર કંઈક્યુ લાગી જતી હોય,
તમારું બધું જ નાનું નાનું ધ્યાન રાખવું પડતું હોય
હકીકત માં એ ઉગ્ર તપ નથી, હકિકત માં એ
તપ પણ નથી, શાસ્ત્રકાર ભગવંતો એને તપની
અંદર ગણતા જ નથી.

પ્રશ્ન :- વિધિ માં આટલી બધી વસ્તુઓ હોય છે,
એ ન હોય તો આરાધકોને તકલીફ ના પડે (?)
પુજ્ય શ્રી નો ઉત્તર :- બહુ સરસ મજાની વાત
આ પ્રશ્નના સંદર્ભ ની અંદર જ્ઞાનસાર માં
મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ એ વાત કરી -

यत्र ब्रह्म जिनार्चा च कषायाणां तथा हतिः ।

જ્યાં બ્રહ્મચર્ય નું પાલન છે, જિનાજ્ઞા નું પાલન છે,
કષાયો નો પ્રતિઘાત છે,

सानुबन्धा जिनाज्ञा च तत्तपः शुद्धमिष्यते ॥

જ્યાં જિનાજ્ઞા નું સાનુબંધ પાલન છે, એ શુધ્ધ તપ
છે. આપણા વડિલોની પરંપરા છે, ગુરુદેવો ની આ
પરંપરા છે, ઉપધાન ના લાભાર્થીઓ ને કહે તમે
જેટલી ભક્તિ કરો આવી સાધના કરનારાઓની
એટલી ભક્તિ ઓછી છે, અને આરાધકોને કહે
એ લોકો તો ભક્તિ કરશે પણ તમારી
લાગણી જો ચસકી ગઈ, તમને જો મનની અંદર
આશંસા જાગી, અપેક્ષા જાગી, રાગ પોષ્યા, આ
ચુમડી ને જો તમે છુટ્ટો દોર આપી દીધો તો
તમારા એ ઉપવાસ ની સ્થિતિ જે બિલાડી વાસે
ઉંદર જેવી થશે. પાલીતાણા માં ઉપધાન તપ
ગુરુદેવ ની નિશ્રામાં ચાલુ હતા. ગુરુદેવે મને

DATE

એક કામ સોંપ્યું, અમેરિકા થી માઇકલ નામના એક પત્રકાર ત્યાં આવ્યા હતા, અને ત્રણ દિવસ રહેવાના હતા, ત્રણ દિવસ મારી પાસે માર્ગદર્શન એ લે, આવો ગુરૂદેવે મને આદેશ કર્યો. ત્રણ દિવસ અમે ૨-૩ ૨-૩ કલાક બેસતા, બધી સમજણ મારી પાસે થી લઈ રહ્યા હતા. બધુ PRACTICAL પણ જોવું હતું આયંબિલ ભવન માં લઈ આવ્યા, ઉપર લઈ આવ્યા, ત્યાં ઉપધાન ચાલતા હતા, ઉપધાન શું છે ? નિવિ શું છે ? અમેરિકા માં એક JOURNAL ચાલે છે અને એ JOURNAL નો વિષય છે "ભોજન". ભોજન ના વિષય પર જ JOURNAL ચાલે ને એમાં એમણે એક લેખ લખવાનો હતો, તપસ્યા ની અંદર કયું ભોજન હોય, પ્રાયશ્ચિત ની અંદર કયું ભોજન હોય, અને જૈન ધર્મ મા આહાર સંહિતા શું છે, આયંબિલ શું છે, નિવિ શું છે આ બધુ એમણે સમજવાનું હતું, અમારા મુમુક્ષુ કોઈ હતા એમને લઈ ગયા રસોડે અને બધુ જોયું એમણે, એમને રસોડા માં લઈ ગયા બધા વાસણો હતા, બધી આઈટમો હતી, ઉપધાન એની પાછી નિવિ અને એની બધી ITEMS, એમણે જોયું ને મુમુક્ષુ ને કહ્યું આ બહુ બધી ITEM છે, એટલે મુમુક્ષુ એ કહ્યું આ લોકોએ સો ખમાસમણા આપવાના, સો લોગસ્સ નો કાઉસગ્ગ કરવાનો, આગલા પાછલા દિવસે ઉપવાસ કરવાનો આટલી સાધના કરીએ એટલે શરીર ને પોષણ જોઈએ પેલા એ કહ્યું તો એ બહુ ITEM છે, આ બધા SHARP હોય છે. મુમુક્ષુ એ કહ્યું બધા બધી ITEM નહિ લે, જેને જે અનુકુળ હશે એ લેશે, જરૂરી નથી કે દરેકે દરેક વ્યક્તિ આ પચાસે પચાસ ITEM લેશે, પેલા એ કહ્યું તો પણ આ બહુ ITEM છે. મુળ વિધિથી પણ ઉપધાન કરનારા છે, છ વિગઈ ના ત્યાગપુર્વક ઉપધાન કરનારા છે, અને ભલે નિવિ થી પરંતુ મિઠાઈ ના ત્યાગપુર્વક પણ ઉપધાન કરનારા છે. સંઘ

DATE

મહાન છે, સંઘ રત્નોની ખાણ છે, બધું એવું જ
એવી વાત નથી, ઘણું બધું સારું છે. આંખમાં
હરખ ના અને અનુમોદના ના આંસુ આવી જાય
એવો પણ આપણો સંઘ છે. પણ આ બધાની
સાથે સાથે માત્ર તમારી પીઠ થાબડુ તો તમે
જ્યાં છો ત્યાં રહો, ત્યાંથી પણ નીચે ઉતરો.
અને એના માટે અમારે કહેવું પડે આવો તમારો
તપ ? જ્યાં ખપૈઆઓ છે જ્યાં ઉધાયી છે,
તમારા મગજ ના નકશા, તમારા GEOGRAPHY
TUMORS આમ એટલે આમ જ. મુળ વાત પર હું
આવું જે પ્રશ્ન ચાલતો હતો, ધર્મની બાબતમાં
GEOGRAPHY TUMORS સારા કે નહિ ?
ધર્મની બાબતમાં નકશા રાખવા સારા કે નહિ ?
અને નહિ જ ભુંસાય આવું રાખવું સારું કે નહિ ?
એનો જવાબ આપું પહેલા POINT OF VIEW થી
તમારી બાબત માં ધર્મના નકશા AS IT IS
રહે એવો તમારો આગ્રહ હોવો જોઈએ, જ્યારે
તમારા થી કોઈને અપ્રીતિ ના થાય ત્યારે તમારો
ધર્મ સચવાય છે. જીભ ઉપર ગુસ્સો કરીને, જીભ
ઉપર ચૂરી પડીને, જીભ ને તોડી પાડીને, જીભને
રડાવીને, તમે કંદમૂળ ત્યાગ કરાવી દીધું ત્યારે
પહેલા તો કંદમૂળ ત્યાગ થાય છે કે નથી થતું,
પણ તમારો ધર્મત્યાગ થઈ જાય છે. નાનો છોકરો
છે બાટા ખાવાની એની ઉંમર છે ત્યારે બાફરો
મારીને પણ છોડાવો ત્યાં સુધી વાંધો નથી.
એની ઉંમર જ્યાં LOGIC ની આવી ત્યાં
તમારી પાસે LOGIC હોવું જોઈએ. જેટલા જેટલા
જિનશાસન ના સિદ્ધાંત છે, મને અમેરીકા,
કેનેડા થી એવા એવા YOUNGSTERS મળી
ગયા છે કે જ્યાં NON VEG પિરસાય છે,

કોઈ જ LIMIT નથી, ત્યાં કંદમૂળ ત્યાગ ને ભોગશુધ્ધ
રીતે પાળે છે કારણકે એમના મગજ માં બેસી ગયું છે કે
કંદમૂળ ના ખવાય. SOUTH ની અંદર એક બહેન અને એ
બહેન બધી જ રીતે પૂરા હતા, બાઈક ચલાવે, કાર ચલાવે,
LONG DRIVE પર જાય, ધર્મ બિલકુલ ગમે નહિ, મમ્મી પૂજા
કરવાનું કહે તો પૂજા ના કરે, ઘરમાં કંદમૂળ ના આવે, પડોશીના
ઘરે જઈ ને કંદમૂળ ખાય. ધર્મની અંદર ZERO એવા એ
બહેન, ~~[illegible]~~ મહિના માં એ બહેનની દિક્ષા થઈ, અને
દિક્ષાનું એ જ કારણ, હિંસા નું મૂળ શું ? એમણે
SCIENCE લાઈન લીધી, SCIENCE લાઈનની અંદર
એમણે કાંદા, બટેટા ને સુક્ષ્મદર્શક યંત્રની અંદર જોયા
અને હજારો કીડાઓ એમને એની અંદર ખદબદતા
દેખાયા, ભગવાને કહ્યું નિગોદના અનંતા જીવો એ તો
જુદા, આ બીજા ત્રસ જીવો અંદર છે, ત્રસ જીવોની વાત છે.
હાલતા- ચાલતા જીવો જોયા ને એનાથી એમના જીવનનું
પરિવર્તન થઈ ગયું, અને એમાંથી જે છે એમણે લગ્નની
ઘણી બધી ના પાડી અને ના પાડવા છતા એને એક
એવો યુવાન મળ્યો એને કહી દીધું મેં આજીવન
બ્રહ્મચર્ય લઈ લીધું છે, મમ્મી- પપ્પા મીટીંગ કરાવે.
એક છોકરાને કોઈને એ રીતે સમજાવી દીધો મારે બીજે
LOVE છે આ રીતે પોતે જ છોકરા ના મોઢે ના પડાવી
દે, કોઈને કહે મારે દીક્ષા ની ભાવના છે તમે મારી
સાથે દુઃખી થશો, એમ કરીને એના મોઢે ના પડાવી દે.
આજીવન બ્રહ્મચર્ય લીધું એક યુવાનને કહી પણ દીધું,
યુવાને વિચાર્યું આ દિકરી બહુ સારી કહેવાય, આ કન્યા
બહુ સારી કહેવાય, આની સાથે જ કરવું, એને એમકે
બાધા છોડાવી દેશે પણ લગ્ન પછી પણ અખંડ
બ્રહ્મચર્ય પોતે પાળ્યું છે, એ જે શ્રાવક છે એને
પણ સુધાર્યા છે અને આગળ વધીને દિક્ષા પણ લીધી
છે. કારણકે એમના મગજ માં વાત બેસી ગઈ.

DATE

ધર્મ માટે પણ ઝઘડા ના કરો, ધર્મ માટે પણ તમારો ખોપ્રામાં ઘાત ના કરો, સંતાનો ની ખોપ્રા માં ઘાત કરો. MATHS TUMOR ને REMOVE કરો SCIENCE, HISTORY, GEOGRAPHY TUMOR ને REMOVE કરો અને સાચા મા-બાપ બનો એવી ખુબ ખુબ શુભેચ્છાઓ.

# THE SURGERY OF PARENTING

## HEART OPERATION

परम पूज्य मुनिराज श्री जिनप्रेम विजयजी महाराज साहेब

THE SURGERY OF PARENTING, આજે 5th અને LAST SESSION, હૃદય ના OPERATION ની વાત કરવી છે. એક વાલી તરીકે, PARENT તરીકે, એક સાચા મા-બાપ તરીકે તમારું હૃદય કેવું હોવું જોઈએ ?, એ હૃદય ની ખામી ઓ કઈ હોઈ શકે ?, અને એ ખામીઓ નો ઉકેલ કયો હોઈ શકે, એની વાત આજે કરવી છે. જે હૃદય થી મા-બાપ છે એ સાચા મા-બાપ છે. જે હૃદય થી મા-બાપ નથી એ સાચા મા-બાપ નથી. એક કવિ એ બહુ મજાની વાત કરી છે "મતલબ વિનાની લાગણી પણ નથી મળતી અહિં, દિલના પણ માનવી ના કંઈ નો દિમાગ છે." હૃદય ની અંદર મગજ આવી જાય ને એ માનવતા ની જઘન્ય દશા હોય છે, આપણા માં પણ જો આ જઘન્ય દશા આવી જાય તો આપણા જેવા દયા પાત્ર દુઃખી બીજા કોઈ જ નથી. છગન અને મગન EUROPE માં ફરવા ગયા ને સ્પેન માં ગયા છે, જુદા જુદા જોવા લાયક સ્થળો જોય ને ગાઈડે કહ્યું કે અહિંનું કબરસ્તાન બહુ જ વખણાય, છગન મગન એક બીજા ની સામે જુએ છે વિચારે છે, કબરસ્તાન પણ જવું નાખ્યું. છગને કહ્યું કે હવે અહિંયા સુધી આવી ગયા છીએ જઈ આવીએ. જોતા જાતા રહ્યા હતા ત્યાં એક સ્ત્રી બેઠી હતી પંખો નાખી રહી હતી, ને છગન ને મગન ફાટી આંખે જોયા કરે ને વિચારે આપણે ત્યાં સતી-સાવિત્રી ની વાતો છે, મહાસતી ઓની વાત છે, પણ આવી સતી તો ~~[illegible]~~ ભારત માં એ નથી. બંને એ કબર ની નજીક આવે છે, એ સ્ત્રી બેઠી છે, કબર ઉપર પંખો નાખી રહી છે છગન અને મગન હાથ જોડે છે અને કહે છે તમારા સતીત્વ ને અમે વંદન કરીએ છીએ, પહેલી સ્ત્રીએ

DATE

જરા નારાજ થઈને કહ્યું. SHUT UP. છગન ને મગન
કંઈ સમજ્યા નહિ, ને કહ્યું તમારું પતિવ્રતાપણું
પતિ પ્રત્યે નો તમારો પ્રેમ, એ પતિ પ્રત્યેનું
તમારું સમર્પણ, તમારી પતિસેવા એની અમે
અનુમોદના કરીએ છીએ. એ સ્ત્રીએ કહ્યું તમને
કંઈ ખબર જ નથી. છગને કહ્યું તો ખબર હોય તો
કહો અમે તો આવું કંઈ અમારા INDIA માં
જોયું નથી. એટલે પેલી સ્ત્રીએ કહ્યું કે, મેં
HUSBAND ને વચન આપ્યું હતું કે, એની
કબર સુકાશે નહિ ત્યાં સુધી SECOND MARRIAGE
નહીં કરું એટલે કબર જલદી સુકાય ને એટલે
પંખો નાખું છું.

મતલબ વિનાની લાગણી પણ મળતી નથી અહિં,
દિલના પણ માનવી ના તો દિમાગ હોય છે.
HEART OPERATION - હૃદયમાં આડખીલીઓ
હોય છે, હૃદય માં COMPLICATIONS હોય છે,
એમાં BLOCKAGE હોય છે, હૃદયની ઘણી બધી
જાતની બિમારીઓ હોય છે, વાલ્વની બિમારી હોય
છે, દરવાજાની બિમારી હોય છે (VALVE) હૃદય
કમજોર હોય, એની પણ બિમારી હોય છે. હૃદયની
દિવાલો જાડી હોય એની પણ બિમારી હોય છે.
હૃદય પહોળું થતુ જાય, એ પ્રમાણે ની બિમારી હોય છે,
હૃદય ને સમજવાનો આજે પ્રયાસ કરવો છે.
છગન CLICNIC પર ગયો ડૉક્ટરે કહ્યું સુઈ જાવ
છગન ત્યાં સુઈ ગયો. ડૉક્ટરે સ્ટેથોસ્કોપ મુક્યું
છાતી ઉપર કંઈક વિચાર કરીને ડૉક્ટરે કહ્યું કે
તમારું હૃદય ચાલતુ નથી, તમે મરી ચૂક્યા છો.
છગન જરા ઉછળી પડ્યો ને કીધું પણ, ડૉક્ટરે

DATE

કહ્યું પણ બણ કાંઈ નહિ, કોઈ દલીલ કરવાની નહિ. બધાને
જોયું કે ડોક્ટર, સ્ટેથોસ્કોપ કાનમાં ભેરાવવાનું ભૂલી ગયા
હતા. ઈશારો કરવા ગયો પણ પણ ડોક્ટરે કહ્યું કે ચૂપ
રહેવાનું, કશી દલીલ નહિ કરવાની અમે અટલું ભણ્યા છીએ
એ બધું ખોટું છે (.) હૃદય ચાલતું હોય ને ત્યાં સુધી
માણસ જીવતો હોય છે, હૃદય બંધ પડી જાય એ માણસ
નું મૃત્યુ છે. હૃદય ચાલે એ તમારું જીવન, હૃદય અટકે
એ તમારું મૃત્યુ. બુદ્ધિ અટકે એ તમારું જીવન,
બુદ્ધિ ચાલુ થાય એ તમારું મોત. હું કહું છું દુકાનની
અંદર, ધંધા ની અંદર, ફેક્ટરી-ઑફિસ ની અંદર,
કદાચ સમાજના વ્યવહારો ની અંદર, અડોશ-પડોશ ની
અંદર, તમે કદાચ કંઈક રચના રચો, કોઈ માયા-પ્રપંચ કરો,
તમારા મગજ નો ઉપયોગ કરો, બુદ્ધિ નો ઉપયોગ કરો,
DRAMA (નાટક) કરો, કંઈક ખેલ ખેલો, એ કદાચ
સમજી શકાય એવી વાત. ઘરના સભ્યો, પોતાનો
દિકરો, પોતાની દિકરી એના પ્રત્યે પણ જો બુદ્ધિ આવી
ગઈ, ત્યાં પણ જો સ્વાર્થ આવી ગયો, ત્યાંપણ કાંઈક
તમને એવું લાગે કે આ કામ લાગશે, આનું આ થશે,
આનું તે થશે, આ આસરે જશે આ સાથે રહેશે.
આજે હૃદય ની વાત કરવી છે, હૃદય ના OPERATION
ની વાત કરવી છે, અને એમાં પહેલા નંબરની વાત
છે ANGIOGRAPHY :- FRIST STEP
ANGIOGRAPHY માં એક INJECTION દ્વારા ડાઈ
નાખવામાં આવે શરીરની અંદર, એક બાજુ GRAPH
જોઈ શકતો હોય, ડાઈ અંદર જતી હોય, ડાઈ ક્યાં સુધી
પહોંચી, ક્યાં BLOCKAGE નડયા એ બધી ત્યાં ખબર
પડે એ ANGIOGRAPHY. ડાઈ અટકે છે ત્યાં લોહી
અટકી જ જવાનું છે, પણ આ ખબર પડે DIFFERENT
COLOR હોય અને એના MOTION થી એ જ્યાં STOP
થાય, ખબર પડે અહીંયા BLOCKAGE છે. હૃદય ને

લોહી પુરું પહોંચે નહિ, ત્યાં BLOCKAGE હોય,
ANGIOGRAPHY થી ખબર પડે, કે લોહી ક્યાં
અટકી જાય છે. HEART OPERATION માં
આપણે જોવા નો પ્રયાસ કરવો છે કે આપણી
સંવેદના ઓ ક્યાં અટકી જાય છે (?), કેમ હૃદય
સુધી આપણી સંવેદના ઓ પહોંચતી નથી (?), કેમ
સંવેદના ઓ બુઠ્ઠી થઈ ગઈ છે (?), કેમ દિકરાના
દિલ પ્રત્યે આપણી દ્રષ્ટિ જતી નથી (?), સાચા
મા-બાપ આપણે કેમ નથી બની શકતા (?), આપણે
સાચા પિતા કેમ નથી બની શકતા (?), આપણે કેમ
સાચી મમ્મી નથી બની શકતા (?), એ
ANGIOGRAPHY દ્વારા જોવાનો પ્રયાસ કરવો છે.
હું તમને પુછું છું કે તમને કદી પણ આમ REAL
MOTHER FEELINGS સ્પર્શી છે (?), જિનશાસન
ની પરંપરા ની અંદર દેવકી નામની માતા થઈ
ગઈ ને એ માતા, પોતાનો દિકરો નેમિનાથ
ભગવાન ની દેશના સાંભળી ને વૈરાગી થયો છે ને
રજા માંગી છે, બેભાન થઈ ને મા ઢળી પડે છે.
મોહ છે, પ્રેમ છે, રાગ છે, દિકરાના વિયોગની
કલ્પના થી પણ બેભાન થઈ ગઈ છે, ભાનમાં
એને લાવવામાં આવે છે ને બોર બોર જેવા આંસુ
ઓ પાડે છે, તેમનો સંવાદ થાય છે અંતે જોયું કે
દિકરો મક્કમ છે, દિકરાનું દિલ પણ એમાં છે,
દિકરા ની ઈચ્છા પણ એમાં છે ને મા રજા
આપે છે. કૃષ્ણ વાસુદેવ પોતે ગજસુકુમાલની
દિક્ષા નો મહોત્સવ કરે છે, અદ્ભુત વરઘોડો
તૈયાર થઈ ગયો છે રાજમહેલ માં ગજસુકુમાલ
પોતે નીકળવાની તૈયારી માં છે, એનો દેવકુંવર
જેવો દેદાર છે, બહાર લોકો ની સંખ્યા મી
પ્રજાજનો રાહ જોઈ રહ્યા છે, બેન્ડ અને વાજીંત્રોના

classmate

નાદી થઈ રહ્યા છે. એક હજાર માણસ ઉંચકી શકે તેવી
શિબિકા તૈયાર છે. એમાં બેસવા માટે ગજસુકુમાલ જ્યાં
રાજમહેલ ની બહાર પગ મુકી રહ્યા છે, એ સમયે દેવકી
જે છે ગજસુકુમાલ ને એક મિનિટ રોકે છે. મારે
તમને સંવેદના ની વાત કરવી છે, એક માતા ની
સંવેદના કેવી હોય (?), એક માતાનું હૃદય કેવું હોય (?)
ને દિકરા માટે એની ભાવના શું હોય (?), ને ગજસુકુમાલ
અહિંયા ઉભો છે ને સામે દેવકી ઉભી છે,
ગજસુકુમાલ ના બંને હાથ પકડે છે, એકી ટસે દિકરા
ની સામે જુએ છે, જોનારા બધા સ્તબ્ધ થઈ ગયા
છે, બધાને એમ કે હમણા દેવકી ભાંગી પડશે, હમણા
દેવકી ~~ઢ~~ ઢળી પડશે, હમણા દેવકી છે કદાચ ધ્રુસકે
ને ધ્રુસકે રડી પડશે ને દેવકી એમાંથી કશુંજ કરતી
નથી અને દેવકી પોતાના દિકરાને કહે છે કે બેટા
~~મ~~ મને એક વચન આપ, સ્તબ્ધ બની ને
ગજસુકુમાલ દેવકી સામે જોઈ રહ્યા છે ને દેવકી
દિકરા ને કહે છે બેટા બોલ, આ ઘરની અંદર
તારો છેલ્લો દિવસ, છેલ્લો કલાક, છેલ્લી મીનીટ છે
હવે તું બહાર નીકળીશ, તારા માતૃત્વ ની છેલ્લી
ક્ષણો ને હું માણી રહી છું બેટા અને આ છેલ્લી
ક્ષણો માં તારી પાસેથી એક છેલ્લું વરદાન, છેલ્લું
વચન મારે જોઈએ છે. બેટા આપીશ મને (?)
ગજસુકુમાલ ની આંખો સંમતિ આપે છે ને મા કહે છે
કે બેટા નેમિનાથ ભગવાનની દેશના થી અમે જાણ્યું
છે કે આ ભવચક્ર માં અનંતી માતાઓ થઈ ગઈ,
નેમિનાથ ભગવાનની દેશના થી જાણ્યું છે

જ્યાં આ જીવે અનંતા ભવોની અંદર અનંતી માતાઓ
કરી અને એમનું જે માતા એનું દૂધ પીધું ને અને
એ દૂધ નો સરવાળો, મહાસાગરો ના પાણી થી એ

એ વધારે થાય છે.

દેવકી કહે છે કે બેટા મને ખબર છે કે એક હું તારી માતા નથી થઈ, અનંતી માતાઓ તારી થઈ ગઈ, એના દૂધનો સરવાળો મહાસાગરો ના પાણીથી પણ વધી જાય એટલી તારી માતાઓ થઈ ગઈ, બેટા મારે વચન માં બીજું કાંઈ જ નથી જોઈતું, બેટા તારા આખા ભવચક્ર ની છેલ્લી માતા બનવાનું સૌભાગ્ય એ મને મળે એવું બેટા તું કરજે. બેટા શુરવીર ની જેમ નીકળે છે, સિંહ ની જેમ નીકળે છે, પરિષહો ને ઉપસર્ગો આવશે, ઝાવડો આવશે, પ્રતિકૂળતાઓની વરસાદ વરસે કે કષ્ટો ની ઝડી વરસે, બેટા તું મારો દિકરો છે. તું યાદવ કુળનો નબીરો છે તો બેટા સિંહ ની જેમ ઘુસી જજે અને સિંહ ની જેમ દિક્ષા ને પાળજે, પરિષહો અને ઉપસર્ગો ને પરાજિત કરજે, જલ્દી થી કેવલજ્ઞાન અને મોક્ષ મેળવજે અને તારી છેલ્લી માતા બનવાનું સૌભાગ્ય મને આપજે.

મુજ ને તજ ને વીરા અવર માત મત કીજે રે,
કર્મ ખપાવી એહ ભવ વહેલી મુક્તિ લીજે રે.

છ-છ દિકરા દેવકી ના થયા, દેવના ઉપાય થી કંસ ના હાથે મૃત્યુ પામતા અટકી ગયા ને નાગ શ્રાવકને ત્યાં ઉછર્યા, એક બાકી રહ્યા હતા શ્રી કૃષ્ણ એ પણ વૃંદાવનની અંદર ગોકુલની અંદર ઉછર્યા. દેવકીને વસવસો હતો કે મને એકે દિકરાનું લાલનપાલન કરવા ન મળ્યું, સાક્ષાત મારા દિકરા છતાં હું વંધ્યારિ ની જેમ અહીં રહી છું, મને એક દિકરો જોઈએ. હરિણગમ્યેષિ દેવની આરાધના શ્રી કૃષ્ણ

કરે છે, વરદાન મેળવે છે કેટ-કેટલા આંસુડા પાડીને કેટ-કેટલી માનતા માની ને, કેટ-કેટલી મનોરથો ની માળાઓને સેવીને એક દિકરી થયી હતી જિનશાસનને દિકરો સોંપ્યો છે અને એ દિકરા પાસેથી વચન લીધું છે કે તારા ભવચક્ર ની મને છેલ્લી મા બનાવજે. હું તમને પુછું છું કે આવી સંવેદના એ તમને સ્પર્શી છે ખરી ? તમને કોઈ REAL FATHER FEELING સ્પર્શી છે ? શ્રી કૃષ્ણ મહારાજ પોતાની દરેક રાજકુમારી ઉંમરલાયક થાય એમની માતાઓ બહુ હોંશિયાર, બરાબર એમને સોળે શણગાર સજાવી ને, પિતાજી ને પ્રણામ કરવા માટે મોકલે, જેથી પિતાજી ને લાઈટ થાય કે હવે આ ઉંમરલાયક થઈ છે, ત્રણ ખંડનું સામ્રાજ્ય છે. ઘણા કામો હોય, BUSY હોય, આમાંથી ધ્યાન ના જાય, અને ધ્યાન ના જાય એના કારણે, માતા ધ્યાન દોરવા, બરાબર ઉંમરલાયક દિકરી હોય, એમને પ્રણામ કરવા મોકલે અને કૃષ્ણમહારાજા સમજી જાય કે માતા એ આને શા માટે મોકલી છે ? કૃષ્ણમહારાજ પોતાની દરેક રાજકુમારીને એક પ્રશ્ન કરતા બેટા તારે રાણી થવું છે કે દાસી થવું છે ? જો રાણી થવું છે તો જાઓ નેમિનાથ ભગવાન પાસે અને જો દાસી થવું છે તો પરણી જાવ કોઈ રાજાને, કોઈ રાજકુમાર ને કોઈ રાજપુત્રને, તમને પરણાવી દઉં અને તમે દાસી પણું ભોગવજો. અને દિકરી કહે ના પિતાજી અમારે તો રાણી થવું છે, અમો નેમિનાથ ભગવાન પાસે. હું તમને પુછું છું તમને આવી FEELINGS કદી સ્પર્શી ખરી ? ક્યાંક BLOCKAGE છે ને એ જોવાનો આપણે પ્રયાસ કરવો છે. ઊંધી માન્યતા છે, ઊંધી સમજણો છે, ગેરસમજો માં આપણે અટવાયા, આપણી જીંદગી આખી તો સંસારની ગટરમાં ગઈ, હવે બાકી જીનું શું થશે તેની ખબર નથી. આપણા સંતાનોની જીંદગી આપણે બચાવવાની હોય કે ધક્કો મારી ને તેની

DATE

ઝિંદગી પણ આપણે ગટરમાં નાખવાની. આજે પણ
એવી મા છે જેણે તીર્થ યાત્રા કરતા કરતા સંકલ્પ
કર્યો કે મારા ગર્ભમાં પુત્ર છે એને જિનશાસનમાં
સમર્પિત કરી દઈશ. આજે એમના દિકરા મહાત્મા
બનીને સરસ આરાધના કરી રહ્યા છે. આજની
તારીખ માં એવી મા છે જેણે નક્કી કર્યું હતું કે
મે મારા શ્રાવક રજા નહિ આપે તો ભગાડીને
પણ મારા દિકરાને દિક્ષા અપાવીશ. અને એમના
દિકરા એ મા-બાપની સંમતિ સાથે, મહોત્સવ સાથે
દિક્ષા લીધી અને આજે આરાધના કરી રહ્યા છે.
આજની તારીખ માં એવી મા છે જેને કોઈએ કહ્યું
કે મે તમે રોજ સ્નાત્ર ભણાવો ને તો તમારા
દિકરાની દિક્ષા થઈ જાય. હું તમને પુછું છું કે
તમને આવું કીધું હોય તો ? ભણાવતા હો તો બંધ
કરી દો ? એ બેને શરૂ કરી દીધું રોજ સ્નાત્ર
ભણાવવાનું ને ભાવના એક જ મારા દિકરાની
દિક્ષા થઈ જાય. આજની તારીખમાં એક એવી મા
છે જે ઉપાશ્રયમાં આવે મહાત્માને GIFT નું BOX
આપી જાય અને કહે હું મારા દિકરાને મોકલીશ.
એને ભણાવજો ને રોજ- 1-1 GIFT નું BOX
આપજો. આજની તારીખમાં એક મા એવી છે જે
પતિ ની ઉગ્રતા ને સહી ને પણ દિકરાને
આત્મકલ્યાણ ના માર્ગે મોકલવા માંગે છે. આજની
તારીખ માં એક એવી મા છે જે દિકરાના લગ્નની
જાનમાં નાચી નથી, જે દિકરાના લગ્ન માં જમી
નથી, જે દિકરાના લગ્નના હોલ માં પણ ગઈ નથી,
દિકરા ના લગ્ન ના દિવસે જેણે ૮-૧૦ સામાયિક
કર્યા ઘરે બેસીને, એની સગી એ બીજા દિવસે
પુછ્યુ તારા દિકરા ના લગ્ન હતા તું આવી નહિ,
તને એની ખુશી નથી ? અને આંસુ સાથે મા એ

કહ્યું, મારી દિકરી સંસારની ગટરમાં પડે, એનાથી વધારે
દુઃખ ની વાત મારા માટે બીજુ કઈ હોઈ શકે ?
FEELINGS, સંવેદના ઓ, ક્યાંક આપણા BLOCKAGE
છે ને તેને કારણે આપણે સમજી શકતા નથી, કે
આપણા સંતાનોનું હિત શેમાં છે ?, ભરૂચ ની અંદર
એક શ્રાવક થઈ ગયા, અનુપચંદજી એમનું નામ.
ભરૂચ માટે જે છે ને એવું કહેવાય, પ્રાચીન આપણું તીર્થ,
જગચિંતામણી માં એનું વર્ણન છે, ભરૂચ્છઈ મુણિસુવ્વય,
અને એ મુનિસુવ્રતસ્વામી નો પ્રભાવ એવો કે જે
મહાત્મા ને કોઈ આલોચના દાતા ન મળે, ગુરૂભગવંત
ના મળે, આચાર્યો હોય, ગચ્છાધિપતિ શ્રી હોય અને એમને
આલોચન કરવી હોય, બીજા પણ હોય આલોચના કરવી
હોય અને એવું પાત્ર કદાચ એમને મળે નહિ, ભરૂચ
આવે અઠ્ઠમ કરે, દેવ હાજર થાય, એમને પોતાની
આલોચના આપે, દેવ સીમંધરસ્વામી પાસે જાય, ત્યાંથી
આલોચના ગ્રહણ કરે અને ત્યાં જે આત્મા એ આલોચના
આપી હોય એને તીર્થંકર દ્વારા
અપાયેલું પ્રાયશ્ચિત આપે. સેંકડો ની સંખ્યામાં
ભવ્યાત્મા ઓ એ આ રીતે ભરૂચ તીર્થ ની અંદરમાં
પોતાનું પ્રાયશ્ચિત મેળવ્યું ને એ પરંપરા ની અંદર
છેલ્લી વ્યક્તિ થઈ ગઈ એ પ્રાયઃ ૨૦૦ વરસ પહેલા
થઈ ગયેલા ભરૂચ ના અનુપચંદ ભાઈ, દિકરા માટે
મહેનત કરી હતી એની દિક્ષા થઈ જાય, એને ભાવ
થાય માટે ને ઘણી મહેનત કરતા હતા, સારો છે
દિકરો, ધાર્મિક છે, સંસ્કારી છે, દિક્ષા બધા ના નસીબ
હોય નહી, ઘણા પ્રયાસો કર્યા ને દિકરા ને ભાવ ના
થયા, ને લગ્ન લેવાયા, લગ્ન ની જાન ચાલી રહી છે
ઘોડા ઉપર દિકરો બેઠો છે, નીચે પિતાજી ચાલી રહ્યા
છે, દિકરો જુએ છે પિતાજી મારી સામે જુએ છે
કંઈક અપીલ કરી રહ્યા છે, કંઈક ઈશારો કરી રહ્યા છે

નીચે ઉતરી જાય છે હિરો, પગે લાગીને પુછે છે
કે પિતાજી બોલો, જે કંઈ હોય તે કહો. ભાવાવેશ
માં આંખ માં અશ્રુ સાથે અનુપચંદ ભાઈ એ
હિરાને કહે છે કે બેટા, અનંતકાળ પછી, અનંત
પુણ્ય પછી, અનંતયુગોની અંદર, આ દુર્લભ
અવસર તને મળ્યો છે, હવે તારી ઈચ્છા પતી
હોય ને તો આ લગ્નના વરઘોડાને દિક્ષાના
વરઘોડા માં ફેરવી દેવા હું તૈયાર છું, બોલ હવે
તારી ઈચ્છા પતી હોય તો ? ANGIOGRAPHY
આપણે કાઢવી છે, આપણે અંદર, ક્યાં, કઈ જાત
ના BLOCKAGE છે, ક્યાંક આપણે હિરાના
EDUCATION માં અટકી જઈએ છીએ, EDUCATION
નું પણ એક BLOCKAGE હોય છે, ક્યાંક એના
મોજ શોખ માં અટકી જઈએ છીએ, ક્યાંક એના
શરીરમાં અટકી જઈએ છીએ, ક્યાંક એના આલોક
માંજ અટકી જઈએ છીએ, ક્યાંક એના મનમાં
અટકી જઈએ છીએ, એનું શરીર સારૂ રહેવું જોઈએ
એના મનથી ખુશ હોવો જોઈએ, વાત બધી પુરી થઈ
એની સિવાય કંઈ નહી હોય તો ચાલશે, આ પણ
એક પ્રકારનું BLOCKAGE છે. તમે મને કહો કે
સાહેબ વાત તમારી બધી સાચી, EDUCATION
બોગસ છે, અમને એની જ VALUE છે તો અમે
શું કરીએ ? તમારો સવાલ છે, મારો COUNTER
QUESTION એની સામે છે, કે તમને ખબર પડે કે
અમુક પ્રકારનું CHILD FOOD છે, દુનિયા અઢીસો
(૨૫૦) દેશોમાં એ BEST SELLER એ FOOD છે
એ FOOD TASTY છે, દુનિયાના કરોડો (અંદાજ)
બાળકો એ FOOD ને ખાય છે, બધી જ રીતે
CHILD FOOD વખણાય છે, વેચાય છે, કરોડો
બાળકો એ ખાય છે, પણ એ FOOD માં SLOW

DATE

POISON છે લાંબા ગાળે નુકશાન કરે છે, ઘણા છોકરાઓ
એનાથી મરી ગયા છે. દુનિયાને ખબર નથી એટલે ખરીદે છે,
છોકરાઓને ખવડાવે છે, તમને ખબર પડી ગઈ કે આ
FOOD મારા દિકરા માટે સારું નથી, હું તમને પુછું છું
તમે એ FOOD ખવડાવશો ? મને જવાબ જોઈએ.
એટલે મારે તમને એ કહેવું છે કે જો તમે આજનું પણ
JUNK FOOD એને ખવડાવો છો તો તમારું માતૃત્વ-પિતૃત્વ
આમાં ક્યાં રહ્યું ? ઉપલો માળ આપણો ખોટો આવ્યો છે
આપણી સૌથી મોટી તકલીફ છે, બધા કરે એ કરવું છે,
બધા કુવામાં પડે તો પડવું છે. તમને ખબર પડે કે જે
FOOD થી આટલા છોકરાઓને કેન્સર થયું, આટલા
છોકરા મરી ગયા, નજર સામે તમે જોયું છે, જો તમે
વિવેકી હશો તો ભલે આખી દુનિયા એ FOOD ખાતું-
ખવડાવતું હશે, તમે નહિ ખાઓ. શાસ્ત્રકાર ભગવંતો,
જ્ઞાનીઓ આપણને કહે છે કે, દુન્યવી શિક્ષણ લઈને,
દુન્યવી શિક્ષણનું મિથ્યાત્વ મગજમાં ભરીને આજ સુધી
માં અનંત આત્માઓ અનંત સંસાર રખડ્યા છે, અને આ
બિલકુલ લેવા જેવું નથી, આપણે વિવેકી હશું તો, છોકરા
આપણને બિલકુલ તકલીફ પડશે નહિ. ભાઈની વાત
સો ટકા સાચી છે કે તમે EDUCATION નું EXAMPLE
આપવા જાવ છો, પણ તમે જે EXAMPLE આપો છો એમાંય
અમારા ઠેકાણા નથી અમે તો જોય ખવડાવવાના, જોય
ખાવાના અને રવિવારી સાંજ અને રવિવારની સાંજે અમે
મે બહાર નીકળીએ નહિ, હોટલે જઈએ નહિ, લારી એ
જઈએ નહિ, આ બધું FOOD જો અમે ખાઈએ નહિ તો
અમને સંતોષ થાય એવું નથી હું તમને પુછું છું કે
એટલા માટે જ "ઉપમિતિ" માં વચ્ચે GAP પાડી ને
મેં ના પાડી મારે "ઉપમિતિ" ની ધારા ને તોડવી નથી,
મને યુવાનો એ કીધું એ બધું બરાબર છે, "ઉપમિતિ"
વાળા ને પણ સમજાવશે પણ એક દિવસ તમે આ લોકો

ને સમજાવો કારણકે આ લોકોને સમજાવવાની બહુ
જ જરૂર છે. સાચા મા-બાપ કઈ રીતે બનાય એ હું
તમને કહું છું, હું તમને આત્મા સુધી લઈ જવા માંગું
છું, પરલોક માં લઈ જવા માંગુ છું, તમે હજુ તેના શરીર
સુધી પણ પહોંચ્યા નથી, તો આત્મા નો તો સવાલ
જ ક્યાં રહે છે, જેનું શરીર બગડે તેનો આલોક
પણ બગડે, આત્મા ને પરલોક ની વાત બહુ દૂર છે.
હું તમને પુછું છું કે આજની દુનિયામાં, એવો
MANIA શરૂ થઈ ગયો કે રસ્તા પરની ધૂળ ભરી-
ભરી ને લઈ જવી અને તિજોરી માં ભરવી, અને
સોનું છે એને રસ્તા ઉપર ફેંકી દેવું, આજની દુનિયા
આવું કરતી થઈ ગઈ તમે કરશો ખરા ? જે
EDUCATION હોય તો એ જિનશાસન નું
EDUCATION છે, જિનશાસનનું EDUCATION એ
સોનું છે. દુન્યવી EDUCATION એ ધૂળ છે, આજની
દુનિયા ધૂળ ને તિજોરીમાં ભરી રહી છે, તમે એને
જુઓ છો, એને જોઈને તમે પણ એ જ કરવાના છો
તો હકિકત માં તમે ઈ જ ગુલામી કરી રહ્યા છો,
રસ્તા પર તમારૂં સોનું ફેંકી રહ્યા છો અને ધૂળ
ભરી ભરી ને તમારા ઘરે તિજોરી માં લઈ જઈ રહ્યા છો.
ANGIOGRAPHY સંવેદના એ ક્યાં હૃદયમાં અટકે
છે.

સભાનો પ્રશ્ન :- સાહેબ અત્યારે ગુરૂકુલમ્, તપોવન જેવી સ્કુલો
માં બાળક ને મુકી શકાય ?
પુજ્યશ્રી નો ઉત્તર :- પ્રશ્ન તમારો બહુ સરસ
સમજ નો છે. સ્કુલ નું જે EDUCATION, સ્કુલનું જે
CULTURE, સ્કુલના ક્લાસરૂમ, સ્કુલ નો સિલેબસ
સ્કુલના TEACHERS, CONVENT CULTURE,
જીસસ ધર્મ ના પ્રચાર માટે ચાલતી શાળાઓ,

ધર્મહીન શાળાઓ, ધર્મ વિરોધી શાળાઓ, સંસ્કાર વિરોધી
શાળાઓ, એના કરતા આ બધું ભોગ હરખે સારૂં છે,
જ્યાં ધર્મ મળે, મારૂં છે ને ઘણા વરસોથી DREAM છે
કે પાઠશાળાનું FORM બદલાય. આપણી સંપત્તિ એવી છે
કે તમારા બાપ-દાદાઓ, પૂર્વજો બળદગાડામાં જતા હતા,
ઘોડાગાડીમાં જતા હતા, તમે વજન સાથે બાઈક ઉપર આવી
ગયા, કાર ઉપર આવી ગયા, પેલા પાઠશાળાઓ ચાલતી હતી
પાઠશાળનો અર્થ ખબર છે ? તમારા દાદા હોય ને એને
પુછજો તમે કઈ સ્કુલમાં ભણેલા હતા, દાદા કહેશે હું
એવી પાઠશાળામાં ભણ્યો હતો. દાદા ગુરૂદેવ ભુવનભાનુ-
સુરીશ્વરજી મહારાજા ના ચરિત્રમાં લખ્યું છે કે અમદાવાદ
માં મનસુખભાઈની પાઠશાળામાં એ ભણ્યા, તે મનસુખ
ભાઈની પાઠશાળા એટલે શું એ સમય ની સ્કુલ. એક
રૂમ હોય અને એમાંય ALL IN ONE એક આચાર્ય,
એક શિક્ષક અને એક SUPERVISOR હોય. અને એમાં
છોકરાઓ ભાષા ભણે ગણે, ગણિત ભણે, લખતા વાંચતા બધું
શિખે, સ્કુલને એ સમયમાં પાઠશાળા કહેતા. હવે સ્કુલો બધી
ULTRA-MODERN થઈ ગઈ ને પાઠશાળા તમે એની એ
રાખી, આવી ને આમ કોઈ ખુણામાં બેસી જવાનું, અમે ગામો
ગામ જોઈએ, સંઘમાં જોઈએ, શહેરોની પણ પાઠશાળા જોઈએ
એવી CBSC સ્કુલમાં જતો હોય, ત્યાંનું જે CULTURE,
ત્યાં ના જે કલાસ, ત્યાંની જે CLEANLINESS, ત્યાંનું
જે AMBIENCE, એની સામે આજની પાઠશાળા જોઈએ
તો પાઠશાળાનું કોઈ મકાન હોય નહિ, કોઈક ખુણે-
ખાંચરે ગમે ત્યાં બેસી જવાનું, ગમે તે રીતે પાઠશાળા ચાલે
સંઘમાં ૫૦૦ છોકરા હોય, એમાંથી ૫-૧૦-૧૫ છોકરાઓ
પાઠશાળા આવી જાય, અને આપણે નેય સંતોષ થાય
પાઠશાળા સરસ ચાલે છે. પહેલું કામ એ કરવા જેવું છે
કે જૈનો હોય ને એમની પાસે દષ્ટિ હોય કે અમે અમારી
નવી પેઢી માટે કર્યું શું ? તમે તમારી હિસ્ટ્રી માટે શું કર્યું

તમારા છોકરાઓ માટે શું કર્યું ? અમુક BLOCKAGES
હોય છે, આપણે સમજ્યા વગર અમુક અક્ષરો ગોખી
માર્યા છે એક શબ્દ છે આશાતના, આશાતના થાય.
કોઈ તમને ઘરે બહુ સરસ ચોપડી આપે, સારી છે,
રાખો ને, હા સારી છે વાંચવી જોઈએ પણ આશાતના
થાય (હાસ્ય નું મોજું) હું તમને કહું કે તમારા ઘરે
છાપું આવતું હોય ને એ સમ્યગ્ જ્ઞાન ની પહેલી
આશાતના, તમારા ઘરે મોટી TV SCREEN હોય
એ સમ્યગ્જ્ઞાન ની બીજી આશાતના, તમારા ઘરે
DISH ANTENA હોય એ સમ્યગ્ જ્ઞાન ની ત્રીજી
આશાતના, તમારા ઘરે ફોન ની અંદર ગમે તે જોવાનું
હોય એ સમ્યગ્ જ્ઞાનની ચોથી આશાતના,
સમ્યગ્ જ્ઞાન પ્રત્યે તમને કોઈ કદર નથી, તમારો
છોકરો પાઠશાળા ના ગયો તો કાંઈ વાંધો નથી એ
સમ્યગ્ જ્ઞાન ની પાંચમી આશાતના, વ્યાખ્યાન કોણ
સાંભળે ? સાંભળનારા સાંભળે, જેને કોઈ કામધંધો
ન હોય તે સાંભળે, સમ્યગ્ જ્ઞાનની છઠ્ઠી આશાતના,
છોકરાના ટ્યુશન માટે, ક્લાસ માટે, સ્કુલ માટે,
ચોપડા માટે, PROJECT માટે, લાખો રૂપિયા નું પાણી
કરવા તમે તૈયાર છો, એ જ છોકરાને મફતમાં
સમ્યગ્ જ્ઞાન મળતું હોય એ પ્રત્યે તમારી કોઈ [illegible]
નથી, એની કદર નથી આ સમ્યગ્ જ્ઞાનની સાતમી
આશાતના. તમારા ઘરે LIBERARY હોય અને
સમ્યગ્ જ્ઞાન નાં પુસ્તકો ન હોય એ સમ્યગ્ જ્ઞાનની
આઠમી આશાતના. સાહેબ ઘણા પુસ્તકો ઘરે છે,
એટલે નથી જોઈતા હું તમને પૂછું છું કદી તમને
એમ થયું કે ઘણા ઘરેણા છે થોડા કાઢી નાખીએ ?
ઘણા રૂપિયા છે થોડા કાઢી નાખીએ ? ઘણા બધા
સાધનો છે આપણી પાસે સુખસગવડ ના થોડા કાઢી
નાખીએ. જે તમને જોઈએ છે એના માટે બધી

જગ્યા છે, જે તમને નથી જોઈતું તેના માટે તમારી પાસે કોઈ
જગ્યા નથી, તમને એ નથી જોઈતું એ સમ્યગ્જ્ઞાન ની નવમી
આશાતના. અમદાવાદ ની અંદર પહેલો એ વિચાર કર્યો કે
આપણી દિકરી માટે કાંઈ કરવું છે. સોલારોડ પાસે મેઈન
રોડ ઉપર જગ્યા લઈ લીધી, જગ્યા હજુ લીધી છે પ્લાન
પાસ થયો નથી, તેર માળ નું મકાન બનાવી દીધું, બધું
FINISHING થઈ ગયું, મોદી સાહેબ ને મળી આવ્યા,
OPENING માં આવશો ? ભલે આવશું, સાડા ત્રણ દિવસ
ની અંદર મોદી સાહેબ નામે GOVERMENT માં એક પણ
પૈસો ખવડાવ્યા વગર બધી ફાઈલો પાસ કરાવી દીધી,
OPENING થઈ ગયું, ધમધોકાર એમનું કન્યા છાત્રાલય
અત્યારે ચાલી રહ્યું છે. આપણી દિકરીએ ક્યાંક બીજે જાય
કેવા કેવા ની નજરમાં આવે, કેવા કેવા સંસ્કારો, કેવા કેવા ના
સંપર્ક માં આવે, કેવી કેવી વાતો ચાલતી હોય, કેવું વાતાવરણ
હોય, આપણી સંસ્કૃતિ થી, આપણા શિક્ષણથી, આપણા
સંસ્કારોથી આપણી પેઢી છુટી પડી જાય, આની ચિંતા
આપણને ખરી ? પાલીતાણા ની અંદર એક પણ
CHRISTIANS હતા નહીં ને, ચર્ચ એમણે બનાવી દીધું,
સ્કુલ એમણે બનાવી દીધી, આજે જૈનોના છોકરા પાલીતાણા
ની CHRISTIAN SCHOOL માં ભણતા થઈ ગયા, સારાસારા
પાલીતાણા માં રહેલા જૈનો ના છોકરા આજે ત્યાં
CHRISTIAN SCHOOL માં ભણી રહ્યા છે, હું તમને કહું છું
કે ૨૫ વરસ પહેલા આપણને એટલી સદ્બુદ્ધિ સુઝ
હોત કે એકાદ અનુષ્ઠાન, એકાદ સમય ની ગાળો, એમાં
પાલીતાણા માં આ બધું કરવાને બદલે એક સ્કુલ બનાવી
દઈએ, આપણા છોકરા એમના માં ભણે એની કરતા
એમના છોકરા આપણા માં ભણે એવું એક વાતાવરણ
સર્જ દઈએ તો આજે જે પાલીતાણા ની હાલત થઈ છે
એ હાલત ન થઈ હોત. પાસડી માં હું તમને પુછું- જૈન
દિકરા- દિકરીઓ માટે શું ? આવતા ૫૦-૧૦૦ વર્ષની

DATE

અંદર જૈન સંઘના ખજાને રૂપિયા CHRISTION MISSIONERY ઓ માં જતા રહેશે, અન્ય ધર્મોમાં જતા રહેશે, ધંધા રૂપે, વેપાર રૂપે એમના નફા રૂપે જતા રહેશે. આપણે ત્યાં ના ત્યાં રહેશું ને આવનારા ૫૦-૧૦૦ વર્ષોની અંદર આપણા દિકરા-દિકરીઓ કેટલા INTERCAST MARRIAGE કરી ચુક્યા હશે, જૈન ધર્મના વિરોધી બની ચુક્યા હશે, કોઈ નમાજ પઢતા થઈ જશે, કોઈ ચર્ચ ની અંદર PRAYERS કરતા થઈ જશે, અહીંયા આવનારા અહીંયા આજે વ્યાખ્યાન સભા ભરાય છે, આવતી કાલે અહીંયા શું સ્થિતિ થઈ હશે એની તમને ચિંતા ખરી (?) તમારો દિકરો જ્યારે કહે હું તો એને જ પરણીશ ત્યારે મારા શબ્દો ને તમે યાદ કરજો. સમાજ માં જ્યારે તમે મોઢું ન બતાવી શકો ત્યારે મારા આ શબ્દો ને તમે યાદ કરજો, જ્યારે તમારી દિકરી રાતોરાત કોઈની સાથે ભાગી જાય અને પોક મુકી ને રડો ત્યારે મારા આ શબ્દોને યાદ કરજો. સંસ્કાર, સંસ્કૃતિ અને ધર્મ ને બચાવ્યો હશે તો તમે પણ બચશો, તમારા દિકરાને મે મહાવીર નો ભલે બનાવ્યો તો એક દિકરો તમારો પણ બનવા નો નથી. આ બધા BLOCKAGES અંદર થી કાઢો, હજુ તમને ગેરસમજ છે, આ ધર્મ કરી લેવો છે, આ ભગવાન ભરાવી દેવા છે, હજુ એક દેરાસર કરી દેવું છે, હજુ આપણી શક્તિ પહોંચતી હોય તો એક તીર્થ બનાવી દેવું છે, આજ ના કાળમાં એક તીર્થ બનાવવા કરતા, પણ આવા જૈનો ની વસ્તીવાળા એરિયામાં એક જૈન સ્કુલ બનાવવામાં આવે અને એમાં જૈન શિક્ષણ દાખલ કરવામાં આવે, અને રોજનો એક વિષય JAINISM નો COMPULSARY દાખલ કરવામાં

આવે, શ્રાદ્ધવિધિ માં રત્નશેખરસુરી મહારાજે કહ્યું, નહાવાનો
તો હતો જ, નાહવા ની અંદર જે જયણા પાળવી એના માટે
મેં સ્નાન વિધિ બનાડી છે, જે શાસ્ત્રો ના પદાર્થો ને સમજી
શકતા નથી, અને મિથ્યાત્વ ને મિથ્યાત્વ ની ઘોષણા કરીને
આવી કોઈ પણ પ્રવૃતિ માં ઓળા નાખવાનું કામ કરે છે ને
તેઓ હકિકત માં મિથ્યાત્વ ને વહોરી રહ્યા છે, તેઓ
અજાણતા પણ શાસન ના દુશ્મન બની રહ્યા છે. આપણો આ
બધી રામાયણો માં જ આખો સંઘ હોમાઈ જવાનો છે, શાસન
ની સંઘની, ભવિષ્ય ની પેઢીની, નવી પેઢીની, હૃદય માં
ચિંતા હશે, ઘર ની અંદર બધા જ COMPROMISE
આપણે કર્યા છે, ધંધા ની અંદર બધા જ COMPROMISE
કર્યા છે, શરીર નો પ્રશ્ન આવે ત્યારે બધા જ COMPROMISE
કરવા આપણે તૈયાર છીએ, શાસન નો સંઘનો પ્રશ્ન આવે
ભાવિ પેઢી ની સુરક્ષા નો પ્રશ્ન આવે, અને એની અંદર
રોડા નાખીએ, એની અંદર ડખા નાખીએ, એની અંદર
આપણે કોઈક વચન લઈ આવ્યા, કે ભાઈ મિથ્યાત્વ છે,
પણ એ મિથ્યાત્વ જે છે એનું મારણ કરીએ, એની સામે
એટલું અમૃત આપી દઈએ, કે એની જે ઝેર ની અસર
નાબુદ થઈ જાય, પેલા નું ભવિષ્ય સુરક્ષિત થઈ જાય
આજે તમે દરેક સંઘ ની અંદર જુઓ, આવી તપોવન
જેવી સંસ્થા માં ભણેલા યુવાનો છે, આજે સંઘો માં કેટલા
ACTIVE છે, સંઘો માં આશીર્વાદ બની ને ઉભા છે,
અને એમને જોશો તો તમને થઈ જશે કે, ભાઈ આનો
તો વિરોધ કઈ રીતે હોઈ શકે. ઘણા બધા મનોમંથન પછી
એની પણ LIMITATIONS છે, એ સંસ્થાઓના પણ
LIMITATIONS છે, ઘણા મંથન પછી SURGERY OF
PARENTING ના શરૂઆત ના SESSIONS માં બે
વાત કરી હતી. એક વરસ DROP તમે લો, એક વરસનો
DROP તમારા સંતાનનું આખું ભવિષ્ય સુધારી દે, એક
વરસ નો DROP કઈ રીતે લેવો, તમારા અમુક પ્રશ્નો

આવ્યા, આવું ચાલે ? જવાબ છે, અહીંયા જ બેઠેલા
એક શ્રાવક DEO OFFICE માં જઈ આવ્યા,
અધિકારી એ કહ્યું ચાલે, એમણે કહ્યું લેખિત આપો,
લેખિત માંગણી કરી, અધિકારી એ કહ્યું અમારી પાસે
PRITTS નથી, NET ઉપર અહિંયા અહિંયા બધુ છે
એમાંથી તમે PRINTS કાઢી શકો, શ્રાવક PRINTS
કાઢી ને મારી પાસે લઈ આવ્યા, લેખિત માં
GOVERMENT નો કાયદો, છોકરાઓ 1-2 વરસ
સ્કુલ DROP કરી હોય, સ્કુલે ના ગયો હોય, પછી
એની ઉંમર ના અનુસારે આગળ ધોરણમાં જઈ શકે
એમાં કોઈ વાંધો નથી, આ રીતે છોકરો છઠ્ઠા પછી
જે સાતમું ધોરણ છે એ DROP કરે, એક વરસ
ધાર્મિક અભ્યાસ કરે પછી સીધો આઠમા માં જાય
આવો CENTRAL GOVERMENT નો પણ કાયદો છે
STATE GOVERMENT નો પણ કાયદો છે,
અમદાવાદ ની DEO OFFICE પણ એને પ્રમાણિત
કરે છે, અને જે પણ SCHOOL ને આ કાયદા
ખબર ના હોય, એમને આ કાયદો બતાડો ને આ
PERMISSION લઈ શકાય છે. સરસ મજનું
આયોજન અમુક શાસનપ્રેમી શ્રાવકો અમદાવાદમાં
પાલડી મુકામે કરવા જઈ રહ્યા છે, તમારે જો તમારા
સંતાનને ભણાવવું હોય. હવે પાઠશાળા એને જવું
ગમતું નથી, સમય જ રહ્યો નથી HOME WORK
એટલા છે, TUTION એટલા છે, ક્લાસ એટલા છે,
એટલી બધી ઉપાધિઓ છે કે VACATION પણ
એના હાથમાં રહ્યું નથી. VACATION ના પણ ઘણા
બધા લફરા છે, અને જો બધા માથી એનું
ભવિષ્ય ધર્મહિન, સંસ્કારહિન ના થઈ જાય, એક
વરસ તમે DROP લઈ શકો, બરાબર સ્કુલની
જેમ ૬ (6) પિરિયડ હોય, વચ્ચે રિસેસ હોય

DATE

સારા શિક્ષકો હોય, એક વરસની અંદર સારામાં સારૂં સંસ્કરણ એ બાળક નું થાય, 5 પિરિયડ પછી સ્કુલની ટેમ જ એ બાળક પાછો ઘરે જાય, તમારી ઈચ્છા હોય તો બીજા ટ્યુશન એજ STANDARD ના કરાવી શકો, સ્કુલો માં એવું ભણાવાનું હોય છે, મહિપત ભણાવાનું હોય છે, ટ્યુશન ક્લાસ થી ભણાવાનો TREND અત્યારે ચાલુ છે. તમે ઈચ્છો તો એય ભણાવી શકો, ન ભણાવો તો કંઈ નુકશાન નથી, 6th ની અંદર જે FIRST આવ્યો છે છોકરો, એને પણ 8th માં આવ્યા પછી કંઈ 6th નું યાદ હોતું નથી, એને એનો કંઈ LOSS પણ થતો નથી, GOVERMENT નો કાયદો છે, કે આઠમા ધોરણ સુધી કોઈ પણ છોકરાને FAIL ના કરવો, અને આવો કાયદો ઘડીને સરકારે પોતે જ પ્રમાણિત કરી દીધું છે કે આ EDUCATION ની કેટલી VALUE છે. કદાચ તપોવન જેવી સંસ્થામાં તમારા દિકરાને ના જ મુકી શકો, સત્વ એવું કોરવવું જોઈએ ને બહુ બહુ તમે ફક્ત TUTION CLASS ચલાવો, દસમા નો DIRECT EXAM અપાવી દો. એના જીવનના દસ વરસ બચાવો તો પછી તો સાત કોઠા ચક્રવ્યુહ ના પાસ કરવાના છે એની જિંદગી મે આ ઉંમર માં ઘડાઈ નહિ હોય તો પાછળ તો નથી જ ઘડાવાનો, 10th સુધી તમારા દિકરાને FREE કરી દો એ POSSIBLE ના હોય, કમ સે કમ એક વરસ માટે તમારા છોકરાને સ્કુલ થી ઉઠાડી દો, આમાં કશું બગડતું નથી, આમાં વરસ પણ બગડતું નથી, એની ઉંમર અનુસાર એ સીધો આગળ STANDARD માં જતો રહે છે. આયોજન કરવામાં આવશે, ઘોષણા કરશે, એ આયોજન નો લાભ લેવો કે નહિ એ તમારી ઈચ્છાની વાત છે, તમે ઈચ્છતા હો કે તમારો દિકરો તમને સાચવે તમે ઈચ્છતા હો કે એ તમને લોહીના આંસુ ના પડાવે, તમે ઈચ્છતા હો કે છેક સુધી સાથે રહે, તમે ઈચ્છતા હો કે તમારા પગમાં પડે, તમે ઈચ્છતા હો કે બહારની ફેશન

DATE

જેમ, બહાર ના જે દુષણો અને બહારના વાતાવરણોમાં
તમારા સંતાન બરબાદ ના થાય, તો કદાચ આ
તમારા માટે LAST CHANCE છે. આના વગર તો
કેમ ચાલે, આ તો કેમ છોડાય, આ પણ એક
પ્રકાર ના BLOCKAGE છે. FIRST STAGE
ANGIOGRAPHY, SECOND STAGE | STEP
ANGIOPLASTY - BLOCKAGE ને જુઓ,
અને BLOCKAGE ને ખોલવાના પ્રયાસ કરો.
તમને શું જોઈએ છે, તમને શું ગમે છે, બહાર શું
ચાલે છે ?, લોકો શું કહેશે ?, લોકો શું માને છે,
લોકો ને શું ગમે છે, તમારે આ બધુ જોવું છે ?
કે તમારા સંતાન નું હિત શેમાં છે એ તમારે
જોવું છે ?, થોડીક પીડા થશે, તમારે ANGIO-
PLASTY કરાવવી હોય ને, ઢીંચણ થી INJECTION
આપી, ભારે INJECTION હોય, STAND એમાં
છોડવામાં આવે, પીડા પણ થાય. હું તમને કહું છું
થોડી પીડા પણ થશે, પ્રવાહ થી ઉપર ઉડવામાં,
થોડી પીડા થશે આજુબાજુ વાળા શું કહેશે ?
શું માને છે ?, એ જોવામાં, થોડી પીડા થશે પ્રવાહ
ની સામે તરવામાં, પ્રવાહ ની દિશામાં તરવું
સહેલું છે, સામે તરવું અઘરું છે. તમે એમને એમ
મજેથી જીવતા હો છો એ જુદી દશા હોય છે, અને
INJECTION તમને મારવામાં આવ્યું હોય ને
જેણે કરાવી હોય એને પુછી જોવો કેટલા દિવસો
સુધી કેટલા મહિનાઓ સુધી ત્યાં દુખ્યા કરે.
પણ એ સમજે છે કે આ પીડાને સહન કરવી
પડશે, નહિ તો BLOCKAGE એ મારો જાન લઈ
લેશે. BLOCKAGE ને ખોલવા કઈ રીતે એની
વાત મારે તમને કરવી છે. એક દિકરીએ
એક સાધ્વીજી ભગવંત પાસે જીવવિચાર નો

અભ્યાસ કર્યો, અને જીવવિચાર નો અભ્યાસ કરવાથી, નાના
નાના સુક્ષ્મ જીવો ની સમજણ મળી, જીવનમાં જયણા વધી.
તમે જોયો કે એક ચોર BIKE લઈને આવ્યા ને BIKE
સાથે પૂંછડી હતી ને આમ પૂંછ ની જેમ છે એના ઉપર
તમને કેવું લાગશે ? હું તમને પૂછું છું ? SCIENCE
PROGRESS કરશે ને તો એવા પ્રમાણે દુનિયા સામે
મુકશે કે તમારે ઘરમાં તમારું BEHAVIOR સુધારવું છે,
તમારે જીભ સાથે સારો વ્યવહાર કરવો છે, તો તમારે
નાના નાના જીવો ની દયા કરવી જોઈએ ને દયા કરતા કરતા
તમારું HEART SOFT થશે, તમારું BEHAVIOR SOFT
થશે, તમારી SPEECH SOFT થશે, તમારું BEHAVIOR
NOBEL થશે, અને એનાથી તમે બધા ના વહાલા થશો.
જયણા કરતા કરતા એનો સ્વભાવ સુધરતો ગયો, એની
જીદ ઓછી થતી ગઈ, એ દિકરી છે કે એનો વ્યવહાર
સુધરતો ગયો, જેના માટે બધા ને ચિંતા હતી કે આને
પરણશે કોણ ? અને સાસરે ટકશે કઈ રીતે ? આ 100%
સાસરે થી પાછી આવવાની, એને સારું ઘર મળ્યું, સારો
વર મળ્યો, સાસરા માં સેટ થઈ ગઈ, બધા ની ચિંતા ટળી
ગઈ, અને એનું કારણ હતું જિનશાસન નું EDUCATION.
એક દિકરી અને એણે કોઈ તત્વજ્ઞાન શાળાની અંદર
શાંતસુધારસ નો અભ્યાસ કર્યો, સ્વભાવ એનો શાંત
થઈ ગયો, જેનાથી બધા ત્રાસી ગયા હતા એ બધા તેને
ચાહવા લાગ્યા, ઘરમાં એ પ્રિય બની, સાસરે સારી રીતે
સેટ થઈ ગઈ. હું તમને પૂછું છું, સાસરે થી દિકરી પાછી
આવે ને એનો મતલબ શું ? મારે તમારો જવાબ જોઈએ
છે ? એના સાસુ ખરાબ હતા, નણંદ ખરાબ હતા, દેરાણી-
જેઠાણી ખરાબ હતા, એના પતિ ખરાબ હતા, સાસરેથી
પાછી આવતી દિકરી નથી સાસરાને ખરાબ સાબિત કરતી
નથી પોતાને ખરાબ સાબિત કરતી, સાસરે થી પાછી
આવતી દિકરી એના EDUCATION ને ખરાબ સાબિત

DATE

કરતી હોય છે, જેને બચાવવા માટે તમે એના ૨૦ વરસનું
પાણી કરો છો, અને તમારા ૨૦ લાખ રૂપિયાનું પાણી
કરો છો. એક દિકરી એ એક સાધ્વીજી ભગવંત
પાસે વૈરાગ્ય શતક નો અભ્યાસ કર્યો, હું તમને પુછું
કે છોકરી છે કંઈક વૈરાગ્યશતક ભણી છે, તમને
ખબર પડી તો તમારા મનમાં શું ભાવ આવશે ?
દિકરી સાધ્વીજી પાસે વૈરાગ્યશતક ભણી છે ને
ભણતા ની સાથે, જીવન માં પરિવર્તન આવે છે,
ઈચ્છાઓ, આકાંક્ષાઓ બધું BOTTOM માં જતું રહે
છે, દિકરી જે પોતાની જીદો છોડી દે છે, માંગણીઓ
અને DEMANDS છોડી દે છે, લગ્ન કરે છે પણ
ક્યાં કરે છે, પપ્પા એ જ્યાં એને પરણાવી ત્યાં એ
પરણે છે. પિતા ના નિર્ણય ને માન્ય રાખે છે. લગ્ન
થયા ના અમુક સમય પછી પતિને તકલીફ આવી,
પતિ ને હિંમત આપે છે કેટલા રૂપિયા આવશે એમાં
હુ ઘર ચલાવીશ. પતિ ને સાંત્વન આપે છે, પોતાના
દાગીના આપે છે, ધંધામાં બરકત આવે છે, દિકરી
આખી જિંદગી સાસરામાં રાણી બની ને રહે છે.
દિકરા માટે પણ વૈરાગ્ય ની જરૂર છે, તમારો
સંસાર સારો ચાલે એના માટે પણ વૈરાગ્ય ની
જરૂર છે. ઈચ્છાઓ અનંત છે, આકાંક્ષાઓ
UNLIMITED છે, માંગણીઓ છે, કષાયો છે,
રાગદ્વેષ છે, વૈરાગ્ય નથી ત્યારે તમારા સંસારનો
એક પણ દિવસ સખો-સુતરો પાર ઉતરે એ
શક્યતા ઓછી છે. એક દિકરા એ ઉપદેશમાલા
નો અભ્યાસ કર્યો, વર્તન એનું સુધર્યું, જીવન એનું
સુધર્યું, એના જીવનમાં એક એવી ઘટના બની કે
જો એ બીજા સાથે બનત તો એ આપઘાત કરી
લેત પણ એણે આપઘાત ના કર્યો, એના
સુધરેલા જીવનથી, સુધરેલા મનથી, એ જીવનમાં

DATE

આવી જ રીતે આગળ વધ્યો. એક દિકરી એક શિબિરમાં
ગયી હતી, ત્યાં મા-બાપ ના ઉપકારી એણે મળ્યા, મારે
તમારી ANGIOPLASTY કરવી છે, શા માટે શિબિરમાં
પાંચ-પાંચ હજાર, દસ-દસ હજારની FEES નથી રખાતી,
પ્રભાવના ઓ રખાય છે, સારૂં-સારૂં ભોજન રખાય છે,
ઇનામો રખાય છે, આકર્ષણો રખાય છે, પછી પણ તમને
એટલી હોંશ નથી થતી છોકરાઓને મોકલવાની. હોડ-
હોડ, બે-બે લાખ રૂપિયા આપીને બોગસ EDUCATION
માં ADMISSION અપાવવા માટે તમે લાઈન માં ઉભો છો,
એનું કારણ તમારા BLOCKAGE સિવાય બીજું કશું જ
નથી. થોડા સમય પહેલા બનેલી સત્ય ઘટનામાં
મા-બાપ ના ઉપકારી એ દિકરાએ મળ્યા, યુવાન થયો છે
પરણ્યો છે, મમ્મી ને ભયંકર રોગ થયો છે ને રોગ એવો
છે, મમ્મી નું આખું શરીર વાસ મારે, અને મમ્મી નો
આખો ઓરડો વાસ મારે, માથું ફાટી જાય એવી વાસ.
ભલભલો સારો દિકરો હોય તે દુઃખી થયા વગર રહે નહિ,
દસ વરસ પહેલા ભરેલી એક શિબિર, દિકરાને યાદ
આવી છે, મહારાજ સાહેબે જે મા-બાપ ના ઉપકારો નું
વર્ણન કર્યું હતું, મા-બાપ ની ગરિમા બતાવી હતી,
મા-બાપ એટલે ભગવાન, મા-બાપ એટલે તીર્થ,
મા-બાપ ની સેવા એ પુત્ર નો પહેલો ધર્મ, અને આ
શબ્દો ૧૦ વરસ પછી પણ દિકરાના કાનમાં ગુંજે છે.
ગમે તે થાય હું દુઃખી તો થવાનો નથી, મોઢે રૂમાલ
પણ બાંધ્યા વગર એ દિકરા એ બિમારી દરમ્યાન
મમ્મી ના રૂમમાં કલાકો વિતાવ્યો અને મમ્મી ની રોજ
જબરજસ્ત સેવા કરી. એ દિકરાની મમ્મી રોગ માં પણ
પ્રસન્ન હતી, કારણકે એના દિકરા ને RIGHT
EDUCATION મળ્યું હતું. તમે રોગ વગર પણ હેરાન
હો છો, કારણકે તમારા દિકરાઓને બોગસ
EDUCATION મળતું હોય છે. હું તમને પુછું છું એ

DATE

મમ્મી ની જગ્યાએ તમે હો, તમારી દિકરી તમને
સાચવશે ? તમને ખબર નથી કે BLOCKAGE
ના પણ ઘણા પ્રકાર છે. HEART- ATTACK ના
પણ ઘણા પ્રકાર છે, અને રોજે રોજ પણ
HEART ATTACK હોય શકે છે, સતત પણ
HEART ATTACK હોય શકે છે, એવી દશામાં
પણ આજે લાખો મા-બાપો જીવી રહ્યા છે, એમને
એમ થાય આના કરતા તો મોત આવી જાય તો
સારું, એનું કારણ હતું એમના દિકરાનું બોગસ
EDUCATION, અને એનું કારણ હતું એમના
હૃદયમાં થયેલ BLOCKAGE. પીડા સહન
કરવી પડશે, BLOCKAGES ને કાઢવા પડશે.
અને જો બહુ COMPLICATIONS વધી જાય તો
ANGIOPLASTY થી પણ કામ નહીં પતે,
STAGE NUMBER ત્રણ- BY PASS. ક્યારેક
એવી પરિસ્થિતિ આવી જાય છે જ્યારે કાપકૂપ
કર્યા વગર, SURGERY કર્યા વગર, હૃદય ને
ચિરફાડ કર્યા વગર, તમારું ઠેકાણું પડતું જ નથી,
કષ્ટમય છે, અઘરું છે, ગભરાટ થાય એવું છે.
પણ કર્યા વગર છુટકો જ નથી, આનું નામ
BY-PASS. દિલ્હી ના તખ્ત ઉપર મોગલ બાદશાહ
બેઠા છે. હરિશ્ચંદ્ર નું ચરિત્ર સાંભળવામાં આવ્યું
ને એની સત્યવાદિતા, મોગલ બાદશાહ આફરિન
પોકારી ગયા, આ ભારત માં જો આવા હરિશ્ચંદ્ર
થયા હોય, આજના ટાઈમમાં પણ આવી કોઈ
વ્યક્તિ હોવી જોઈએ. ઘણી તપાસ કરાવી કોઈ
મળતું નથી, નિરાશા થાય છે. બાદશાહ ની એક
બેગમ અને બેગમ ની સખી હોય છે, નામ
હોય છે કલાવતી, જિનશાસન ની એક શ્રાવિકા
બાદશાહ આ રીતે ચિંતામાં છે, નિરાશ છે,

classmate

DATE

વાત કરી બેગમે પોતાની સખી ને, ને કહાવની કહે છે મારા
પતિ છે ને એવા સત્યવાદી જ છે. બેગમ બાદશાહ ને
વાત કરે છે, બાદશાહ ખુશ થાય છે તપાસ કરાવડાવે છે
દિલ્હી ના જે લક્ષાધિપતિ શેઠ છે, ધર્મદાસ એમનું નામ
છે. સન્માન સાથે બમ્બર મોંઘી એમને બોલાવવામાં
આવે છે, પાલખી મોકલે છે, બમ્બરનાંથી પાલખી સાથે,
સન્માન સાથે શેઠ દિલ્હી ના દરબાર-માં હાજર થાય છે.
બાદશાહ એમનું સન્માન કરે છે, ઉચિત સરભરા કરે છે.
પોતાની નજીક આસન ઉપર બેસાડે છે, સત્યવાદિતા
એમની પરિણતિ છે ને પહેલો પ્રશ્ન કરે છે, તમારી
ઉંમર કેટલી ? શેઠ કહે ૧૨ વરસ, મારે તમને BY PASS ની
વાત કરવી છે. બાદશાહ ને થયું કે આનો પહેલો જ જવાબ
ખોટો નીકળ્યો ને આ ઉંમર નો ને આ શરીર નો માણસ
બાર વરસ નો હોય જ ના શકે. બાદશાહ કહે કઈ રીતે
તમે બાર વરસના ? અને શેઠે કહ્યું, જહાંપનાહ, મને છે
ને ધર્મ પામે બાર જ વરસ થયા છે અને જે ધર્મ
વગરના વર્ષો હોય એને ફોગટ કહેવાય, એમની ગણતરી
કરવાનો કોઈ અર્થ નથી, એટલે મારી ઉંમર ૧૨ વરસની
છે. બાદશાહે બીજો પ્રશ્ન કર્યો કે તમારી મિલકત કેટલી?
ને શેઠે જવાબ આપ્યો, વીસ હજાર. બાદશાહે કહ્યું કે
મેં તપાસ કરી છે, તમે લક્ષાધિપતિ છો, લાખો રૂપિયા
તમારી પાસે છે એવું મેં સાંભળ્યું છે, તમે સત્યવાદી
હો ને આવો જવાબ આપો, શેઠે કહ્યું મારી મિલકત
વીસ હજાર રૂપિયા જ છે, બાદશાહે કહ્યું કઈ રીતે ?
ને શેઠે જવાબ આપ્યો કે આજ સુધીમાં મેં ધર્મ માર્ગે
વીસ હજાર રૂપિયા વાપર્યા છે, અને જે ધર્મ માર્ગે વાપર્યું
એજ સાચી મિલકત કહેવાય. સ્તબ્ધ બની ને
બાદશાહ જોઈ રહ્યા છે ને બાદશાહ ત્રીજો પ્રશ્ન પુછે છે
તમારા દિકરા કેટલા ? હું તમને પુછું છું તમારા
દિકરા કેટલા ? બાદશાહે જ્યાં આ પ્રશ્ન કર્યો અને શેઠ

હાથ જોડી ને કહે છે, શાહજી મને ખબર નથી.
બાદશાહ ને થયું આગલા તો બે સવાલ જવાબ સમજ્યા
પણ આ જવાબ તો બુદ્ધી જ હોવી જોઈએ, તમારા
દિકરા કેટલા ?, તમને ખબર નથી ?, કઈ રીતે તમને
ખબર ના હોય ?, કેવી રીતે એ બને ?, અને શેઠે
કહ્યું કે શાહજી ખરા દિકરા એ કહેવાય કે જે ઘરડે
ઘડપણ મા-બાપ ને સાચવે, હજુ મને ઘડપણ
નથી આવ્યું, તો મને કઈ રીતે ખબર પડે ?,
કે મારા કેટલા દિકરા છે. વાત સમજાઈ તમને ?,
તમને પુછુ છું, તમારા કેટલા દિકરા તમને ખબર
છે ?, શેઠ હજુ મધ્યમ વાત કરે છે, આપણે તો
હજુ આગળ વધવું છે BYPASS OPERATION માં
જિનશાસન કહે છે,

एगोऽहं णत्थि मे कोइ णाहमण्णस्स कस्सइ।

હું એકલો છું, મારું કોઈ નથી,

एवमदीणमणसो अप्पाणमणुसासइ ॥

જિનશાસન ને પામેલી વ્યક્તિ અદિનતા પુર્વક,
ખુમારી પુર્વક, આત્મા નું અનુશાસન કરે કે હું એકલો
છું, મારું પણ કોઈ નથી, અને હું પણ કોઈનો નથી.
આજ સુધીમાં અનંતા દિકરાઓ તમારા ને મારા થઈ
ચુક્યા છે, અહીં સભામાં બેઠેલી દરેક વ્યક્તિ
અનંતીવાર મારા સંતાનરૂપે જન્મી ચુકી છે, અને હું
એમના સંતાન રૂપે જન્મી ચુક્યો છું, અનંતા દિકરાઓ
આપણા થઈ ગયા, અત્યારે આપણને જેમ એમની
સાથે કોઈ જ સંબંધ નથી. બરાબર એ જ રીતે
આ ભવ ના આપણા દિકરા સાથે પણ, આ ભવ
પુરો થાય પછી કોઈ જ સંબંધ રહેવાનો નથી.
સંતાન માટે મહેનત કરો, સંસ્કાર આપવા માટે
મહેનત કરો, એના આત્મા નું હિત થાય એવી
મહેનત કરો, અને આ હિતમાં ક્યારે તમે FAIL

DATE

થાય, તમારું આમ કંઈ ઉપજે નહિ, તમારું માનવા જ તૈયાર
ન હોય, બધા જ ઉપાયો FAIL થઈ જાય, હું તમને કહું
છું ત્યારે આર્તધ્યાન ના કરો, રોદણા ના રોવો, ત્યારે
તમે ચિંતા ની ભઠ્ઠીમાં શેકાવો નહિ, ત્યારે BYPASS
OPERATION તમે કરાવી લો, કે દિકરા તો આપણા હોતા
જ નથી. એક કવિએ બહુ મજાની વાત કરી છે

કોની દિકરી કોનો બાપ હું તો કાંચળીથી છું સાપ.
કોની દિકરી, કોનો બાપ. જેમ સાપ કાંચળી ઉતારે ને
એમ આપણે અનંતા પરિવારો ને ઉતારી ચુક્યા છીએ,
અને એ જે પરિવાર નું હિત કરી શકીએ, એમના આત્મા
નું કલ્યાણ કરી શકીએ એ વાત તો દુર છે, પણ એ એ
ના કરી શકીએ, તો એ છુટી જ જવાનું છે, જે કાંચળી
આપણે છોડવાના જ છીએ, એ જલ્દી છોડવી સારી છે
જેથી આપણું જીવન તો સમાધિમય બને. BYPASS
દિકરી સમજે તો સમજાવો, જ્યાં એની સમજવાની,
સુધરવાની શક્યતા જ નથી ત્યાં તમે સમજી લો, કે
તમારી દિકરી જ નથી, કારણકે હકીકતમાં એ તમારી
દિકરી નથી જ. ANGIOGRAPHY, ANGIO PLASTY,
BYPASS, STAGE NUMBER ચાર - HEART
REPLANT - SCIENCE ત્યાં સુધી પહોંચ્યું છે કે
નહિ એની ખબર નથી, પણ જિનશાસને અનાદિકાળથી
HEART REPLANT ની FORMULA આપણને આપી
છે, હૃદય આખું બદલાય જાય, DEFECT બધી જ
જતી રહે અને એવું હૃદય મળે જેમાં કોઈ
BLOCKAGE નહિ, કોઈ ATTACK નહિ, કોઈ
DEFECT ની શક્યતા જ ના રહે. હૃદય પરિવર્તનના
બે અર્થ છે, પહેલો અર્થ છે હૃદય માં પરિવર્તન, હૃદય
માં કોઈક DEFECT છે એને તમે CHANGE કરો
આનું નામ હૃદય પરિવર્તન. બીજો અર્થ છે હૃદયનું
પરિવર્તન જ્યાં આખું હૃદય જ CHANGE થઈ જાય

DATE

પરિવારથી, સંતાનો થી તમે ખુબ જ ત્રાસી ગયા હો
ધંધા,થી, શરીર થી, સમાજ થી તકલીફો નો કોઈ
પાર ના હોય, એ સમયે હું તમને કહું છું તમે
HEART REPLANT કરાવી દો, કોઈ ગીતાર્થ
સંયમી ગુરુભગવંત ની નિશ્રામાં ઉપાશ્રય માં દસ
દિવસ રહો, અને એમના માર્ગદર્શન અનુસાર તમે
સ્વાધ્યાય માં ડુબી જાઓ, તમારું HEART
RE-PLANT થઈ જશે, તમારા બધા જ દુ:ખો નું
તમારી બધી જ તકલીફો નું રહસ્ય એટલું જ છે
કે તમે જિનશાસન નું HEART REPLANT હજુ
સુધી લીધું નથી, જિનશાસન નું હૃદય એ
કલ્યાણ નું કારણ છે, સાંસારીક હૃદય એ
દુ:ખો નું કારણ છે, જે હૃદયે આપણને અનંતો
વાર નરક માં ધકેલી દીધા એ જ હૃદય ના
ઈશારે ચાલવું છે ?, કે જે જિનશાસન નું હૃદય
આપણો અનંત ભવિષ્યકાળ સુધારી દેવાનું છે
એના ઈશારે ચાલવું છે ?, તમારે નક્કી કરવાનું
છે. THE SURGERY OF PARENTING એનું
આજનું SESSION - HEART OPERATION એ
અત્યારે સમાપ્ત થાય છે, એની સાથે જ
THE SURGERY OF PARENTING આખી
SERIES સમાપ્ત થાય છે. સાચા મા-બાપ
બનજો સંતાનનું કલ્યાણ કરજો એવી ખુબખુબ
શુભેચ્છા સાથે, જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ બોલાયું
હોય તો મિચ્છામિ દુક્કડં